# સૂત્ર વાહિની

महिमा जलधिवद् व्याप्तः
बुद्धिर्मेऽल्पा वशानुगा
वर्णनं मम सौभाग्यम्
नाम्ना हि सूत्रवर्णिका

सूत्रं संक्षिप्तमुद्धिष्टम्
सूक्तं साधुसमन्वितम्
युक्तं च वर्णनं तस्य
ततो हि सूत्रमालिका

ભગવાન શ્રી સત્ય સાંઈ બાબા

# *અનુક્રમણિકા*

*પ્રકાશકની નોંધ* ........................................................................................................*૪*

પ્રસ્તાવના..........................................................................................................................૫

બ્રહ્મન્ ના સૂત્રોનોં પ્રવાહ ........................................................................................
૬
વેદો,દૈવી ધ્વનિ, ફક્ત ત્યાગ જ અમરત્વ બક્ષે છે,મનુષ્યત્વ પરમ શાંતિનું મૂર્ત સ્વરૂપ છે, સત્યને જાણવાની રીતો, સ્પષ્ટિકરણની પ્રક્રિયાપરમ તત્વની ખોજ.

૧. ત્યાર પછી બ્રહ્મ માટેની શોધ.......................................................................................૧૧
જાણવાની જીજ્ઞાસા, બ્રહ્મન્ ની તપાસ માટેની લાયકાત, છ પ્રાથમિક ગુણો, મુક્તિ માટેની ઉત્કટ ઇચ્છા, ખોજ માટેનું કારણ, તર્કની વ્યથર્તા, ચારિત્ર્યની પ્રાથમિકતા,'મને'અને 'મારા'ની આસક્તિનો ત્યાગ.

૨. બ્રહ્મન્ વિશ્વનો સ્તોત્ર, શક્તિ અને આધાર .................................................................. ૨૦
બ્રહ્મન્ એક શાશ્વત સત્ય, બ્રહ્મન્ બધા કારણોનું કારણ, પાંચ કુદરતી અથવા પ્રાપ્ત કરેલા લક્ષણો, જે બ્રહ્મનો અનુભવ કરે છે તે પોતે બ્રહ્મ બની જાય વિશ્વ નું રહસ્ય, ધર્મનો માર્ગ, વિશ્વ વિષેના વિરોધી સિધ્ધાંતો,ઈશ્વર,પરમ સર્જક, વિશ્વના માલિક(પિતા), વિશ્વ, દૈવી સંકલ્પ નું મૂર્ત સ્વરૂપ, સૂચક સંજ્ઞાઓ દેવત્વનું વર્ણન કરવાને અપૂરતી, દૈવત્વનો અપરિવર્તનશીલ ગુણ, ઈશ્વર સૌ પ્રથમ, માનવ છેલ્લો .

૩. બ્રહ્મ સર્વ જ્ઞાન નો સ્ત્રોત ........................................................................................ ૨૯

વેદોની બ્રહ્મમાંથી ઉત્પતિ, અને તેનું પ્રગટીકરણ કરે,વેદો સતત ઈશ્વરના વિચારોને શીખવે, પ્રહ્લાદનો ઈશ્વરમાં અતૂટ વિશ્વાસ, આનંદ પંચ કોષોનો હાર્દ છે. આધ્યાત્મિક આનંદ એ બ્રહ્મ છે, જેનું સુચન ઓમ દ્વારા થાય છે.

૪ . બધા વેદાંતિક સૂત્રો માત્ર બ્રહ્મને સ્થાપિત કરે છે.................................................... ૩૩

શાસ્ત્રો માત્ર દુનિયાના અનુસંધાનમાં જ નથી, જાગૃતિ એ તેની ચાવી છે. કાર્ય માટેની આસક્તિ નહી, કરીને સમર્પણમાં પરીવર્તન કરો, અધ્યાત્મિક જીજ્ઞાસા શારીરિક કોષથી શરૂ થાય અને આનંદમય કોષ પર પૂર્ણ થાય છે, બધા ધર્મોની સંવાદિતા.

૫. વિશ્વનું મૂળ કારણ પાર્થિવ દ્રવ્ય નહી પણ ચેતના છે ............................................. ૩૭
વેદો પ્રગટ કરે છે. સર્જન એઈશ્વરના સંકલ્પનું પરિણામ છે,વિશ્વ ઈશ્વરે ધારણ કરેલું શરીર છે, બધું જ બ્રહ્મ સિવાય બીજું કશું નથી, જાત માટેનો પ્રેમ બીજા બધા પ્રેમ નું મૂળ છે, દરેક વસ્તુ નું મૂળ પદાર્થ નહી પણ દૈવી સંકલ્પ છે.આત્મા અથવા બ્રહ્મન્ વ્યક્તિનો હાર્દ છે,બધું જ ચેતનવંત બ્રહ્મ છે.

૬. ભૌતિક વસ્તુઓ નહીપણ સર્વોત્તમ આત્મા એ મૂળ અસ્તિત્વ ધરાવનાર વસ્તુ છે........ ૪૧
આત્મા વિષેની જાગૃતતા એ મુક્તિની ચાવી છે, ઇન્દ્રિયદ્વારા પ્રાપ્ત થતા જ્ઞાનની ચાર અવસ્થા, બધું જ આત્મા છે –આત્મા બધું છે.

૭. દૈવી સંકલ્પ બધા કારણોનું કારણ.................................................................... ૪૫
ઈશ્વર વિશ્વનું ભૌતિક અને નિમિત્ત કારણ છે, સાચી દ્રષ્ટિ વિવિધતામાં એકતા પ્રત્યક્ષ કરે છે, ઈશ્વર કૃપા દ્વારા અમરત્વ મેળવો, ફક્ત બહિર્મુખ નહીં,પણ અંતરમુખ બનો, એકમ અથવા આત્મિક દ્રષ્ટિ એ અંતર અને બહિર બન્ને છે.

૮. વ્યક્તિ વૈશ્વિક બ્રહ્મન્ માં વિલીન થાય છે ............................................................ ૪૯
બ્રહ્મન્ શાશ્વત અસ્તિત્વ અને સંપૂર્ણ ચેતના બન્ને છે,પંચ મુખ્ય પ્રાણો શરીરમાં પંચાગ્નિને પ્રદિપ્ત કરે છે. શરીર આત્માનું (ઈશ્વરનું) મંદિર છે, અપરિવર્તન આનંદ એટલે પરમ ચેતના.

૯ . સર્વજ્ઞ બ્રહ્મન્ વિશ્વનું કારણ ........................................................................... ૫૨
વિશ્વ પરમ ચેતનાનું પ્રગટીકરણ છે, બ્રહ્મન્ એ મૂળભૂત રીતે આધ્યાત્મિક આનંદ છે. આત્મા પણ આધ્યાત્મિક આનંદ છે,સર્વોત્તમ આત્મા એ સત્- ચિત્- આનંદ છે.

૧૦. દૈવી ‘પ્રકાશ’ અને દૈવી ‘ચરણ’..........................................................
૫૭ દિવ્ય તેજ બધે જ પ્રકાશે છે, દુન્યવી પ્રકાશ સામે અમર્યાદિત દૈવી પ્રકાશ, દૈવી પ્રકાશએ સંપૂર્ણ પ્રબોધનકારક છે.

૧૧. બ્રહ્મન્ વિશ્વના પ્રાણ અથવા જીવન સમાન છે................................................... ૫૯
પ્રાણ વાયુ નો સૂક્ષ્મ અર્થ ફક્ત બ્રહ્મન્ જ છે. માત્ર બ્રહ્મન્ ઉપર જ ધ્યાન કરો ચાર મહા વાક્યો, દરેક અસ્તિત્વ માત્ર બ્રહ્મન્ છે.

૧૨. બ્રહ્મન્ એ સાર્વત્રિક ઉપદેશ છે.............................................................................. ૬૨
અદ્વૈત દ્રષ્ટિબ્રહ્મન્ નો અનુભવ કરાવે છે.

## ***પ્રકાશક ની નોંધ***

સૂત્ર વાહિનીની આ આવૃત્તિ આગળની આવૃત્તિઓ કરતાં સુધારેલી આવૃત્તિ છે. અર્થ માંફેરેફાર કર્યા વિના કેટલાક વાકયોની રચનામાં ફેરફાર કર્યા છે . જેથી તેની રજુઆત સ્પષ્ટ અને સરળ બને અને તેમાં વ્યાકરણની ભૂલો પણ સુધારી છે.વાંચન સહેલું થાય તેના માટે લાંબા ફકરાના બે ભાગ કર્યા છે.

સંસ્કૃત ન જાણનારા વાચકો આ પુસ્તક ને વાંચી શકે તે માટે તથા પુસ્તક નીચોક્કસાઈ જળવાઈ રહે તેમાટે કૌસમાં સંસ્કૃત શબ્દો મૂક્યા છે .આ નવી આવૃત્તિ ના વિશિષ્ટ લક્ષણો માં મોટા કદમાં કોમ્પ્યુટર પર બીબા ગોઠવી મોટાં અક્ષરો સરળ વાંચનની સગવડ માટે લીધા છે .આ ફેરફાર પછી એવી આતુરતાથી આશા રાખીએ છીએ કે આધ્યાત્મિક જીજ્ઞાસુઓ સૂત્ર વાહિની ની આ નવી આવૃત્તિને વધુ ઉત્સાહથી આવકારશે.

ક્ન્વીનર

સત્ય સાઈ બુક્સ અને પબ્લીકેશન ટ્રસ્ટ,
પ્રશાંતિ નિલયમ,pin 515134, ભારત

## ઉપોદ્ઘાત

સૂત્ર તેના અર્થના મર્મને થોડા જુસ્સાદાર શબ્દોમા વ્યક્ત કરે  છે. બ્રહ્મસૂત્ર વ્યવસ્થિત રીતે વેદાંત ના મૂળભૂત સિદ્ધાંતોને સમજાવે છે. વેદાંત એ પરમ તત્વ નું વિજ્ઞાન છે. જ્યારે તેના ઉપર ધ્યાન કરવામાં આવ્યું ત્યારે તેણે ગૂઢ આધ્યાત્મિક રહસ્યોને પ્રગટ કર્યા છે.

આજે, સંવાદિતાએ સમયની આવશ્યકતા છે. નશ્વર દુનિયાને આધ્યાત્મિક જાગૃતિની જરુર છે અને વેદાંતિઓ આનીજ કલ્પના કરી રહ્યા છે. વૈદિક શાસ્ત્રો આશ્વાસનપૂર્વકની  સલાહ આપે છે. તેઓની  દયાને કારણે આને પ્રકાશીત કરે છે.

આજે મનુષ્યની કૂ–દ્રષ્ટિ થઈ ગઈ છે. દેખીતી રીતે સાચી પણ તે જુઠ્ઠી ઘટના ઉપર તે (મનુષ્ય) મૂર્ખામી કરી રહ્યો છે. સાચી દ્રષ્ટિ (સુ–દ્રષ્ટિ ) તેને પ્રકૃતિના સર્જનમાં વિશ્વ વ્યાપકને ઓળખાવે છે. આ જાગૃતતાનો અનુભવ એજ મોક્ષ છે.મનુષ્યની જીંદગીનો  અંતિમ ધ્યેય બ્રહ્મન્  ની સતત અખંડ જાગૃતતાનો સાક્ષાત્કાર કરવો તે છે. તે બ્રહ્મન ની જાગૃતતાની કલ્પના બન્ને રીતે એક તો પ્રાથમિક,સંપૂર્ણ,સર્વોપરી,અમર્યાદિત અસ્તિત્વ અને બીજું તેમાંજ અંતિમ વિલિનીકરણ છે.

બ્રહ્મન્ઉપર ના આ સૂત્ર વાહીનીમાં ભગવાન સત્ય સાઈ બાબા એ બ્રહ્મન્ /આત્મા (દિવ્ય તત્વ)ઉપર જ્ઞાનનો વૈશ્વિક દીવો પ્રગટાવ્યો છે. આ સૂત્ર નો પ્રવાહ પહેલા ક્રમશ;સનાતન સારથીમાં આવ્યો હતો.ભગવાને તેમના અમર્યાદિત પ્રેમને કારણે ‘બ્રહ્મસૂત્ર ના અર્ક ને ‘બાર પસંદ કરેલા સૂત્રો મા વિસ્તારથી સમજાવ્યા છે. ભગવાનના અગાધ અને શ્રેષ્ટતમ શબ્દો તથા અધ્યાત્મિક વિદ્યા ખરેખર  ઘણા જ પ્રકાશ પાડનાર અને ઉન્નતિ કારક છે આવા પારદર્શક સ્પષ્ટ સૂત્રો ના પ્રવાહમાં જ્યાંરે વ્યક્તિ સ્નાન કરે છે ત્યારે સત્ય ની સાચી દ્રષ્ટિ અથવા સુદ્રષ્ટિ મેળવે છે . જે તેના ઉપર સર્વોપરી આનંદ બક્ષે છે.

ભગવાન બાબા ના શબ્દોમા”મનુષ્યના જન્મનો મુખ્ય હેતુ આ ઊચ્ચ જ્ઞાનની પ્રાપ્તિ થી જ પૂર્ણ થાય છે. આવું જ્ઞાન જ વ્યક્તિને સચેત કરે છે કે તે જડ અચેતન શરીર વિગેરે નથી પરંતુ તે ચેતના પોતેજ છે જે સત્–ચિત્–આનંદ રૂપે મૂર્ત થઈ છે. મનુષ્યમાં જ્યારે આ સત્ય જાગશે  અને તેનો અનુભવ કરશે,ત્યારે તે મુક્ત થઇ જશે ,તે જીવન મુક્ત બનશે.આ મનુષ્યની મૂળભૂત પ્રકૃતિ –માનવતાની દિવ્યતા–ના અનુભવની સ્થિતિ છે”.

મૂળ પ્રકાશકો

# *સૂત્ર વાહિની*

બ્રહ્મન્ વિષેના સૂત્રો નો પ્રવાહ

બધાશાસ્ત્રો તેમનું મૂલ્ય અને પ્રમાણભૂતતા તેમના સ્ત્રોત વેદોમાંથી પ્રાપ્ત કરે છે. વેદોમાં જે સિદ્ધાંતો અને હેતુ માટે તેની વ્યાખ્યા થઇ છે તેના અનુસંધાનમાં નિયમો અને વિધિવિધાનો નક્કી કરાયા છે. સારા અને ખરાબ વચ્ચેનો તફાવત નકકી કરવા માટે વ્યક્તિએ શાસ્ત્રોનો ઉપયોગ કરવો જોઈએ.

## વેદો,દિવ્ય વાણી–દૈવી ઉદગાર

વેદોના ઓળખાણ આપી શકાય તેવા કોઈ માનવ લેખક નથી. તેવો મનુષ્યમાંથી ઉદ્દભવ્યા નથી (અપૌરુષેય )તેવો ઈશ્વર પોતામાંથી ઉદ્દભવ્યા (બહાર આવ્યા) છે.અને સંતોએ જેમણે પોતાની જાતને ઈશ્વરના ધ્વનિ સાથે એકરાગ કરી છે તેમણે તે 'સાંભળ્યા' છે.આ સંતોએ તે શબ્દો તેમના શિષ્યોને શિખવ્યા એના પછી તેમણે તેમનાઅંતેવાસીનેએ રીતે શીખવ્યા. વેદો અને તેમાં સમાયેલું જ્ઞાન આ ક્રમમાં ગુરુ શિષ્યની પરંપરામાં એક પેઢી માંથી બીજી પેઢી માં આપણાં સમય સુધી શીખવવાનું ચાલી આવી રહ્યું છે.

ઉપનિષદો એ વેદોનું હાર્દ છે,તેમના ઉપદેશ નો અર્ક જ તે છે બ્રહ્મસુત્ર અને ભગવદ ગીતામાંઉપનિષદના બધા ઉપદેશનો સાર સમાયેલો છે.તેથી આ ત્રણે ધર્મશાસ્ત્રો.આધ્યાત્મિક વિજ્ઞાનનામૂળ ત્રણ શાસ્ત્રો છે,પ્રસ્થાન ત્રય 'તરીકે ઓળખાય છે.ગુરૂ પાસે સાંભળીને તે શીખાયા હોવાથી તેમણે પણ વેદોની સાથે,શ્રુતિનું નામ અપાયું છે.

ઉચ્ચ જ્ઞાન સંપાદન કરવાથી જ માનવ જન્મનો મુખ્ય હેતુ પૂર્ણ થાય છે. આવુંજ્ઞાનજ વ્યક્તિ ને સજાગ કરે છે કે તે જડ,અચેતન વિગેરે., શરીર નથી. પરંતુ તે પોતે ચેતન તત્વ જ છે અનેસત્ત-ચિત્-આનંદના મૂર્ત સ્વરૂપે પ્રગટ થયું છે. જ્યારે આ સત્યનો ઝબકારો થાય તથા અનુભવ થાય છે, ત્યારે માણસ મુક્ત થાય છે. અજ્ઞાનના ધુમ્મસમાંથી મુક્ત થાય છે. પછી ભલેને તેનીજીંદગી તેના સમય સુધી ચાલુ રહે. તે જીવતો હોય ત્યારે જ તે જીવન મુક્ત બની જાય છે.

માત્ર ત્યાગજ શાશ્વત્તા બક્ષે છે.
કૈવલ્ય ઉપનિષદે જાહેરકર્યું છે.

કર્મદ્વારા પણ નહીં, માનવશક્તિદ્વારા પણ નહી, સંપત્તિદ્વારા પણ નહીં, પરંતુ માત્ર ત્યાગ એકજ દ્વારા અમરત્વ પ્રાપ્ત કરી શકાય છે.

ન કર્મણા ન પ્રજયા ધનેન

ત્યાગેન એકે અમૃતતત્વ આનશું:

અહી કર્મ એ વિધિ વિધાનોના અનુસંધાનમાં છે જેવા કે બલિદાન, પવિત્ર અગ્નિની વિધિઓ, વ્રતો અથવા માનતાઓ, ધર્માદા, પવિત્ર યોજનાઓમાં દાન, જાત્રાઓ અને પવિત્ર નદીઓ અને સમુદ્રમાં વિધિ પૂર્વકના સ્નાનો આ બધાનો વિધિઓમાં સમાવેશ કરાયો છે. આવી પ્રવૃત્તિઓદ્વારા માણસ મુક્તિ મેળવી શકતો નથી.એટલે કે માણસ અજ્ઞાનના પડદાને હઠાવી શકતો નથી.

સંતાનોદ્વારા નહીં એટલે  કે મનુષ્યની શક્તિ(ન પ્રજયા) દ્વારા નહીં તેનો અર્થ સત્તાની પદવી અને બળ પ્રાપ્ત કરી, બુદ્ધિ અને કૌશલ્યની શક્તિથી જે લોકોનો અને વસ્તુઓનો ચાલાકીથી ઉપયોગ કરે, કીર્તિ અને વર્ચસ્વદ્વારા, વ્યક્તિગત મોહકતા, તંદુરસ્તી અને સુખથી,કે ઘણા બાળકો વાળા મોટા પરિવારથી – આ કોઈપણ વસ્તુ એને મુક્તિ આપી શકે તેમ નથી.

(ના ધનેના) પૈસાદ્વારા નહીં એટલે કે નીચેની વસ્તુઓ દ્વારા નહી: ઉપર દર્શાવેલ કાર્યો અને પ્રવૃતિઓ દ્વારા  અને જ્યારેમાણસ પાસે પૈસો હોય ત્યારે સત્તા મેળવવામાં સફળ થાય છે. જો માણસ પૈસાદાર ન હોય તો તે બલિદાનો કે કર્મો કરી શકે નહીં તેમજ સત્તા કે અધિકાર મેળવી શકે નહીં. પરંતુ ઉપનિષદ જાહેર કરે છે કે આધ્યાત્મિક જ્ઞાનને ધન સાથે સંબધ નથી. માત્ર આધ્યાત્મિક જ્ઞાન જ મનુષ્યને મુક્તિ તરફ દોરી જઈ શકે છે. તેથી મુક્તિ સંપતિના સાધનથી મેળવી શકાતી નથી. સંપતિ મુક્તિને મેળવવાનું સાધન નથી.

તો પછી સાચું સાધન કયું છે? જવાબ આ છે.

(ત્યાગેન એકે અમૃતત્વમ આનશુ:)

***માત્ર ત્યાગ જ શાશ્વત્તા  બક્ષે છે.***

જગત (ભૌતિક દુનિયા) સાચું નથી, તેનું અસ્તિત્વજ નથી અને તે સાચું છે તેવી ગેરસમજ છે તેને કાઢી નાંખવાની જરૂર છે. મૂળ સ્વરૂપ જે આધ્યાત્મિક સમજ અથવા જ્ઞાન છે તેના ઉપર આપણા મને ભૌતિક દુનિયાનો વિચાર ઠોકી બેસાડયો છે.(અધ્યાસ).જોકે ભૌતિક દુનિયા સાચી દેખાય છે, પરંતુ વ્યક્તિએ સચેત રહેવાનુ છે કે તે આપણને ભ્રમિત કરે છે. એના પરિણામ રૂપે વ્યક્તિએ પદાર્થો જે દેખાય છે અને આકર્ષે છે તેમાંથી આનંદ મેળવવાની આકાંક્ષા, અહિયાં અને અહીં પછીની દુનિયા માટે પણ છોડી દેવી જોઈએ, એટલે એમ કહેવાનું કે, વ્યક્તિ જેવી બધી ઈચ્છાઓ અને આસક્તિઓ છોડી દે છે તેવો તરત જ જીવન મુક્ત થાય છે. વ્યક્તિ જ્યારે આત્માના સિદ્ધાંતને જાણે છે ત્યારે જ અજ્ઞાનનો વિનાશ થાય છે. જ્યારે અજ્ઞાન અદ્રશ્ય થાય છે, ત્યારે સંસારની ચડતી પડતી અથવા ઊંચા નીચાથી જે દુ:ખ પેદા થાય છે તેનો પણ નાશ થાય છે.

***<u>અખિલ માનવજાતિ પરમાનંદનું મૂર્ત સ્વરૂપ છે</u>***

અજ્ઞાન અને દુ:ખનો, ધાર્મિક વિધિઓ અને કર્મ કાંડોથી વિનાશ થઈ શકે નહીં; આ પાઠ આપણને ઉપનિષદો શીખવે છે. ખરેખર તો, હમણાં એવું થઈ રહ્યું છે કે લોકો તેમના મૂળ સ્વભાવને જ ભૂલી ગયા છે. તેઓ એમ માને છે કે તેઓ આ શરીર, ઇન્દ્રિયો વિગેરે., છે. તે ભૌતિક સુખની તૃષ્ણા રાખે છે, અને લોકો તેમના મનને એમ સમજાવી લે છે કે તેમની જાતને આ સુખ જોઈએ છે, અને તે ખોટા ખ્યાલ નીચે, તેઓ તે માંગણીઓને સંતોષવા માટે પ્રયત્નો કરે છે. તેઓ તેમની જાતનેજ ભ્રમમાં નાંખે છે કે શરીર અને ઇચ્છાઓની માંગને સંતોષીને તેઓ આનંદને પ્રાપ્ત કરી શકે છે. તેમ છતાં, આવા પ્રયત્નો આનંદ પ્રાપ્ત કરી શકતા નથી. તેને બદલે, તેના બદલામાં તેમને હાર, ભ્રમ અને ભારે અનર્થ મળે છે. તેઓ આનંદને બદલે દુ:ખ મેળવે છે.

ભૌતિક સુખમાં લપેટાવાથી અંતે તો દુ:ખ જ મળે છે, તેથી વ્યક્તિને આનંદ મેળવવાના સાચા સાધનો તરફ વાળવાની જરૂર છે. માણસ ક્યાથી આનંદને મેળવી શકે છે? બહારના પદાર્થોની અંદર તે રહેલો નથી. બાહ્ય પદાર્થોમાંથી જે આનંદ મેળવી શકાય છે તે તેમની સાથે દુ:ખને પણ લાવે છે.

ઉપનિષદો, બ્રહ્મ સૂત્ર અને ભગવત ગીતા – ત્રણ સ્રોત શાસ્ત્રો છે- તમે આનંદના મૂર્ત સ્વરૂપો છો તે સત્યને સ્પષ્ટ કરી દે છે. આ ત્રણ મુખ્ય સાધનોજ લોકોને સર્વોત્તમ જ્ઞાન મેળવવાને મદદ કરે છે.

## સત્ય જાણવાની પધ્ધતિઓ

**બ્રહ્મ**સૂત્રોના વચનોનો અર્થ સમજવો મુશ્કેલ છે. જ્યાં સુધી વ્યક્તિ જરૂરી લાયકાત પ્રાપ્ત નથી કરતો, ત્યાં સુધી તે તેના અર્થને ઉકેલી શકી તેના ઉપર પ્રભુત્વ મેળવી શક્તો નથી.

તો પછી, તેને માટેની લાયકાતો શું છે? શાસ્ત્રોએ ચાર આધ્યાત્મિક સાધના નિશ્ચિત કરી છે, જેને પાળવાથી આપણીજાત વિષેના સત્યને જાણવા માટેની પ્રાથમિક લાયકાત પ્રાપ્ત થાય છે. જ્યારે વ્યક્તિ તેનાથી સજ્જ થઈ જાય છે ત્યારે તે સૂત્રોનો અર્થ હથેલીમાં મુકેલા ફળના જેટલો સ્પષ્ટ થઈ જાય છે.

બ્રહ્મસૂત્રને શારીરિક શાસ્ત્ર અને વેદાંત દર્શન પણ કહેવામાં આવે છે. શરીર એટલે ભૌતિક શરીર અને શારીરિક એટલે શરીરમાં રહેલા આત્માના બધા ઘટકો જેવાકે-અહંકાર, ઇન્દ્રિયો વિગેરે., શાસ્ત્રો એનો અર્થ એવો કરે છે કે,'તે બધાના લક્ષણોની બની શકે તેટલી હદ સુધી તપાસ કરવાની,' એટલે એમ કહેવાનું કે, શાસ્ત્રો એમ સ્થાપિત કરે છે કે બ્રહ્મન (વિશ્વ

વ્યાપી આત્મા) મૂળ આધાર છે અને જેની ઉપર બીજું બધું લદાયેલું છે અને તેની સત્યતા પરમાનંદ પોતેજ છે.

હવે વેદાંત દર્શન નામ વિષે: દર્શનનો અર્થ દ્રષ્ટિ અને તે સત્ય માટેનો અનુભવ અથવા દ્રષ્ટિને ઉતેજન આપે છે. દર્શનો ઘણા જાણીતા છે. જેમને આવી દ્ર્ષ્ટિની બક્ષિસ મળી છે તેવા સંતોએ સમજાવ્યા છે. સાંખ્ય દર્શન કપિલ મુનિએ સ્થાપ્યુ છે. ન્યાય દર્શનના કર્તા ગૌતમ છે,વૈશેષિકના કણાદ,પૂર્વ મિમાંસાના જ્યમિની અને ઉતર મિમાંસાના વેદ વ્યાસ રચિયતા છે. ઋષિઓ એવું માને છે કે આ બધામાં કપિલ અને વેદવ્યાસ વિષ્ણુના પોતાના આંશિક અવતારો છે. વેદ વ્યાસના બ્રહ્મસૂત્રએ ઉતર મિમાંસાને અથવા વેદાંત દર્શનને મંજૂરી આપી એકત્રિત કર્યા છે.

## સ્પષ્ટિકરણની પ્રક્રિયા

બ્રહ્મસૂત્રએ સત્યને સ્પષ્ટ રીતે સમજાવવા પૂર્વ પક્ષ અને સિદ્ધાંત સ્થાપિત કરવાની પ્રક્રિયાને સ્વીકારી છે. સૂત્રોએ વિરોધી વિચારોના મુદ્દાઓ ઉપર ચર્ચા કરીને વેદાંતના તથા ઉપનિષદોના નિવેદનોના અર્થને તથા પ્રમાણભૂતતાને જાળવવા શક્ય એટલી બધી શંકાઓ દૂર કરી છે.  શરીર ‘જીવાત્મા’ની ‘ઉપાધી‘તરીકે ગણીને બ્રહ્મસૂત્ર તેના મૂળ સ્વરૂપને સમજાવે છે. તેથી બ્રહ્મસૂત્ર ને જ્ઞાનની અંતિમ દ્રષ્ટિ (વેદાંત દર્શન)કહે છે.

સૂત્રોની સંખ્યા પુસ્તકમાં 555 છે,કેટલીક સ્કૂલો તેમને ૪૪૯ ગણે છે. સૂત્ર શબ્દ નો અર્થ ‘જે માત્ર થોડા શબ્દો દ્વારા,વિશાળ અર્થોને સમજાવે છે.

## પરમ સત્યની જીજ્ઞાસા

મીમાંસા શબ્દ, પ્રાચીન ભારતના તત્વજ્ઞાનમાં વપરાયો  છે. જેનો અર્થ એ થાય છે કે જે નિષ્કર્ષ પર આવ્યા છે તે પૂરી ચકાસણી અને શોધ તપાસ કરીને આવ્યા છે. શક્ય એટલી શંકાઓ અને વિકલ્પો ઉપર ઊંડાણથી વિચાર કરીને જે નિષ્કર્ષને સાચા તરીકે સ્વીકાર્યા છે.

વેદો બે વિચાર ધારા ઉપર ધ્યાન આપે છે; ધર્મ અને બ્રહ્મન,પૂર્વ મીમાંસા વિધિઓ અને ક્રિયાકાંડો (કર્મ) ને ધર્મ તરીકે બતાવે છે. ઉત્તર મીમાંસા બ્રહ્મન અને અનુભવયુક્ત જ્ઞાન ઉપર ભાર મૂકી તેની સાથેની વાતો કરે છે.

પૂર્વ મિમાંસાની શરૂઆત આ સૂત્રથી થાય છે.

ત્યાર પછી, ધર્મ જીજ્ઞાસા શરૂ થાય છે. (અથાતો ધર્મ જીજ્ઞાસા).

ઉતર મિમાંસાની  શરૂઆત ,

ત્યાર પછી, બ્રહ્મની જીજ્ઞાસા શરૂ થાય છે. (અથાતો તો બ્રહ્મ જીજ્ઞાસા).

બ્રહ્મન માટેની જાગૃતતા સંપતિ એકઠી કરવાથી કે પૈસાને દાનમાં આપવાથી પ્રાપ્ત કરી શકાતી નથી. તેમજ પુસ્તકો વાંચવાથી,સત્તા મેળવવાથી,ઉપાધિઓ તેમજ પ્રમાણપત્રો મેળવવાથી અથવા શાસ્ત્રો પ્રમાણે નિયુક્ત કરેલા યજ્ઞો દ્વારાં કે કર્મકાંડ દ્વારા તે મેળવી શકાતી નથી.

શરીર કીડીનો રાફડો છે. જેમાં મન તેની બખોલમાં રહેલું છે. મને પોતાની અંદર અજ્ઞાન રૂપી સાપને સંતાડી રાખ્યો છે. સંતોષ થાય તેવા કર્મો (કામ્ય કર્મ)નો આસરો લેવાથી પણ તે સાપને મારી શકતો નથી. અધ્યાત્મિક જ્ઞાન એકજ શસ્ત્ર છે. જે તેને મારી શકે છે.

જે માણસમાં શ્રધ્ધા  છે માત્ર તે માણસજ જ્ઞાન પ્રાપ્ત કરી શકે છે.(શ્રધ્ધાવાન લભતે જ્ઞાનમ) શ્રધ્ધા એટ્લે શાસ્ત્રોએ જે ફરમાનો રચ્યા છે તેમાં દ્રઢ વિશ્વાસ.

******

## ત્યાર પછી, બ્રહ્મ વિષેની પૂછપરછ

## (અથાતો બ્રહ્મ જીજ્ઞાસા)

સૂત્રમાં,થોડા શબ્દોમાં, તેના વિશાળ ક્ષેત્રના અર્થને, તથા મૂળભૂત ભાવાર્થની વિશાળ ઊંડાણને સમાવી લેવામાં આવ્યું છે. બ્રહ્મસૂત્ર વેદાંતના વિજ્ઞાનને રચે છે. તેઓએ બધા ઉપનિષદોમાંથી વિવિધ રંગોના ફુલોને પસંદ કરી એકઠા કર્યા છે અને તેમને બધાને સાથે દોરામાં પરોવી મનમોહક હાર બનાવ્યો છે. વ્યક્તિની સમજણ, શ્રધ્ધા પસંદગી, અનુભવ અને આનંદ પ્રમાણે જુદી જુદી રીતે, દરેક સૂત્રને વિસ્તારીને સમજાવી શકાય છે.

## જાણવાની જિજ્ઞાસા

પહેલું સૂત્ર છે અથ –અત:- બ્રહ્મ-જીજ્ઞાસા, શરૂઆતના અથ ના ઘણા શાબ્દિક અર્થો છે, પરંતુ આ સૂત્રમાં,'ત્યાર પછી` એ યોગ્ય ભાવાર્થ છે. તેથી, પ્રશ્ન ઊભો થાય છે 'શાના પછી?,` તે દેખીતુ છે કે 'બ્રહ્મના સ્વભાવ વિષે જાણવાની ઈચ્છા` એ વાતનું સૂચન કરે છે (બ્રહ્મ જીજ્ઞાસા) આનો અર્થ એમ છે કે ' પછી આ જાતની જીજ્ઞાસા ઉત્પન્ન થઈ છે,` આ જીજ્ઞાસા કેવી રીતે ઉત્પન્ન થઈ શકે? જ્યારે વ્યક્તિ યોગ્ય લાયકાત મેળવે છે ત્યાર પછી જ તેના મનમાં તે ઉત્પન્ન થઈ શકે છે. 'ત્યાર પછી` નો અર્થ,'આવી લાયકાતોથી પોતાની જાતને સજ્જ કર્યા પછી.,

## બ્રહ્મનવિષે પૂછપરછ કરવા માટેની લાયકાત

બ્રહ્મને સમજવા માટે, વેદાંતનો અભ્યાસ કરવો જરૂરી છે, જો વેદો માત્ર શીખ્યા જ હોઈએ તો, જીજ્ઞાસાનું ફળ પ્રાપ્ત ન થાય.

બ્રહ્મ જાણવા માટેની આકાંક્ષાની લાયકાતોમાં પ્રાથમિક લાયકાતોમાં પહેલું વિવેક- શાશ્વત અને ક્ષણિક વચ્ચેનો તફાવત-બીજા શબ્દોમાં, આત્મા એકજ માત્ર સમયથી પર છે અને જોવાની તથા બીજી ઇન્દ્રિયો દ્વારા જે બધા પદાર્થોની જાણ થાય છે તે ફક્ત ક્ષણિક છે તે શોધી કાઢવું.માત્ર આત્મા એકલોજ અપરિવર્તનશીલ છે. માત્ર તે એકજ નિત્ય સત્યછે. લાંબા સમય સુધીની તપાસને પરિણામે, માણસે આ દ્રઢ માન્યતાને સમજી લઈ તેમાં સ્થિર થઈ જવાનું છે.

બીજી લાયકાત છે: હમણાંના અને હવે પછીના,માણસના કર્મોના ફળને ભોગવવાની ઈચ્છાનો ત્યાગ (ઇહ –અમૂત્ર –ફળ –ભોગ –વીરાગ). માણસે વિચાર કરીને સમજવું જોઈએ કે સુખદુ:ખની ક્ષણિકતા,જ મનને દૂષિત કરી અસર કરે છે. ત્યારે માણસને ખાત્રી થશે કે બધી જ વસ્તુઓ પરીવર્તનશીલ છે,તેઓ બધી ક્ષણિક છે,તે માત્ર દુ:ખ જઉત્પન્ન કરે છે. ત્યાર પછી ,અનાસક્તિની લાગણી મનમાં પેદા થશે. અનાસક્તિ અથવા વિરક્તિનો અર્થ એવો નથી થતો

કે ઘર અને સંસારને,તથા પત્ની અને બાળકોને ત્યજી દેવા અને જંગલમાં જઈ ને રહેવું. જગત ક્ષણિક છે તે વાતથી તે પૂરેપરો જાગૃત રહે છે, અને તે જાગૃતતાના પરિણામે 'હુ 'અને 'મારા'ની લાગણી કાઢી નાંખે છે.

ત્રીજી લાયકાતમા છ ગુણોનો  સમાવેશ છે: મનનો કાબૂ, શરીર અને ઇન્દ્રિયો ઉપર કાબૂ સંવેદનશીલ વસ્તુઓમાંથી મનને પાછું ખેચી લેવું,સહનશીલતા,દ્રઢ વિશ્વાસ, અને સમતા (સમ,દમ,ઉપરતી,તિતિક્ષા, શ્રધ્ધા અને સમાધાન).

**છ પ્રાથમિક ગુણો**

મનનો કાબૂ (સમ): મન ઉપર કાબૂ લાવવાનું કામ ઘણું કઠણ છે. મન બંધન પણ લાવી શકે છે,તેમજ તે મુક્તિ પણ અપાવી શકે છે. તે રાજસિક અને તામસિક વૃતિઓ નું મિશ્રણ છે. તે સહેલાઈથી દૂષિત થઈ શકે છે. વસ્તુના સાચા સ્વભાવને છુપાવી પોતે ઈચ્છા કરે તે મૂલ્યો અને સ્વરૂપોનું તેના ઉપર આવરણ કરવાની તેને મજા આવે છે. તેથી મનની પ્રવૃતિઓનું નિયમન કરવાની જરૂર છે.

મનના બે લક્ષણો છે. પહેલું તે ઇંદ્રિયોની પાછળ તે પરાધીન બનીને દોડે છે. જે પણ ઈન્દ્રીયને મન અનુસરે છે, તે ભારે અનર્થને આમંત્રે છે. જ્યારે પાણીનો ઘડો ખાલી થઈ જાય છે,ત્યારે આપણે એવું અનુમાન કરવાની જરૂર નથી કે દસ કાણાંમાંથી પાણી નીતરી ગયું,એક કાણું પણ તેને ખાલી કરવા પુરતું  છે. તે જ પ્રમાણે, જો એક ઈન્દ્રીય પણ કાબૂ બહાર હોય,વ્યક્તિ બંધનમાં જકડાઈ જાય છે. તેથી દરેક ઇન્દ્રિય ને કાબુમાં લેવાની જરુર છે. બીજું,મનની શક્તિને જપ,ધ્યાન, ભજનો ગાવાથી અને પૂજા કરવાથી વધારી શકાય છે. આ રીતે મનની તાકાત અને કુશળતાને વધારવાથી, મન દુનિયાને મદદ કરી શકે અથવા નુકશાન કરી શકે છે. તેથી આ રીતે આધ્યાત્મિક સાધનાથી જે માનસિક શક્તિ પ્રાપ્ત કરી છે તેને ખોટા માર્ગ પર જતી વાળવી જોઈએ,અને મનના કાબુથી નિયંત્રણમાં રાખવી જોઈએ . બુધ્ધિ વડે ઇન્દ્રિયોને દોરવી જોઈએ . તેમને મનનાં કાબૂમાંથી મુક્ત કરવી જોઈએ,ત્યાર પછી અધ્યાત્મિક પ્રગતિ મેળવી શકાય છે.

મન એ વિચારોનો સમૂહ છે, અને ઈચ્છાઓ અને તૃષ્ણાઓનો ગુંચવાડો છે. જેવો આશા કે ઈચ્છાઓનો વિચાર મનમાં તેનું માથું ઊચું કરે, કે તરત બુધ્ધિએ તેનું મૂલ્ય તથા તેની જરૂરિયાત તપાસવી જોઈએ – તે સારી છે કે ખરાબ, તે મદદ રૂપ છેકે નુકશાનકારક, તે ક્યાં દોરી જશે  અથવા એનો અંત શું છે. જો મન તે તપાસને વશ ન થાય, તો તે પોતે વિનાશના માર્ગ ઉપર ઊભો રહેશે. જો તે બુધ્ધિને વશ થશે તો, તે સાચા રસ્તા  ઉપર આગળ વધશે.

લોકો પાસે ત્રણ મુખ્ય સાધનો તેમની જાતના ઉધ્ધાર માટે છે: બુધ્ધિ, મન અને ઈન્દ્રીયો,જ્યારે મન ઇન્દ્રિયોનો ગુલામ બની જાય છે. ત્યારે માણસ તેના ફાંદામાં સપડાઇ જઈ બંધાઈ જાય છે. તેજ મન જ્યારે બુધ્ધિથી નિયંત્રિત થાય છે, ત્યારે તે માણસને તેના સ્વ સ્વરૂપ આત્માને ઓળખી શકે છે. આથી મન બંધન યા મુક્તિના કારણ તરીકે પ્રખ્યાત છે.

શરીર અને ઈન્દ્રીય નિયંત્રણ (દમ:) છમાંનો બીજો ગુણ છે- શરીર અને ઈન્દ્રીયો ઉપર નિયંત્રણ બીજી કોઈ રીતે નહીં પણ માત્ર સાધના દ્વારા જ કરી શકાય છે. માણસે તેનો અમૂલ્ય સમય ફાલતુ વસ્તુમાં વેડફી નાંખવો ન જોઈએ. માણસે હંમેશા જાગૃત રહેવું જોઈએ. માણસે તેની જ્ઞાનેન્દ્રિય અને કર્મન્દ્રિય તથા શરીરની અનુકૂળતા પ્રમાણે ઉમદા કાર્યોમાં તેમને વ્યસ્ત રાખવા જોઈએ, આળસને (તમસ) અંદર દાખલ થવાને કોઈ તક આપવી ન જોઈએ. દરેક કાર્ય બીજાનું સારુ થાય તે રીતે કરવા જોઈએ. દૈનિક પ્રવૃતિઓ  વ્યક્તિનો સ્વધર્મ દર્શાવે છે તે કરવાથી શરીર અને ઈન્દ્રીયો માટે તે આધ્યાત્મિક સાધનામાં ઉન્નતિ કરવામાં સહાય કરે છે.

ઈન્દ્રીયોના પદાર્થોમાંથી મનને ખેંચી લેવું (ઊપરતી:) ત્રીજો ગુણ વિષયોમાંથી ઈન્દ્રીયોને ખેંચી લેવી. આ મનની એ સ્થિતિને સૂચિત કરે છે, જે દ્વૈત્ ભાવથી ઊંચી અને પર છે. જે સામાન્ય માણસને ઉશ્કેરીને અસર કરે છે. જેવાકે સુખ અને દુ:ખ,સારુ અને ખરાબ, ગમો અને અણગમો, નિંદા અને સ્તુતિ, આ દ્વૈત ભાવથી તે પર થઈ જાય છે. આ દુન્યવી અનુભવો આધ્યાત્મિક સાધના દ્વારા અથવા બુદ્ધિ પૂર્વકની પૂછપરછ દ્વારા જીતી શકાય અથવા દૂરકરી શકાય છે. લોકો આ વિરોધી અને દ્વૈતોંમાંથી છટકી શકે છે અને સંતુલન અને સ્થિરતા મેળવી શકે છે.

દૈનિક જીવનની પ્રવૃતિ કરતાં કરતાં ભેદો અને તફાવતોના બંધનના ફાંદાને દૂર રાખી શકાય,તો વિષયોમાથી ઇન્દ્રિયોને ખેંચી શકાય છે. વ્યક્તિ એ પોતાની જાતને જ્ઞાતિના જેવીકે બ્રાહ્મણ,ક્ષત્રિય,વૈશ્ય,અને શૂદ્ર ના તફાવતના સિક્કા અથવા કુળના,તેમજ અવસ્થાઓ જેવી કે કિશોર,યુવાની, પ્રૌઢ અને વૃધ્ધાંવસ્થા,અથવા જાતિ જેમ કે નર,નારી આ બધા થી મુક્ત રાખવાની છે. જયારે માણસ આ બધાને રદિઓ આપવામાં સફળ થાય અને માત્ર આત્મ તત્વના અસ્તિત્વને દ્રઢ રીતે સ્થાપિત કરે,ત્યારે વ્યક્તિએ વિષયોમાથી ઇન્દ્રિયોને ખરેખર ખેંચી લીધી હોય છે.

દુનિયા તરફ દુન્યવી નજરથી ન જુઓ તેના તરફ આત્માની નજરથી જુઓ,પરમાત્માના પ્રતિબિંબ થતા ચિત્ર તરીકેજુઓ,તેનાથી માણસ દ્વૈતની ક્ષિતિજોને પાર કરી એકતાના ક્ષેત્રમાં પ્રવેશ કરી શકશે. લોકોએ સ્વરૂપો અને નામો ઠોકી બેસાડયા છે તેને લીધે એકનો અનેક રીતે અનુભવ થાય છે.તેના પરિણામે મન રમત રમે છે. ઇન્દ્રિયોને વિષયોમાથી

ખેંચી લેવાથી –ઉપરતી –તેનાથી બાહ્ય શોધ જે પ્રવૃતિ છે તે નહીં પણ આંતરિક શોધ જે નિવૃતિ છે તેમાં આગળ વધાય છે. આંતરિક શોધ એ બૂધ્ધિની પૂછપરછનો માર્ગ છે (જ્ઞાન);બાહ્ય શોધ સાથે કર્મ માર્ગ રહ્યો છે.

પવિત્ર પ્રવુત્તિઓ જેવી કે વિધિઓ અને યાગો જે વેદોમાં લખાયા છે. તે જન્મ મરણના બંધનમાથી મોક્ષ નહીં આપી શકે. તેઓ માત્ર અંત:કરણને શુધ્ધ કરવામાં મદદ કરે છે. તેઓ લોકોને સ્વર્ગમાં ઉપર લઈ જાય છે, પરતું સ્વર્ગ પણ માત્ર બંધન જ છે. તે શાશ્વત મુક્તિનું વચન નથી આપતુ.

મુક્તિ જે માણસને પોતાના વિષેના સત્ય માટે જાગૃત કરે છે, તે માત્ર ગુરૂને સાંભળવાથી, જે સાંભળ્યું છે તેના ઉપર મનન કરવાથી અને તેના મહત્વ અને પ્રમાણભુતતા ઉપર નિદિ-ધ્યાસન કરવાથી મળે છે. માત્ર જેમણે ઈચ્છાઓમાંથી તેમના મનને અનાસક્ત કર્યું છે. તેમને જ ગુરુનો લાભ મળે છે. બીજાઓને માર્ગદર્શનથી લાભ થતો નથી. જેઓ તેમના કર્મોના ફળની આશા રાખી રાહ જોઈને બેસી રહ્યા છે. તેઓ જ્યાં સુધી તેમનું અંત:કરણ શુધ્ધ ન થાય ત્યાં સુધી તેઓ કર્મોમાં પ્રવૃત રહી શકે છે. ત્યાર પછી, તેમના કર્મોની કોઈ કિંમત નથી. તેથી, માણસેહંમેશ આત્મા જે સર્વવ્યાપ્ત અને દરેક વસ્તુમાં રહેલો છે, તે માટે સતત જાગૃત રહેવાનુ છે. જેથી આકર્ષણ અને અણગમો, દ્વન્દનો ગૂંચવાડો, તેને અસર નહીં કરી શકે.

સહનશીલતા (તિતિક્ષા) ચોથો ગુણ, સહનશીલતાની ભાવના, બીજાની દ્રુષ્ટતા કે કૃતઘ્નતા તરફ અને દુ:ખ કે ગેરલાભથી કોઈપણ દુ:ખની અસર ન પામવી તે જાતનું વલણ તિતિક્ષા કહેવાય છે. ખરેખર વ્યક્તિ શાંત અને સુખી હોય છે, કારણ તે જાણે છે કે તેના જ કર્મોનું પરિણામ તેના તરફ પાછું ફરી રહ્યું છે, અને જેઓ તેને દુ:ખ પહોંચાડી રહ્યા છે તેઓ મિત્રો અને શુભેચ્છકો છે તેમ વિચારે છે. તે તેનું સાટુ વાળતો નથી કે તેમનું બૂરું ઈચ્છતો નથી. તે બધા પ્રહારો શાંતિથી અને આનંદથી સહન કરે છે.

લોકોનો સામાન્ય પ્રત્યાઘાત, પછી તેઓ ગમે તે હોય, જ્યારે કોઈ તેમને દુ:ખ પહોંચાડે ત્યારે બદલામાં તેને દુ;ખ પહોંચાડવાનો છે, જ્યારે કોઈ તેમનેનુકશાન કરે, તો તેનું નુકશાન કરવાનું, જ્યારે તેનું અપમાન કરે ત્યારે એક ય બીજી કોઈપણ રીતે તેનું અપમાન પાછું વાળવાનું, આ દુન્યવી માર્ગના (પ્રવૃતિ) લક્ષણો છે.– આ પદાર્થોમાં સંડોવવાનો માર્ગછે. જેઓ આંતરિક માર્ગ શુદ્ધિકરણ અને નિવૃતિની આકાંક્ષા કરે છે તેમણે આવી પ્રતિક્રિયાઓને અવગણવી જોઈએ.

ઈજાનો બદલો ઈજાથી, નુકશાનનો નુકશાનથી, અથવા અપમાનનો બદલો અપમાનથી કરવામાં તે કર્મનો ભાર વધારે છે, જેને ભવિષ્યના જન્મોમાં સહન કરી દૂર કરવા

પડે છે. આ ભારને 'આગામી' કહેવાય છે. વ્યક્તિને પોતાના વિચારો, શબ્દો અને કર્મોના પરિણામોને યોગ્ય સમય આવતા ભોગવવાજ પડે છે, તે તેમાંથી બચી શકતો નથી. દૃષ્ટનો બદલો દૃષ્ટતા કરવાથી કર્મનો ભાર હલકો થતો નથી; તે વધુ ભારે બને છે. કદાચ તે તાત્કાલિક રાહત અને સંતોષ આપે, પરંતુ તે માણસને ભવિષ્યમાં દુ:ખીકરે છે. તેથી, સહનશીલતા લોકોને જેઓ ઈજા કરે છે તેનું સારું કરવાનું શીખવે છે.

શ્રધ્ધા (દ્રઢ વિશ્વાસ ) જે ગુણો કેળવવાના છે તેમા, પાંચમા સ્થાને દ્રઢ,અચળ શ્રધ્ધા –પવિત્ર શસ્ત્રોમાં વિશ્વાસ તથા જે નૈતિક નિયમો શાસ્ત્રોએ બતાવ્યા છે તેમાં, તથા આત્મા અને ગુરુમાં હોવી જરૂરી છે. વિશ્વાસ એ શ્રધ્ધાની નિશાની છે.

શાસ્ત્રોની રચના દુનિયાની શાંતિ અને સમૃધ્ધિની ખાત્રી આપે અને માનવજાતિની આધ્યાત્મિક પૂર્ણતા આપે તે રીતે કરવામાં આવી છે. તેમની સામે આ મહાન ધ્યેય છે: તેઓ તેમને સાક્ષાત્કારનો માર્ગ બતાવે છે. તેથી, માણસે આવા પવિત્ર શાસ્ત્રોમાં, ગુરુમાં (ઉપદેશકો), અને વડીલોમાં વિશ્વાસ મૂકવો જોઈએ.

ગુરુઓ જરૂર પૂજનિય છે. કારણ તેઓ આપણને અંતિમ ધ્યેયનો માર્ગ (શ્રેયોમાર્ગ) બતાવે છે. ગુરુઓએ તેમના તરફથી, લોકોને માત્ર 'એકજ આત્મા બધા પ્રાણીઓમાં અંતર્ભૂત છે તેનું જ્ઞાન આપવું જોઈએ. (સર્વ જીવાત્મૈકય જ્ઞાન). જેનામાં અચળ શ્રધ્ધા છે તે જ્ઞાનને મેળવી શકશે. ગુરુઓને પોતાને પણ તેમાં શ્રધ્ધા હોવી જોઈએ અને તે શ્રધ્ધા પ્રમાણે તેમાં કોઈપણ ફાંટા પાડ્યા વિના તેમણે જીવવું જોઈએ.

સમાધાન: સમાધાન છ્ઠ્ઠો ગુણ છે. માણસે શંકા વિના ખાત્રીથી માની લેવાનું છે કે શાસ્ત્રોએ જે કહ્યું છે અને ગુરુ જે શીખવે છે તે એકજ છે. દરેક સમયે અને દરેક સંજોગોમાં માણસની બુધ્ધિએ આત્મા ઉપર આધાર રાખીતેની પાસેથી પ્રેરણા મેળવવાની છે. મુમુક્ષુઓ જેઓ આધ્યાત્મિક પ્રગતિની ઈચ્છા રાખે છે તેમણે તો માત્ર અપરિવર્તનશીલ વૈશ્વિક ચેતના સાથે જ આસક્ત થવાનું છે. બધા કર્મો પાછળ ઈશ્વરનો આનંદ જ તેમનો ધ્યેય હોવો જોઈએ. તેણે શાસ્ત્રોના ફરમાનો ઉપર અતૂટ વિશ્વાસ રાખવાનો છે: બધા જીવંત પ્રાણીઓ ઈશ્વરના પાસા અને અંશો છે. આ વિશ્વાસને પાકો કરવા અને મજબૂત બનાવવા,વ્યક્તિએ બધા પ્રાણીઓ તરફ સમાન નજરે જોવાનું,આ ઉપર નો છ્ઠ્ઠો ગુણ સાધન સંપત છે.

ટુંકમાં ત્રીજી લાયકાત છ ગુણોથી બનેલી છે; મન ઉપર કાબૂ, શરીર–ઇન્દ્રિય નિયંત્રણ,વિષયોમાંથી ઇન્દ્રિયોનેખેંચવી,સહનશીલતા,(દ્રઢ) અચલ શ્રધ્ધા,અને સ્થિતપ્રજ્ઞતા છે.

## મુક્તિ માટેનો તલસાટ

બ્રહ્મ જિજ્ઞાસા માટેની હવે પછીની લાયકાત મોક્ષ માટેની આતુરતા ગણી શકાય. આઆતુરતા અઢળક પૈસા ખર્ચીને પ્રાપ્ત કરેલી વિદ્વતા કે પૈસાથી ઉત્પન્ન કરી શકાતીનથી. તેમજ તે સંપતિ,બાળકો વિધિ વિધાનો જેથી શાસ્ત્રોએ ભલામણ કરી છે,કે દાનના કાર્યોથી તે બહાર આવતી નથી. અજ્ઞાન ઉપર જીત મેળવવાથી જ મોક્ષ(દુ:ખમાંથી મુક્તિ અને આધ્યાત્મિક આનંદની પ્રાપ્તિ)આવી શકે છે.

વ્યક્તિ બધા શાસ્ત્રોમાં અને તે પણ નિષ્ણાતોએ તેના ઉપર વિદ્વતા ભરેલા ભાષ્યો લખેલા તેમાં પ્રવીણતા મેળવે; મુકરર કરેલી પૂજાની રીતોથી અને વિધિઓથી બધા દેવોની આરાધના કરી તેમને પ્રસન્ન કરે; પરંતુ આ બધાથી તેને મુક્તિનું વરદાન મળી શકતુ નથી. પરમ તત્વના જ્ઞાન સિવાય બીજા બધા લાભો અને વરદાનો આ બધા કાર્યો કરવાથી મળે છે. માત્ર જ્ઞાનના માર્ગમાં સફળતા જ તમને મુક્તિ બક્ષે છે.

માણસ પાસે રસોઈ કરવાને જોઈતા બધા જ સાધનો તૈયાર હોય,પરંતુ જો અગ્નિ મળી શકે તેમ ન હોય,તો કઈ રીતે ભોજન તૈયાર થઈ શકે?તે જ પ્રમાણે,જો આત્મા એકજ સત્ય અસ્તિત્વ છે તે જ્ઞાન ન મેળવાય,તેમ છતાં પણ મુક્તિ જો પવિત્ર નદીઓના જળમાં સ્નાન કરવાથી મેળવાતી હોય,તો પછી માછલી અને બીજા જળચર પ્રાણીઓ જેઓ જેમની આખી જીંદગી નદીઓમાં પસાર કરે છે,તેમને વિષે આપણે શું કહી શકીશું?જો પર્વતની ગુફાઓમાં વર્ષો પસાર કરવાથી મુક્તિ મળી શકે,તો પછી ઉંદરો અને બીજા જંગલી પ્રાણીઓને શું મળે છે? જો સંન્યાસીનું આચરણ કરવાથી જેવું કે કંદમૂળ અને વનસ્પતિને તથા પાંદડાઓ ચાવીને શરીરને ટકાવી રાખવાથી મુક્તિ મળી શકતી હોય તો,બકરા જે પાંદડા ખાઈને જીવે છે તથા ભૂંડો જે કંદમૂળોને ખોદીને ખાય છે તેમને પણ મુક્તિ મળી શકે છે? આખા શરીર ઉપર વિભૂતિનો લેપ કરવાથી જો સન્યાસી કહી શકાય તો પછી કૂતરાઓ અને ગધેડાઓ જેઓ ભસ્મના ઢગલા ઉપર આળોટે છે તેઓ પણ મુક્તિનો દાવો કરી શકે છે? આ માન્યતાઓ અને આચરણો ઓછી સમજણની નિશાનીઓ છે. માણસે શાશ્વત વૈશ્વિક આત્મિક જ્ઞાનની (આત્મ-જ્ઞાન)જાગૃતતા પ્રાપ્ત કરવા એકાગ્ર રહેવું જોઈએ છે.

અથ શબ્દ જેનાથી સૌથી પહેલું સૂત્ર શરૂ થાય છે તેનો અર્થ 'ત્યાર પછી' એવો થાય છે. તેના મર્મની શોધ કરતા એમ માલૂમ પડ્યું કે તેમાં આ ચાર પ્રાપ્તિઓને મેળવવાની વાત છે: વિવેક,વૈરાગ્ય,છ ગુણો અને મુમુક્ષત્વ છે.

## શોધ માટેનું કારણ: તર્કની વ્યર્થતા

બીજો શબ્દ છે અત: અત: નો અર્થ 'આ કારણ સર.'તેથી શોધ ક્યાં કારણસર કરવાની છે?

પરમતત્વ બ્રહ્મન્ ની જાગૃતતાના કારણ માટે,શાસ્ત્રોની પરીક્ષા કરવાથી કે ન તો વિધિ વિધાન કરવાથી,કે ન તો ભૌતિક પદાર્થોનો અભ્યાસ કરવાથી તેમજ બીજા લોકોના દાખલા ઉપરથી શીખીને તે પ્રાપ્ત કરી શકાય છે.

કારણપદાર્થો અને વ્યક્તિઓ,વિધિઓ અને પ્રવૃતિઓ બધા ક્ષણિક છે. તેમજ તે બધા સડી જાય છે તથા વિનાશ પામે છે.તેઓ સારામાં સારી મદદ મનને સાફ કરવામાં કરે છે, તે સિવાય કશુ નહીં. કર્મ પણ મૂળ અજ્ઞાનમાંથી તેમને મુક્ત કરી શકતું નથી અથવા મૂળ સ્વરૂપ એ બ્રહ્મન્ છે તે જાગૃતતા આપી શકતું નથી. માણસે આ મર્યાદાઓથી વાકેફ રહેવાનુ છે કે જેથી વિશ્વના હાર્દ અને મૂળ સ્રોત્ જે બ્રહ્મન્ છે તેના રહસ્યની તપાસના હક્કને તે મેળવી શકે છે.

આ સૌથી પહલું સૂત્ર એક મુદ્દા ઉપર ભાર મૂકે છે: જે માણસ આત્મા જે એનું મૂળ સ્વરૂપ છે તેનું જ્ઞાન મેળવવા માટે આખી જીંદગી સમર્પણ કરે છે તેની પાસે પવિત્ર ગુણ હોવા જોઈએ તેમજ તેની વર્તુણક તથા સબંધો અત્યંત પવિત્ર સુરક્ષિત બનાવવા જોઈએ. કારણ કોઈ પણ જ્ઞાન ગુણવાન ચારિત્ર્યથી ઊંચું નથી. ખરેખર કહીએ તો ચારિત્ર્ય એ શક્તિ છે.જે માણસે તેના જીંદગીના વર્ષો ઊંચુ જ્ઞાન મેળવવા,નિરંતર સારુ ચારિત્ર્ય મેળવવામાં વાપર્યા છે તે તેની અનિવાર્ય લાયકાત છે.દરેક ધર્મ તે જ જરૂરિયાત ઉપર ભાર મૂકે છે તે શરૂઆતની વિશેષ શરત તરીકે નહી પણ આધ્યાત્મિક જીવન તેમજ વર્તુણક માટે તે પાયા તરીકે છે. જેઓ જીંદગી તે રસ્તા ઉપર જીવી જાય છે તેઓ કદી નુકશાન કરતાં નથી.તેમને પવિત્ર ગુણોની બક્ષિસ મળે છે.

## નૈતિક ચારિત્ર્યની પ્રાથમિકતા

આંતરિક ચેતનાના બધાજ સ્તરોની શુધ્ધિ કરવા માટે ગુણો અત્યંત અસરકારક સાધન છે, કારણ તેઓ વ્યક્તિને શોધ માટે શું કરવું અને તે કઈ રીતે કરવું તેની પ્રેરણા આપે છે. જેઓને માત્ર સારું પ્રારબ્ધ મળ્યું છે તેઓ જ વિવેકમાં ઉત્કૃષ્ટતાનો દાવો કરી શકે છે. અને આ દ્રઢ નિશ્ચય ઉપર ચીટકી રહેવાના તરાપાથી માણસ ભવસાગરને પાર કરી શકે છે. મુક્ત થયેલાઓના પ્રદેશમાં ગુણવાન માણસને સ્થાન છે. જો ગુણવાન માણસ હોય તો પછી તે પરાણે શેષ રહેલી પ્રવૃતિમાં પોતાની જાતને રોકે, તો પણ તેની પ્રવૃતિની અસર તેના ઉપર થશે નહીં. તે માણસ બ્રહ્મન્ પરમ આનંદના ધામમાં, વિલીન થશે.

લોકોએ વિવિધ પ્રકારની વેદિક વિધિઓ અને બલિદાનો કર્યા હશે, તેમણે વિવિધ પવિત્ર શાસ્ત્રો જેમાં નિપુણતા મેળવી છે તેની અંદર રહેલા હાર્દને બહુ સારી રીતે સમજાવતા

હોય, તેમના ઉપર સમૃદ્ધિની બક્ષિસ હોય, પુષ્કળ સંપતિ અને અનાજના કોઠાર હોય, તેઓ વેદોને, તેમજ તેની પૂરક શિસ્તોને યોગ્ય અર્થ સાથે શીખવી શકે છે.જો બ્રાહ્મણ શીખેલો કે વિદ્વાન હોય, પરતું તેની પાસે નીતિવાન ચારીત્ર્ય ન હોય તો તેને કોઈ સ્થાન નથી. આ સૂત્રદ્વારા આ બોધ અપાય છે.

જ્યારે બુદ્ધિ ભ્રમિત આસક્તિ અને સંડોવણીના કલંકમાથી શુધ્ધ થઈ જાય, માત્ર ત્યાર પછી જ સ્થિતપ્રજ્ઞની અવસ્થા જે આધ્યાત્મિક પ્રગતિ માટે અત્યંત આવશ્યક છે તે પ્રાપ્ત કરી શકાય છે. તે સ્વસ્થતા વિના,બુધ્ધિ બ્રહ્મના માર્ગમાં આગળ વધી શકે નહીં શા માટે? આત્મા જે સત્ય છે તેની પ્રેરણાંને અનુસરનાર જે ‘બુધ્ધિ ‘છે, તેનું બીજું નામ ‘સદગુણ ‘છે. જેની પાસે આ સદગુણ છે તે સત્ય–આત્માની જાગૃતતાને જીતી શકે છે,એકવાર તે જાગૃતતા મેળવાઈ ગઈ પછી માણસ ભ્રમ કે ઇચ્છાના ચક્કરમાં ફસાઈ શકશે નહીં: તેમજ તે માણસ ઉપર તેની કોઈ અસર થશે નહીં.

**‘મન ‘અને ‘મારા’ ની આસક્તિને ત્યજી દો**

ઇચ્છિત પદાર્થો ની ઇચ્છા અને બંધન અને તેને મેળવવાની યોજનાઓ એ વ્યક્તિગત જાતની લાક્ષણિકતા છે, તે સ્વ અથવા આત્મા જે શરીરમાં રહેલો છે તેની લાક્ષણિકતા તે નથી.મને અને મારાની ભાવના અને વિષયવાસના અને ક્રોધની લાગણીઓ શરીર-મનના ગુંચવાડામાં ઉદ્દભવે છે. માત્ર જ્યારે ગુંચવાડાને હાંકી કાઢી તેના ઉપર વિજય મેળવાય છે ત્યારે સાચા સદગુણ પ્રગટ થઈ મૂર્ત થાય છે.

‘કર્તાપણા’ અને ‘ભોકતાપણા’ તથા ‘પ્રતિનીધિત્વ’ ની ભાવના આત્માને અસર કરે છે તેવું દેખાય છે,પણ તેઓ આત્માના અસલી સ્વભાવનો ભાગ નથી. વસ્તુનું પ્રતિબિંબ અરીસામાં પડે છે,પરંતુ અરીસા ઉપર તેનો ડાઘ પડતો નથી કે તેના ઉપર કોઈ અસર થતી નથી. તે પહેલા જેવો સ્વચ્છ હતો તેવોજ રહે છે,તેથી તેજ પ્રમાણે, ગુણવાન વ્યક્તિ પાછલા જન્મના સંચિત કર્મોને કારણે કોઈક લાંછિત કામોની પ્રવૃતિમાં સંડોવાઇ જાય, પરંતુ તે વ્યક્તિના વર્તમાન સ્વભાવ કે પ્રવૃતિમાં કોઈ વિધ્ન કે વિનાશ લાવી શકે નહીં. વ્યક્તિગત જીવ પાસે અસલી, પાયાના ગુણો જેવા કે: શુધ્ધતા,શાંતતા અથવા સ્વસ્થતા અને આનંદ છે. પ્રત્યેક માનવ આ ગુણોથી ઊભરાતો છે.

આકાશમાં ઊડતા પંખીને બે પાંખો જોઈએ છે;નીચે જમીન ઉપર ચાલતા માણસને પોતાની જાતને આગળ લઈ જવા બે પગની જરૂર છે; તેજ પ્રમાણે મુમુક્ષુ મોક્ષના મહેલ મુક્તિના ધામને મેળવવા આતુર હોય છે, તેને ત્યાગ અને વિવેક બુધ્ધિની જરૂર છે- ભૌતિક ઇચ્છાઓનો ત્યાગ અને આત્માની જાગૃતતા માટે સભાન થવાની બુદ્ધિ. જ્યારે પક્ષી પાસે એક જ પાંખ હોય તો તે શું આકાશમાં ઉપર ઊડી શકે? તે જ રીતે, જો માણસ પાસે એકલો ત્યાગ હોય અથવા એકલું જ્ઞાન હોય, તો તે પરમ તત્વ,બ્રહ્મન્ ને પ્રાપ્ત કરી શકતો નથી.

‘મારાપણાની’ ભાવના ભ્રમિત આસક્તિનું બંધન પેદા કરે છે. ક્યાં સુધી માણસ મારાપણાને લાડલડાવી તેને ચીટકીને રહેશે? કોઈક દિવસે તો માણસે, બધુ પાછળ મૂકીને એકલા ખાલી હાથે છોડીને આવવાનું છે. આ બચી ન શકાય તેવું ભાવિ છે.

માણસે પોતે જાતે માથે લીધેલા સંબધો અને કુત્રિમ આસક્તિઓને પોતાના સ્વભાવનું કઠોર પૃથ્થકરણ કરી જેટલા જલ્દી બની શકે તેટલા તેમને છોડી દેવા જોઈએ. દુનિયા ત્યાગનો આ પાઠ શીખવે છે. આસક્તિ ભય અને અહંકારને પોષે છે; જેઓ ડાહ્યા નથી તેઓ જ દ્વન્યવી તરંગોનું શરણું લે છે. ડાહ્યા માણસો કદી પણ ભૌતિક ઇચ્છાઓને વશ થતાં નથી. બધું નાશવંત છે, ઘણું જ નાશવંત છે. તેથી, ડાહયાઓ શાશ્વત સત્યને શોધવાનો પ્રયત્ન કરે છે અને શાશ્વત ગુણો જેનું આત્મા પ્રતિનિધિત્વ કરે છે. આ બધા સાચા ગુણવાન લોકો છે, જે બ્રહ્મન્ ને પ્રાપ્ત કરવાને લાયક ઉમેદવાર છે.

******

## બ્રહ્મ વિશ્વનો સ્ત્રોત, શક્તિ અને આધાર છે

( જન્માંધસ્ય યતઃ )

આ સૂત્રનો અર્થ: બ્રહ્મ એ મૂળ ઉગમસ્થાન છે જેમાંથી વિશ્વની ઉત્પત્તિ,જાળવણી અને વિઘટન થાય છે, સૂત્રમાં,'જેમાંથી તે ( યતઃ) બ્રહ્મનો નિર્દેશ કરે છે: 'આનો (અસ્ય)' દ્રશ્ય જગતનો નિર્દેશ કરે છે. (પાંચ મહતતત્વોનું મિશ્રણ, પ્રપંચ); અને 'જન્મ, વિગેરે, (જન્માદિ)' વિશ્વની ઉત્પત્તિ જાળવણી અને વિઘટન નિર્દેશ કરે છે.

વ્યક્તિએ એ જાણવું જોઈએ કે 'તે' જેનો બ્રહ્મન્ તરીકે ઉલ્લેખ કરાયો છે,આગમ્ય જગતની ઉત્પત્તિ, જાળવણી અને વિઘટન (સૃષ્ટિ સ્થિતિ અને લય) નું મૂળ સ્ત્રોત છે. બ્રહ્મન્ જે અસ્તિત્વ ધરાવનાર તત્વ છે. તેમાંથી આ જગત ઉત્પન્ન થયું છે. આ જગત દેખીતી રીતે સાકાર છે અને મનની સતત બદલાતી વૃતિની ઉપજ છે. આ સર્જનની બ્રહ્મ દ્વારા એક સંસ્થા તરીકે જાળવણી થઈ છે, જો કે તે સતત પરિવર્તનશીલ છે અને અંતમાં તે બ્રહ્મમા સમાઈ જાય છે. અથવા લય પામે છે. આ જગતની રચના કરનાર શું કોઈ એક ન હોવો જોઈએ, જે તેનું કોઈક પ્રકારે નિયમન અને નિયંત્રણ કરી રહ્યો છે? આગળ ઉલ્લેખ કર્યો છે તે પ્રમાણે જગતની ત્રણ અવસ્થાની અંદર, વ્યક્તિ મૂળભૂત વ્યવસ્થાઅને સર્વગ્રાહી જ્ઞાનને સમજી શકે છે. તે ઉપરાંત અજ્ઞાનવૃતિ અને આવરણ શક્તિના મૂળને પણ સમજી શકે છે.

### બ્રહ્મન્એક શાશ્વત સત્ય

આપણે વિશ્વના મૂળ સ્વરૂપ વિષે ઘણું બધુ જાણી શકીએ આપણા જ્ઞાનનું સાધન માનવ આંખ છે, ખરું ને? ભૌતિક વિજ્ઞાને ઘણી બધી શોધો કરી છે, પરંતુ તે બધી જ માનવ મન વડે શોધાઈ છે, એ સાચું છે ને? આંખ અને મન વસ્તુઓ જેવી છે તેનું વર્ણન અને વિશ્લેષણ કરે છે. પણ ક્યાં સુધી તે વસ્તુઓ હમણાં છે તેવી રહેશે? તેઓ દરેક ક્ષણે વિકૃતિને આધીન છે. તેમછતા, આ વિકૃતિ જે બધી વસ્તુને અસર કરે છે, તે જાણવા છતાં વ્યક્તિ જે સત્ય અને વાસ્તવિકતા માટે જાગૃત છે તેના ઉપર તેની જરાપણ અસર થતી નથી.તે અપરિવર્તનશીલ સિધ્ધાંતના પાયા ઉપર ત્રણ અવસ્થાઓ પ્રગટ થાય છે.તે સિધ્ધાંતબ્રહ્મ છે,શાશ્વત પાયો છે,સ્થિર છે,એક છે, સત્ય છે.

આ સત્ય સ્વીકારવા માટે વ્યક્તિ આનાકાની કરે અને શંકામાં પડે છે કારણ કે મૂળ બ્રહ્મ દેખાતું નથી-જે ખરેખર દેખાય છે તે આકાર નામ સાથે સંક્ળાયેલા છે અને તે સતત પરિવર્તિત છે.

વિચાર કરો કેવ્યક્તિ રાત્રે જ્યારે ઝાડનું સુકાયેલુ થડ જુએ ત્યારે તેને શું થાય છે:તેને ડર લાગે કે તે ભૂત છે કે વિચિત્ર માણસ છે. તે બેમાંથી કશું નથી, છતાંપણ તેને બેમાંથી એક દેખાય છે.અંધકાર એ આ ખોટી સમજણનું કારણ છે.અંધકાર એક વસ્તુ ઉપર બીજી વસ્તુ જે ત્યાં નથી તેનો અધ્યાસ નાંખે છે. તેવી જ રીતે,માયા રુપી પડદો જે અંધકાર ફેલાવે છે,તેનાથી મૂળભૂત કારણ,બ્રહ્મન્ ને દેખાવા દેતું નથીઅને તેની ઉપર વિશ્વનો અધ્યાસ કરી તેને ઇન્દ્રિયગોચર વાસ્તવિક બનાવે છે. આ છેતરામણું દ્રશ્ય જાગૃત ચેતના (જ્ઞાન)દ્વારા સુધારી શકાય છે અને વૈશ્વિક પ્રેમના દ્રશ્યમાં પરિવર્તિત કરી શકાય છે. જેવી રીતે થડ ભૂતનું મૂળભૂત કારણ છે તેવી રીતે પૃથ્વી જે આ વિશ્વનો એક ભાગ છે જેમાં આપણે સંડોવાયેલા છીએ, તેનું મૂળભૂત કારણ બ્રહ્મ પોતે જ છે.

બીજા કેટલાક એમ કહે છે કે આ પ્રપંચની રચનામાં આ જાતના ઘટકો છે જેવા કે સ્વભાવ,નિયમન,અકસ્માત,અને સમય વિગેરે છે. આમાંના કોઈપણ એક નહીં તેમજ બધા ભેગા મળીને પણ તેનું કારણ બની શકે નહીં. કારણ,તેઓ બધા જડ છે,સંકલ્પ કે આરંભ કરવા માટે અશક્તિમાન છે. વ્યક્તિગત માણસ પણ આનંદ–દુ:ખ,વિકાસ –વિનાશ અને જન્મ-મરણની બેડીથી બંધાયેલો છે. આ દરેક દલીલવાળી શરૂઆત આશ્રિત અને અનિશ્ચિત છે. તેથી આ મૂર્ત દુનિયાના કારણ તરીકે તેઓને સ્વીકારી શકાય નહીં .

**બ્રહ્મન્, દરેક કારણોનું કારણ**

આ સૂત્રનો આપણને 'જે છે','જે હતું' અને જે હશે' તેના મૂળભૂત પાયાની શોધ તરફ દોરી જવાનો ઇરાદો છે. આ સૂત્રમાં એમ કહેવામાં આવે છે કે પ્રકૃતિનું, અસ્તિત્વનું, વિશ્વના વ્યવસ્થિત સંચાલનનું તેમજ તેની પૂર્ણતાનું કારણ પરમ સિધ્ધાંત છે. ભૌતિક શાસ્ત્ર પદાર્થની ચકાસણી કરી શકે અને તે કઈ રીતે બન્યું છે તે સમજાવી શકે છે. પરંતુ તે આ રીતે શા માટે બન્યું છે તેની શોધ કે ચકાસણી કરી શકતું નથી.

ચોક્કસ, દરેક બનાવ અને દરેક અસર માટે કારણ હોવું જોઈએ, ન તો અણુ, ન તો આત્મા ન તો તેઓનો અભાવ તેના કારણ તરીકે ગણતરી કરી શકાય. સત્, અસ્તિત્વ ધરાવનાર વ્યક્તિ, કર્તા અને કર્મ, જાણનાર અને જણાયેલાથી તે પર હોવી જોઈએ. પરંતુ આપણે જ્યારે અમર્યાદિત અસ્તિત્વ ધરાવનાર અથવા બ્રહ્મન્ નું વર્ણન કરવું હોય ત્યારે ચાલુ ભાષાના શબ્દોનો ઉપયોગ જરૂરી બને છે જેવાકે સર્જક, નાથ, ઈશ્વરની કૃપા, ઈશ્વર અને બ્રહ્મન્.

વિશ્વના દ્રષ્ટિ બિન્દુથી કારણ અને અસરની ચકાસણી કરવામાં આવે તો આપણે એ નિષ્કર્ષ પર પહોંચીએ કે ઈશ્વર એ કારણ છે અને વિશ્વ અસર છે. જ્યારે કર્તા અને કર્મ

વચ્ચેના ભેદથી પર થવાય ત્યારે આપણે જાગૃત થઈએ છીએ કે એ બધું પવિત્ર ચેતના અથવા બ્રહ્મન્ છે,પરંતુ આપણે જ્યારે તેનું મનમાં ચિત્ર ઊભું કરીએ છીએ,ત્યારે તેને પ્રાથમિક પૂર્ણ અમર્યાદિત તત્વ અને તેના ગૌણ સર્જન કરેલા પાસા એમ બન્ને રૂપે જોઈએ છીએ.' તે' શબ્દ બ્રહ્મન્ તેમજ વિશ્વ અને વિશ્વનું બ્રહ્મમાં લય થવું તેનું આવાહન કરે છે. એ માયા છે જે ભ્રમણા ઉત્પન્ન કરે છે કે એકમાં થી બીજાની ઉત્પત્તિ થાય છે.

કેટલાક લોકો એવું સાબિત કરવાનો પ્રયત્ન કરે છે કે–માયા અને બ્રહ્મન્ આ બન્ને વિશ્વના જોડિયા કારણો છે. છતા બીજા નિશ્ચયપૂર્વક કહે છે કે ફક્ત માયા જ જવાબદાર છે.બીજા એવું પ્રતિપાદન કરે છે કે વિશ્વ એ વિષ્ણુનું પ્રગટીકરણ છે,અને વિષ્ણુ પોતામાંજ તેનું અસ્તિત્વ રહેલું છે. તેઓ એવું જાહેર કરે છે કે વિશ્વની ઉત્પત્તિ,સ્થિતિ અને લય આ બધા વિષ્ણુ દ્વારા થાય છે.

## પાંચ કુદરતી અથવા મેળવેલા અંગો

જો કે, વિશ્વમાં સર્જક વિના કશું રચી શકાય નહીં. તે, પછી, વિશ્વના સર્જકનો સ્વભાવ કેવો હોવો જોઈએ? રચયિતા પાસે અમર્યાદિત શક્તિ,અમાપ કિર્તિ અને સંપૂર્ણ સર્વજ્ઞતા હોવી જોઈએ. દરેકને માટે આવી ઘટનાની કલ્પના કરવી શક્ય નથી. તેમ છતાં દરેકના જીવનના ધ્યેયની ખરેખરી પૂર્ણતા તો એજ છે. જો કે,બે લક્ષણો દ્વારા તે વિચારી શકાય છે અને આ ખાત્રી કરી શકાય છે –તે બે તટસ્થતા અને સ્વરૂપ છે. સ્થિરતા એ ક્ષણિક સમય મર્યાદિત સૂચન છે. તે સાચું ચિત્ર કે સાચું દ્રશ્ય આપી શકતા નથીપણ વારંવાર ફક્ત નિશાનીઓ અને ઝાંખીઓને પ્રગટ કરે છે. સાચું સ્વરૂપ એટ્લે અંત:સ્કુરણાની રોશનીનું અસ્તિત્વ છે. તે બધા અંતર્ભૂત અને અતિત, અને અમર્યાદિત સ્રોત્રને પ્રગટ કરે છે.

વિશ્વમાં દરેક ચીજ,દરેક વસ્તુ અને દરેક પદાર્થને પાંચ ગુણો છે: અસ્તિ,ભાતિ,પ્રિય અથવા ઉપયોગીતા,રૂપ અને નામ. પહેલું,'અસ્તિ' જે બધુ છે તે.બીજું,વસ્તુ જેને આપણે જાણી શકીએ છીએ કારણ તે પ્રકાશેછે તેથી તે જાણી શકવાને સમર્થ બને છે: તે ભાતિ છે: તેનામાં આપણી ચેતનમાં પ્રવેશવાની શક્તિ છે. ત્રીજું,દરેક વસ્તુ એ લાભદાયક થવાને શક્તિમાન છે અને તેથી તે પ્રિય અને આકર્ષક બને છે.

બીજા બે ગુણો નામ અને રૂપ જરૂર બદલાય છે અને તેમાં પરિવર્તન લાવી શકાય છે,દરેક વસ્તુમાં એક અથવા બીજો ફેરફાર આવે છે અને ઘણીવાર ફરી પાછું અસલી રૂપ ધારણ કરે છે. તેઓ મૂળભૂત અસ્તિત્વ ધરાવનાર વસ્તુઓનો દેખીતો ફેરફાર છે,તેમની પાસે હંમેશા પહેલા ત્રણ ગુણો હોય છે,'સત્ ',ચિત્ 'આનંદ'ની મૂળભૂત વાસ્તવિકતા ઉપર નામ અને રૂપનો અધ્યાસ છે.

## બ્રહ્મને જાણનારો બ્રહ્મ બને છે

દૈવ એ પાયો છે-અને તે શ્રેષ્ઠ ચણતર પણ છે. મણકાઓ ઘણા હોય છે પણ માળામાં એકબીજાને જોડતી અને એકત્રિત કરતી દોરી એક છે. તેજ પ્રમાણે જીવંત પ્રાણીઓની દુનિયા માટે,ઈશ્વર,જે શાશ્વત છે,જે સર્વવ્યાપી છે,જે શ્રેષ્ઠ ઉતમ દૈવી ચેતના તેનો પાયો છે. 'હું ઈશ્વર છું (સોહમ)',તે હું છું ','હું તે છું', આ બધા સૂત્રો એવું સૂચવે છે કે નામ અને રુપદ્વારા પોતાને જુદા ગણનારાઓ પણ ખરેખર ઈશ્વર પોતે છે. આથી વેદો ઘોષણા કરે છે,જે બ્રહ્મ ને જાણે છે તે ખરેખર બ્રહ્મ બને છે (બ્રહ્મવિત બ્રહ્મૈવ ભવતિ)'. આ જાગૃતતા એ વાસ્તવિકતાની જાગૃતતા છે.

પાણીમાંથી બનેલો પરપોટો તેના ઉપર તરે છે અને તેમાં મળી જવા તે ફૂટી જાય છે. બ્રહ્મ ના વિશાળ દરિયામાંથી બધી ભૌતિક દુનિયાઓ  પરપોટાની જેમ ઉદ્દભવે છે. તેઓ પાણીની ઉપર છે અને પાણી તેને ટકાવી રાખે છે. બીજી કઈ રીતે તેવો ઉદ્દભવે અને ટકી શકે?આખરે તેઓ પાણીમાં મળી જઈ અદ્રશ્ય થઈ જાય છે. તેમની ઉત્પત્તિ માટે,પોષણ માટે અને વિલીનીકરણ માટે તેવો ફક્ત પાણી ઉપર જ આધાર રાખે છે. પાણી એક છે,પરપોટા અનેક છે. પાણી સાચું છે; પરપોટા માત્ર આભાસ છે.પાણી આધાર છે; પરપોટાઓ તેના ઉપર અધ્યાસ કરેલા આકારો છે.

## વિશ્વનું રહસ્ય

આ અદ્દભૂત પ્રગટીકરણ જોઈને માણસ આશ્ચર્યથી ચકીત થઈ જાય છે. પ્રાચીન યુગોમાં અને આકાશના દૂરના ખૂણાઓમાંથી,જડ અને અચેતન પ્રકૃતિના ગુંચવાડામાંથી જીવન ઉદ્દભવ્યું અને લોકો તથા દૈવી–લોકો ઉત્પન્ન થયા. આ સત્યની બધાને ખબર છે અને બધા તેને જાણે છે.  શું નીચી કોટિનાને શ્રેષ્ટ વસ્તુના કારણ તરીકે માની શકાય? નીચી વસ્તુનું કારણ માત્ર નીચી કોટિનું જ હોય શકે છે. આપણે એટલું કહી શકીએ કે જડ વધુમાં વધુ મનનું કારણ હોય શકે છે,જે જટિલ શરીરનો એક ભાગ છે, પરંતુ માત્ર દૈવી સંકલ્પ જ બધા સર્જનનું કારણ છે, જેને પાંચ અંગો છે જેની આગળ નોંધ કરી છે. અન્યથા બીજો કોઈ પણ માણસ આ જટિલ મન કઈ રીતે ઉદ્દભવ્યું અને સ્થાપિત થયું તે સમજાવી શકે નહીં.

તાત્વિક સિદ્ધાંત એ છે કે વિશ્વમાં બનતા બધા જ પ્રસંગો  કેટલાક ધોરણો અને નિયમોને અનુસરે છે. હંમેશા તેઓ સ્વત:સિધ્ધ નથી હોતા,પરંતુ ભૌતિક શાસ્ત્ર એમ પુરવાર કરવા માંગે છે કે તે તદ્દન શક્ય છે.

પહેલું સૂત્ર એવું સૂચન કરે છે કે વિશ્વવ્યાપી સર્વોત્તમને બ્રહ્મન્ કહેવામાં આવે છે. આ બીજું સૂત્ર તેજ બ્રહ્મન્ ને તેના બીજા પાસામાં તેને બીજે સ્વરૂપે વર્ણવે છે. પહેલું સૂત્ર સત્ય,આધ્યાત્મિક જ્ઞાન અને મુક્તિ ઉપર ભાર મૂકે છે.બીજું સૂત્ર બ્રહ્મન્ ના સર્જનના પાસાને રજૂ કરે છે અને સાથે સાથે એમ પણ જાહેર કરે છે કે આ વિશ્વ પૂરતું તે પાસુ મર્યાદિત બની શકે નહીં .

## સદાચરણનો માર્ગ

દરેકને પોતપોતાનો ધર્મ અથવા જન્મજાત વિશિષ્ટતા, વ્યક્તિત્વ અથવા પ્રેમની લાક્ષણિકતા હોય છે. આ નિયમ ઘાસના તણખલાથી માંડીને તારા સુધી સરખી રીતે લાગુ પડે છે. આ વિશ્વ સતત પરિવર્તનશીલ નથી. તે સતત ગુણોમાં અને પરિસ્થિતિમાં પૂર્ણતાને પ્રાપ્ત કરવામાં પ્રગતિ કરી રહ્યું છે. વ્યક્તિ પોતે પણ પોતાની જાતનું અત્યારની અવસ્થામાંથી સ્વપ્રયત્ન અને વિવેક થી પરિવર્તન કરી શકે છે. નૈતિકબળો જે વિશ્વમાં વ્યાપ્ત છે તે જરૂર આપણી પ્રાપ્તિઓ ને ટેકો આપશે. પરંતુ લોકો સર્વવ્યાપી ભ્રમમાં એટલા બધા ડૂબી ગયા છે કે તે બધાનો લાભ લઈ પોતાની જાતને ઉન્નત કરી શકતા નથી. તેઓ દુનિયાની શાંતિ અને સંવાદિતાના માર્ગથી અણજાણ છે. તેઓ સારાને પકડી રાખીને બૂરાને અવગણવાને અશક્તિમાન છે. તેઓ પોતાની જાતને ધર્મના માર્ગ ઉપર સ્થાપી શકતા નથી.

'આ' વિગેરેનો જન્મ 'તે'જેમાંથી થયો છે;'તે' જેમાંથી આ મૂર્ત વિશ્વ તેની ચર અને અચર વસ્તુઓ સાથે ઉત્પન્ન થયું છે;'તે'જે તેમના વિકાસને પ્રેરે,ઉત્તેજન આપે અને વિકસાવે છે;'તે' જેમાં તેઓ અંતે વિલીન થાય છે –'તે' બ્રહ્મન્ છે એમ જાણો.

તૈતિરિય ઉપનિષદ જાહેર કરે છે :

જેમાથી તેમનો જન્મ થયો છે, જેનાથી તેઓ જીવી રહ્યા છે,અને જેમાં તેઓ લય પામે છે – તે બ્રહ્મન્ છે.

યતો વા ઈમાનિ ભૂતાનિ જાયન્તે, યેન જાતાની જીવન્તિ,યત પ્રયન્તાભિ સંવિશન્તિ તદ્દ વિજિજ્ઞાસસ્વ, તદ્દ બ્રહ્મેતિ.

## વિશ્વ માટેના વિરોધી સિધ્ધાંતો

અદ્વૈત વાદીઓ બ્રહ્મન્ ને આ રીતે રજુ કરે છે કે વિશ્વના કારણ માટે ઘણા ઊંડા મતભેદો તથા વિશાળ ભિન્નતા છે, કેટલાક માને છે કે બ્રહ્મન્ એ કારણ છે. બીજા એમ પ્રતિપાદન કરે છે કે માયાની રમતને કારણે તે બન્યું છે. બીજા થોડાઓ એમ માને છે કે (આ વિશ્વ) બ્રહ્મન્ અને માયા બન્નેનું કાર્ય છે. બીજા થોડા એમ જાહેર કરે છે કે વિષ્ણુ એકલામાંથી તે ઉદ્દભવ્યું છે,તેનામાં જ વિલીન થાય છે, અને તેજ એનું રક્ષણ કરે છે. કેટલાક એમ કહે છે કે બ્રહ્મન્ વિષેનું કથન માત્ર સૂચક છે, જે વિશ્વની પાછળ રહેલા સિધ્ધાંતને જાણવાની ચાવી છે કહેવાનું તાત્પર્ય એ છે કે બ્રહ્મન્ ને અનેક પાસાઓ છે અને અનેક શક્તિઓ છે અને સર્જનનું કારણ છે, સર્જેલાનું રક્ષણ કરે છે અને પોતામાંજ સમાવી લે છે,તેનીઝાંખીઓના ઈશારાઓ છે.

બીજાઓ એમ માને છે કે સર્જનનું કારણ મન છે, જો કે પદાર્થો અને પંચ મહાભૂતો મનદ્વારા પ્રગટ થયેલી ઇમારતો છે. અને મન પોતે પણ જડ પ્રકૃતિનું આમૂલાગ્રપરિવર્તન છે.

મનનું કાર્ય સમજણથી પર છે. સર્વોપરી ચેતના જે છે તે આ સર્જનનું કારણ છે, જુદાજુદા ચિંતકો દ્વારા તેમની બુધ્ધિની તીવ્રતા વડે આ બધા અનુમાનો અને સિધ્ધાંતો રચાયા છે.

વૈજ્ઞાનિકોએ પોતાની રીતે શોધ કરેલી છે અને જુદા જુદા નિર્ણયો ઉપર પહોંચ્યા છે. તેઓ સમજાવે છે કે સમય વિશ્વની ઉત્પત્તિનું કારણ છે અને તે જ સમય તેનું એકીકરણ કરી પોષે છે અને વિઘટન કરી તેનું વિલીનીકરણ કરે છે તેથી આ બધું (સર્જન) અસર છે અને સમય તેનું નિયંત્રણ કરે છે. કેટલાક થોડા એવું માને છે કે આ આખી પ્રક્રિયા એ વસ્તુનો મૂળભૂત સ્વભાવ છે અને તેની પ્રગટ થવાની ઉત્કટ ઇચ્છા છે. દરેક વસ્તુ પોતાની રીતે અને સમયે પોતાનો મૂળભૂત સ્વભાવ પ્રગટ કરે છે. દાખલા તરીકે, જ્યારે કેરીનું બીજ વાવ્યું હોય ત્યારે તેનું પરિણામ ફક્ત કેરીનું ઝાડ જ બને છે. વાઘણના પેટમાંથી વાઘ નું બચ્ચું જ જન્મે, નહી કે બકરીનું બચ્ચું.

આ રીતે આપણને પ્રાચીન સમયથી, સર્જનની વ્યુત્પત્તિ માટે જુદી જુદી જાતના વિરોધી સિધ્ધાંતો રજૂ કરાયા છે. તેમ છતાં,દરેક જણ, તેનું સાચું કારણ ક્યું છે,તેની વ્યાખ્યા આપી સ્પષ્ટતા કરવામાં નિષ્ફળ ગયા છે.

**ઈશ્વર,ઉત્કૃષ્ટ,રચયતા,વિશ્વનો માલિક**

વિશ્વ એક ભવ્ય આશ્ચર્ય છે અને સતત આશ્ચર્યચકિત કરનાર સ્રોત છે. તે ગમે તેમ હોય, પણ તે (વિશ્વ), વ્યક્તિ ઉપર એક સર્વોપરી આશ્ચર્યજનક વસ્તુની છાપ પડ્યા વિના રહેતું નથી. કોઈ પણ વસ્તુ બનાવવી હોય ત્યારે,આપણને કૌશલ્ય,બુધ્ધિ અને શક્તિ હોય એવી વ્યક્તિની, બનાવવા માટે જરૂર પડે છે. રચનાર વિના કશું બનાવી શકાતું નથી. તેથી, આ દ્રશ્ય પદાર્થ – સૂર્ય,ચંદ્ર, તારાઓ અને ગ્રહો – તેના બનાવનાર,રચયતા,માલિક સિવાય કેવી રીતે ભ્રમણ કરી શકે અને જે રીતે વર્તે છે તેમ વર્તિ શકે? શું તેઓ કોઈ સામાન્ય શક્તિમાંથી ઊપજી શકે? ના, આવી પ્રચંડ શક્તિવાળા બનાવેલા અને રચાયેલા પદાર્થો નું નિરીક્ષણ કર્યા પછી બુધ્ધિશાળી લોકો સહેલાઇથી અનુમાન કરી શકે કે તે બનાવનારની પોતાની કેટલી અમાપ શક્તિ હોવી જોઈએ.

સર્જનમાં નવાઈ પમાડે તેવી વિવિધતા જુઓ. એકપણ વસ્તુ બીજી વસ્તુના જેવી સરખી નથી; એક વ્યક્તિ બીજી વ્યક્તિ જેવી દેખાતી નથી. ઈશ્વરની અમર્યાદિત મહિમા વડે ફક્ત આ અસાધારણ લીલા શક્ય છે. કોઈ પણ સમજી શકે કે ઓછી શક્તિવાળો સ્રોત આની પાછળ હોઈ ન શકે. સર્જનમાંના અંગભૂત રહસ્યના આધાર ઉપર વ્યક્તિ એમ અનુમાન ઉપર આવી શકે કે કોઈ સર્વોપરી શક્તિએ આ સર્જન કર્યું છે. જેઓ સર્જનના રહસ્યને ઉકેલવાને અસમર્થ છે તેઓ સર્જકના સ્વભાવને કદી પણ જાણી શકતા નથી.

**વિશ્વ, દૈવી સંકલ્પનું પ્રગટીકરણ**

સર્જન અથવા વિશ્વ એ બ્રહ્મન્ માં રહેલી સંકલ્પ શક્તિનું પ્રગટીકરણ છે. આબધો ઈશ્વરનો સંકલ્પ અથવા યોજના છે. તાત્વિક સિધ્ધાંતોના પ્રતિપાદકો જેમણે બીજા ભાષ્યો રચી અને પ્રચાર કર્યો છે,જેની આપણે આગળ વાત કરી ગયા છીએ. તે લોકો ફકત તેમનો સમય બરબાદ કરે છે: દલીલો અને વિરુધ્ધ દલીલો ફક્ત વ્યર્થ પ્રયત્નો છે. અથવા તો તેને પંડિતોની વિદ્વત્તાનું પ્રદર્શન અથવા બુધ્ધિશાળીઓની બૌધ્ધિક કસરત તરીકે જાહેર કરી શકાય. તેઓ જેમના મન પવિત્ર છે અને જેમની ચેતના શુધ્ધ છે તેમની ઉત્કટ ઇચ્છાને સંતોષ આપી શકતા નથી.

દરેક વસ્તુ દૈવી સંકલ્પથી જ બને છે –આ આસ્તિક લોકોની દ્રઢ માન્યતા છે. દરેક માણસ પોતાની જાગૃતતાના સ્તર પ્રમાણે આ પ્રશ્નનો નિર્ણય લે છે. અને સૂત્રોઆ જુદા દ્રષ્ટિબિન્દુઓને વર્ણવે છે અને તેના પ્રમાણભૂતપણા ને ધ્યાનમાં લે છે. પક્ષીઓ તેમની પાંખોની શક્તિના માપ પ્રમાણે તેટલી ઊંચાઈએ ઊડે છે. તેવી જ રીતે આ વિચારકો પોતાની શ્રધ્ધા અને બુધ્ધિના આધારે વિશ્વનું સર્જન,તેનું સાતત્ય અને તેના વિનાશની સમજણ આપે છે.

### પરમેશ્વરનું વર્ણન કરવાને સૂચક નિશાનીઓ અપૂરતી છે

પણ આ શોધમાં પૂરાવા કે સાબિતી તરીકે વ્યક્તિ ફક્ત સૂચક લક્ષણો ઉપર આધાર રાખી શકે. જે આપણને દૂર સુધી ન લઈ જઇ શકે. ફક્ત સ્વરૂપ લક્ષણો જ (અસલ લક્ષણો ) સત્ય પ્રગટ કરી શકે.

તે લક્ષણો: સત્ય, આધ્યાત્મિક જ્ઞાન અને અમર્યાદિત (અનંત) છે. બ્રહ્મન્ નો અસલી સ્વભાવ સત્ય છે. સનાતન અસ્તિત્વ છે. તે વૈશ્વિક જ્ઞાન છે. તે અવિનાશી છે, સમય અને આકાશથી પર છે. તે ઉપરાંત, આ લક્ષણો વિશ્વમાંના દરેક ચેતન અથવા અચેતન પદાર્થમાં અંતર્ભૂત છે.સૂચક સાબિતીઓ ક્ષણિક નિશાનીઓ છે જેના વડે વ્યક્તિ બીજી વસ્તુ અથવા બીજી વ્યક્તિને જાણવાની ઇચ્છા કરે તો તે ઓળખી શકે છે. દાખલા તરીકે, જ્યારે ચંદ્ર આકાશમાં ફક્ત અર્ધવર્તુળાકાર હોય છે અને વ્યક્તિ તેને જોવા ઇચ્છા કરે છે ત્યારે બીજી વ્યક્તિ તેની તરફ આંગળી ચીંધી સૂચન કરે છે.અથવા, જ્યારે કોઈ માણસ ચોક્કસ તારો જોવા ઇચ્છા કરે છે ત્યારે બીજી વ્યક્તિ કહે છે. 'ત્યાં,આ ઝાડની ડાળની બરોબર ઉપરચંદ્ર ઘણો દૂર છે અને તારાઓ તેનાથી પણ દૂર છે વ્યક્તિએ જે ક્ષણે જોવાની ઈચ્છા વ્યક્ત કરી તે વખતે ઝાડ ની ડાળની બરોબર ઉપર જ તે જોઈ શકાયો તે તો તેનું હંગામી સ્થાન હતું તરત જ, સ્થાન ફરી જાય છે. તારાઓ અને ચંદ્ર આકાશમાં ભ્રમણ કરે છે તેથી અંગુલી નિર્દેશ લાંબો સમય સાચો રહી શકે નહીં.

### પરમેશ્વરનો અપરિવર્તનશીલ ગુણ

અસલી લક્ષણો કદી બદલાતા નથી. તે બધામાં રહેલા છે. આકારમા ફેરફાર આવી શકે; નામમાં ફેરફાર આવી શકે, સમયમાં ફેરફાર આવી શકે, તે જે જગ્યા રોકે છે તેમાં ફેરફાર આવી શકે,પરંતુ સત્યનું હાર્દ (સ્વરૂપ લક્ષણ)કદી બદલાશે નહીં. વેદાંતના પુસ્તકોમાં તે હાર્દ અસ્તિ, ભાતી અને પ્રિયમ દ્વારા સૂચવાય છે. વસ્તુ એ છે કે તેનું અસ્તિત્વ છે. અસ્તિત્વ એ અપરિવર્તનશીલ સત્ય છે, સમય અને અવકાશ સાથે નામ અને રૂપમાં ફેરફાર આવી શકે છે, પણ ‘અસ્તિત્વ’ અસલી છે. પ્રકાશના મૂળભૂત લક્ષણો દ્વારા અથવા આપણી ચેતનાને આકર્ષવાની શક્તિ અને જ્ઞાન પ્રદાન કરવાની શક્તિ દ્વારા તે આપણને પોતાનું અસ્તિત્વ અવગત કરાવે છે. આપણે તેને જાણી શકીએછીએ કારણ કે તેનામાં પ્રકાશ તત્વ છે; બધી વસ્તુઓ જે આપણે જાણીયે છીએ તેમાં આ જન્મજાત લક્ષણ છે. દરેક વસ્તુમાં અથવા આપણી ચેતનાને આકર્ષવાનું લક્ષણ છે. તેની ઉપયોગીતાને કારણે મોહ અને પ્રેમ ઉત્પન્ન કરવાની શક્તિ છે.

ઉપરના ત્રણે ભેગા લક્ષણો ઈશ્વરનો સ્વભાવ છે. ઉપરના ત્રણને આધાર બનાવી, મન આકારની રચના કરે છે. અને આકારો માટેના નામો અનુસરે છે. પણ નામ અને રૂપ બદલાય છે. તેથી તેમને માયા  તરીકે સંબોધાય છે. અસલી સત્ય ઉપર તે ક્ષણિક આધ્યાસ છે. પરમ આત્મા,જે સર્વવ્યાપી છે તે આધાર છે જેની ઉપર નામ અને રુપવાળી દરેક વસ્તુનો અધ્યાસ છે. અસલી ઉપર નામ અને રુપનો જે દેખાવ છે તે માયાના સિધ્ધાંતના પ્રભાવને કારણે છે.

બ્રહ્ન્ ના પાયા ઉપર મનદ્વારા નામ અને રુપની રચના થઈ છે. સત્ય જેની ઉપર નામ અને રૂપ ઉદ્દભવે છે અને લય પામે છે, તે નામ અને રુપને સૂચક પુરાવા તરીકે ગણી શકાય છે. જ્યારે પ્રાથમિક લક્ષણો જાણ્યા હોય ત્યારે જ  ફક્ત બ્રહ્ન્ જાણી શકાય છે. જયારે બ્રહ્મન્ જણાયું હોય છે ત્યારે જાગૃતતા તે માણસ ને પોતાને બ્રહ્મન્ બનાવે છે. (બ્રહ્મવિદ્દ બ્રહ્મૈવ ભવતિ;)વેદોમાં(શ્રુતિ) આ પવિત્ર જ્ઞાનની ખાત્રી આપેલી છે. સત્ય એ છે કે આધાર અને તેના ઉપર આધારિત પદાર્થો,દેખાવ અને અસલી આ બન્ને દિવ્ય છે અને બ્રહ્મન્ તેનું કારણ છે.તેથી, જો આ બ્રહ્મન્ ની ખોજ દ્વારા વ્યક્તિ સ્વના  જ્ઞાનમાં સ્થાપિત થઈ જાય તો જીવન પોતે પરીપૂર્ણ બને છે.

## ઈશ્વર પ્રથમ મનુષ્ય અંતમાં

સત્યમ્,જ્ઞાનમ્,અનંતમ્ ના ત્રણ પગ ઉપર બ્રહ્મન્ આધારિત છે. બ્રહ્મન્ ની જાગૃતતા એ સત્યની જાગૃતતા છે;બ્રહ્મન્ નું જ્ઞાન ઉત્કૃષ્ટ જ્ઞાન છે: તે અમર્યાદિત અને અનંત છે.

બ્રહ્મન્ માંથી આકાશ ઉદ્ભવ્યું. આકાશમાંથી વાયુ; વાયુમાંથી અગ્નિ;અગ્નિમાંથી પાણી અને પાણીમાંથી પૃથ્વી ઉદ્ભવ્યા છે. પૃથ્વીમાંથી જીવન આપનારા છોડો ઉગ્યા: છોડોમાંથી અન્ન અને અન્નમાંથી લોકો;માણસો, આ ક્રમમા વ્યુતપત્તિની પ્રક્રિયા થઇ છે. બ્રહ્મન્ પહેલો, લોકો અંતમાં. તેથી માણસો અને બ્રહ્મન્ વચ્ચે નજદિકનો સબંધ છે.

******

## બ્રહ્મન્ બધા જ્ઞાનનો સ્ત્રોત છે

## (શાસ્ત્ર યોનિત્વાત્)

શાસ્ત્રો એ ઋષિઓ જેઓ સત્યની શોધમાં ઊંડા ઊતર્યા હતા તેમના દ્વારા પ્રાપ્ત થયેલા સત્યની અભિવ્યક્તિ છે. દૈવી શ્વસોચ્છવાસના શ્વાસ અને ઉચ્છવાસમાંથી ઉત્પન્ન થયેલા શબ્દો છે. અશરીરી (દેહધારી નહીં) અસ્તિત્વ ધરાવનારમાંથી તે (શબ્દો)સંભળાયા હતા; કોઈ પણ વ્યક્તિની કલ્પનામાંથી તે ઉદ્દભવ્યા ન હતા. તેથી તેઓ અપૌરુષેય અને શાશ્વત તરીકે વર્ણવાયા છે. તેઓ કોનામાંથી ઉદ્દભવ્યા છે? ફક્ત બ્રહ્મન્ માંથી.

વેદ એટલે જ્ઞાન; તે હમેશા 'અસ્તિત્વ' માં છે. તેને આરંભ કે અંત નથી. તે 'અનંત' તરીકે સંબોધાય છે. કારણ કે એ ધ્વનિ છે-પવિત્ર,પોષક,વંદનિય ધ્વનિ છે. તે માત્ર અનુભવી શકાય છે; તે મર્યાદિત અથવા વ્યવહારિક ન હોય શકે. તેથી, તે આશ્ચર્યજનક છે અને તે દરેકને માટે વ્યક્તિગત અનુભવની અનઅગ્રવર્તી અવસ્થા છે. જ્યારે બ્રહ્મન્ આવા જ્ઞાનનો સ્ત્રોત છે;તેથી તેના સર્વજ્ઞ,સર્વશક્તિમાન,અને સર્વવ્યાપી તરીકે ખૂબ વખાણ થયા છે.

## વેદો, જે બ્રહ્મન્ માંથી ઉત્પન્ન થયા, તેને પ્રગટ કરે

'બ્રહ્મન્' એ શાસ્ત્રો નો સ્ત્રોત  છે અને તેથી તે સર્વજ્ઞ છે', આ સૂત્ર એમ સમજાવા માંગે છે કે બ્રહ્મન્ને જાણવા માટે વેદિક શાસ્ત્રોનો આશ્રય લેવો જોઈએ, ફક્ત તે જ (શાસ્ત્રો) બ્રહ્મન્ ની જાણકારી આપી શકે અને બીજું એ કે બધા વેદો માણસને જે જ્ઞાન તરફ દોરી જાય છે. વળી બ્રહ્મન્ દ્વારા બ્રહ્મન્ માંથી શાસ્ત્રો તેમની પ્રમાણભૂતતા અને કિંમત મેળવી શકે છે. કારણ કે બ્રહ્મન્ એ પ્રકાશ પાડનાર મૂળ સ્ત્રોત છે. શાસ્ત્રોમાં તેનું જ્ઞાન સમાયેલું છે. અને તે જ્ઞાન તે પ્રદાન કરે છે. ફક્ત સર્વજ્ઞ જ વેદોનો સ્ત્રોત હોય શકે. ફક્ત શાસ્ત્રો જ જ્ઞાન રુપી પ્રકાશ દ્વારા માણસને મુક્તિ આપવી શકે છે.તેઓ વ્યક્તિના જીવનને નિયંત્રિત કરી તેને પોષે છે અને દુ:ખમાંથી તેનું રક્ષણ કરે છે વેદો આશ્વાસન આપનારી સલાહ આપે છે. તેઓ લોકો સાથે પ્રેમથી વ્યવહાર કરે છે અને આગળ દોરી જાય છે, કારણ કે આદરણીય વ્યક્તિઓ જેમણે બ્રહ્મન્ નું ઉત્તકૃષ્ટ જ્ઞાન મેળવ્યું છે તેમના દ્વારા વેદો મેળવાયા છે.

દલીલો અથવા સાબિતીઓના પુરાવા દ્વારા બ્રહ્મન્ સમજી ન શકાય. એ કારણ અને ગણતરીથી પર છે. અમાપ છે.  અનિવર્ચનીય છે. તે આવું છે કે તેવું છે,તે આ કારણને લીધે કે પેલાને લીધે છે તે નિશ્ચય પૂર્વક જાહેર ન કરી શકાય. સમય અને આકાશ દ્વારા તે માપી નહીં શકાય. શાસ્ત્રો તેમનું પ્રમાણ છે.

સત્ય માટેના સાધારણ પ્રમાણો –પ્રત્યક્ષ પ્રમાણ અને અનુમાન પ્રમાણ છે. પણ બ્રહ્મન્ આબે સાધનોથી જાણી શકાય નહીં. ઋષિઓએ તે અનુભવ્યું અને શાસ્ત્રોમાં તેને વ્યક્ત કર્યું છે. શબ્દ એ તેનું અડગ પ્રમાણ છે.

## વેદો સતત ઈશ્વરના વિચારો શીખવે

'શાસ્ત્રોનો અર્થ એ કે જે ભૂલાઈ ગયું છે તેને સ્મૃતિમાં પાછું લાવે છે. બ્રહ્મન્ એ દરેક માણસ નું સ્વત્વ (આત્મા) છે. શાસ્ત્રીય સૂચનાઓ અથવા શાસ્ત્રો દરેકને માર્ગદર્શન આપે છે અને સલાહ આપે છે.'મને' અને 'મારું' એ અસત્યનો મોહ અને ખોટા મૂલ્યોદ્વારા લોકો ભ્રમણાને તાબે થાય છે અને અજ્ઞાનના અંધકારની સાથે એક થઈ જાય છે. પરતું શાસ્ત્રો માતા છે;તે છોડી નહીં દે. તે મુશ્કેલીઓ હોવા છતાં ચાલુ રાખે છે અને તેમની પાછળ મંડી પડે છે. તે લોકોને તેઓ બચી જશે તેની ખાત્રી કરાવવા માટે તેમના ધ્યેયને યાદ કરાવે છે.

તેથી ઉપરનું સૂત્ર એમ જાહેર કરે છે કે શાસ્ત્રોને, અગમ્ય,અપ્રમેય,અકથ્ય બ્રહ્મન્ ની જાગૃતતાનું કારણ ગણવા જોઈએ. શાસ્ત્રો અસંખ્ય છે અને જીવનનો સમય ઘણો ટૂંકો છે. આકાંક્ષા રાખનારા ઘણાંછે;શંકાઓ અને આનાકાની કરનારા ઘણાં છે, દ્રઢ નિશ્ચયવાળા અતિ અલ્પ છે. તેને પરિણામે,કોઈપણ પૂર્ણ પ્રભુત્વનો દાવો કરી ન શકે.

જો કે સમુદ્રના પાણીનો સ્વાદ જાણવા વ્યક્તિએ આખા સમુદ્રને પીવાની જરૂર નથી: જીભ ઉપર એક ટીપું પૂરતું છે,તેવીજ રીતે, શાસ્ત્રોની બધી માહિતીઓ સમજવી અશક્ય છે. પણ મહત્વનુ જ્ઞાન જે વિસ્તારથી સમજાવાયું છે તેને ગ્રહણ કરી આચરણમાં મૂકવું પૂરતું છે. આનો બોધ એ છે કે ઈશ્વરનો સતત વિચાર કરો.

## પ્રહલાદની ઈશ્વરમાં અચળ શ્રધ્ધા

જ્યારે પ્રહલાદના પિતા હિરણ્યકશ્યપુએ, તેને પોતાની પાસે બોલાવી પ્રેમથી પુછ્યું કે તે તેને શિક્ષક પાસેથી જે શીખ્યો તેનું પુનરાવર્તન કર, પ્રહલાદે જવાબ આપ્યો,"હું બધા જ્ઞાનનો ગૂઢાર્થ શીખ્યો છું." પિતાએ ખુશ થઈ તેને પૂછ્યું "જેના ઉપર તે પ્રભુત્વ મેળવ્યું છે તે આવશ્યક જ્ઞાન મને કહી સંભળાવ". પ્રહલાદે જવાબ આપ્યો," પિતાજી, જે બધી વસ્તુને પ્રકાશિત કરે છે અને અંતમાં બધી વસ્તુને પોતામાં સમાવી લે છે, તે એક જ છે અને તે નારાયણ છે. હંમેશા તેને મનમા રાખી અને તેનાથી આનંદ અનુભવમાં જીવનની બધીજ પરિપૂર્ણતા મળી જાય છે".પુત્રએ નારાયણ નામનો ઉચ્ચાર કર્યો,જેને માટે તેના પિતાને નફરત હતી. તે ત્યાં અટક્યો નહીં,"પિતાજી તમે આખી દુનિયા જીતી,પણ તમે તમારી ઇન્દ્રિયો જીતવામાં નિષ્ફળ ગયા છો. તો તમને નારાયણની કૃપા કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? આ ભૌતિક

કૌશલ્ય અને દુન્યવી પ્રાપ્તિઓ ખોખલી માલિકીની વસ્તુઓ છે. માત્ર તે એક વિષેનું જ્ઞાન (બ્રહ્મ વિદ્યા) અને તેના અનુભવની પાછળ પડવું જોઈએ".

**આનંદ એ પાંચ મહત્વના કોષોનો હાર**

**એક** જે બધાનું હાર્દ છે તેની જાગૃતતામાં રહેવું લોકોને માટે એક મુશ્કેલી ભરેલું કાર્ય છે. લોકો અન્નનો સારાંશ છે. સ્થૂળ દેહ એ ખાધેલા અન્નનું પરિણામ છે. પરંતુ લોકોમાં સૂક્ષ્મતર શક્તિ છે. તેજ અંદરના આંદોલનો જેનું નામ પ્રાણ છે. તેની અંદરનું મન તેનાથી પણ સૂક્ષ્મ છે, અને બુધ્ધિ એ મન કરતાં ઊંડી અને સુક્ષ્મતર છે. બુધ્ધિથીપર લોકોમાં આનંદનો કોષ છે જે સૌથી વધુ સૂક્ષ્મ છે. જ્યારે લોકો આ આનંદના ક્ષેત્રમાં ઊંડા ઉતરે છે ત્યારે તેઓ વાસ્તવિકતા જે બ્રહ્ન્ છે જે એક છે. તે અનુભવી શકે છે.તે જાગૃતતા ખરેખર સૌથી વધુ ઇચ્છનિય છે.

તૈતિરીય ઉપનિષદના ભૃગુ વિભાગમાં જે બ્રહ્માનંદવલ્લી પછી આવે છે તેમાં વરુણના પુત્ર ભૃગુની વાર્તા છે. બ્રહ્મ તત્વ વિષે ભૃગુને શીખવતી વખતે વરુણ કહે છે,'પુત્ર બ્રહ્મન્ આંખથી જોઈ શકાતું નથી. તું જાણ કે બ્રહ્મન્ આંખ ને જોવાની અને કાનને સાંભળવાની શક્તિ આપે છે. શુધ્ધ મનમાં અને એકાગ્ર વિચારો (તપસ) વડે ઉત્કટ ઇચ્છા દ્વારા (તપસ) જફક્ત તે જાણી શકાય છે. બીજું એક પણ સાધન સહાય કરી શકે નહીં .

તેણે કહ્યું,**'વ્હાલા ભૃગુ, તું જાણ કે વિશ્વમાં બધુ જ ફક્ત** બ્રહ્મન્ માંથી ઉદ્દભવે છે. બ્રહ્મન્માં અસ્તિત્વ પામે છે. અને બ્રહ્મન્ દ્વારા પ્રગટે છે. અને બ્રહ્મન્ માં લય પામે છે. એકાગ્ર આધ્યાત્મિક સાધના દ્વારા તું તારી જાતે તેને શોધ '.આધ્યાત્મિક સાધના, જે અંતે સત્યને પ્રગટ કરે છે તેમાં પ્રવેશતા પહેલા પિતાજીએ તેને ફક્ત આ સૂચનો આપ્યા હતા.

તેના પિતાના શબ્દોમાં પૂર્ણ શ્રધ્ધા રાખી ભૃગુએ તેની જાતને એકાગ્ર આધ્યાત્મિક સાધનામાં પરોવી દીધી. આત્મ-નિયંત્રણ અને આત્મ-ખોજે તેની ચેતના ને ઊધર્વગામી બનાવી, તે અવસ્થાએ તેણે અન્ન એ બ્રહ્મ છે તેમ એ સમજ્યો અને તેણે તેમ માની લીધું હતું. એણે જે જાણ્યું હતું તે તેણે જાહેર કર્યું ત્યારે તેના પિતા વરુણે તેને કહ્યું કે તેનો જવાબ ખોટો છે.

તેથી, ભૃગુએ આધ્યાત્મિક સાધના ચાલુ રાખી અને શોધી કાઢ્યું કે પ્રાણ એ બ્રહ્મ છે,કારણકે પ્રાણ વગર બીજી વસ્તુઓ નકામી છે. પ્રાણ એ જીવનનું કારણ છે. જીવનને ટકાવે છે અને જીવનનો અંત લાવે છે. પણ તેના પિતાએ ફરી આ અનુમાન ખોટું છે એમ જાહેર કર્યું, અને એને આધ્યાત્મિક સાધનામાં આગળ વધવા ફરી પાછો મોકલ્યો.

આ રીતે, ભૃગુને ત્રીજી વાર તપ કરવાનો વારો આવ્યો, ત્યારે મન એ બ્રહ્મ છે એ નિર્ણય ઉપર તે આવ્યો, અને ચોથીવાર, જ્યારે તેણે એ નિર્ણય ને ફરી તપાસ્યો અને માન્યું કે

વિજ્ઞાન એ બ્રહ્મ છે. અંતે, તપશ્ચર્યાની પાંચમી વખતે એ જાગૃત થયો કે આનંદ એ બ્રહ્મ છે. તે એ ચેતનાના આનંદમાં રહ્યો અને તેના પિતા પાસે ફરી ન ગયો, પિતાએ ભૃગુને શોધ્યો અને તેને અભિનંદન આપ્યા, જેણે (ભૃગુ) સ્મરણશક્તિમાંથી સંસારને દૂર કર્યો હતો, તેમણે કહ્યું," પુત્ર તું તે દ્રશ્યમાં વિલીન થઈ ગયો છે."

## આધ્યાત્મિક આનંદ એ બ્રહ્મ છે જે ઓમ દ્વારા સૂચવાય છે

વ્યક્તિ અન્નના પ્રાણી તરીકે જીવન શરૂ કરે છે, પરંતુ તેણે આધ્યાત્મિક આનંદના મૂર્તસ્વરૂપના ધ્યેય તરફ આગળ વધવાનું છે. માત્ર માનવજાતિ જનહીં પણ દરેક જીવંત પ્રાણી અન્નથી શરૂઆત કરે છે અને આધ્યાત્મિક આનંદના શિખરે પહોંચવા ઉત્કંટિત બને છે. બધાજ પ્રયત્નો અને બધાજ કાર્યો આધ્યાત્મિક પ્રાપ્ત કરવા તરફ દોરાયેલા હોય છે. બધા જીવો આધ્યાત્મિક આનંદમાં જન્મ્યા છે. તેને માટે જીવશે અને તેને પ્રાપ્ત કરવા માટે મરી પણ જશે. તૈતિરિયઉપનિષદ એમ સ્પષ્ટ કરે છે કે આધ્યાત્મિક આનંદ મેળવવાની ઉત્કટ ઇચ્છા માટે વ્યક્તિએ જન્મ,વિકાસ વિનાશ અને મૃત્યુમાંથી પસાર થવું પડે છે.

છતાપણ,બ્રહ્મન્ કઈ રીતે આધ્યાત્મિક આનંદ હોય શકે? એમ કહેવાયું છે. 'ઓમ જે એક અવિનાશી અક્ષર છે તે બ્રહ્મન્ છે (ઓમ ઈતી એકાક્ષરમ બ્રહ્મન્)' વિશ્વ એ ઓમથી(પ્રણવ) પૂર્ણ રીતે વ્યાપ્ત છે. વળી, એમ પણ કહેવાયું છે,'આ આત્મા બ્રહ્મ છે' તેથી, આત્મા,બ્રહ્મ અને ઓમ આ બધા અભિન્ન રીતે સરખા છે. બ્રહ્મજ્ઞાન એમ શીખવે છે કે દરેક જીવંત પ્રાણીમાં રહેલો આત્મા બ્રહ્મન્ પોતે છે અને કોઈ રીતે તેનાથી ઓછો નથી. બ્રહ્મ સૂત્ર જાહેર કરે છે કે બાહ્ય વિશ્વ (જેનો પાયો બ્રહ્મન્ છે) અને આંતરિક વિશ્વ (અંતર જગત) એક સરખા જ (અભિન્ન) છે અને તેમાં ભેદ ન પાડી શકાય.

✳✳✳✳✳✳

## બધા વેદાંતિક સૂત્રો માત્ર બ્રહ્મન્ ને સ્થાપે છે

## ( ત ત્તુ સમન્વયાત)

એ સ્પષ્ટ રીતે દર્શાવે છે કે બધા વેદાંતિક સૂત્રો ફક્ત બ્રહ્મન્ને સિદ્ધાંત તરીકે માન્ય રાખે છે. પવિત્ર શ્રુતિઓના નિવેદનનું જ્યારે સમન્વયતાની ભાવના સાથે અભ્યાસ કરવામાં આવે ત્યારે તે બ્રહ્મને પ્રગટ કરે છે. અને તેની વાસ્તવિકતાની  જાણકારી આપે છે.

પ્રશ્ન એ ઉદ્દભવે છે કે શાસ્ત્રો કર્મ કે જ્ઞાન એ બેમાંથી કોની સર્વોપરિતાને માન્ય રાખે છે. જો કે બ્રહ્મન્નું ગહન રહસ્ય બીજાને સમજાવી શકાય તેવું નથી. જો કે તે ગમે તેટલું અસંતોષકારક હોય છતા તેને જ્ઞાનના કોઈ એક સ્તર દ્વારા દર્શાવવું જોઇએ. નહિતર, તે સમજણથી પર રહેશે.

### શાસ્ત્રો માત્ર દુનિયાના અનુસંધાન માટે જ નથી

એક દર્શન પ્રમાણે એવી માન્યતા છે કે વેદો કર્મને મુક્તિના સાધન તરીકે પ્રસ્થાપિત કરે છે. વેદાંત (ઉપનિષદો) તેની સાથે સંમત થતા નથી, પરંતુ શાસ્ત્રોને માર્ગદર્શન અને સલાહ સાથે સંબધ છે, નહીં કે એક યા બીજી પધ્ધતિને વિશિષ્ટ રીતે વળગી રહેવામાં, કર્મોની સીફારસ કરવી તે શાસ્ત્રોનું મુખ્ય ધ્યેય નથી. જ્યારે વ્યક્તિ કર્મમાં પ્રવૃત હોય ત્યારે તેણે ઘણા પુણ્યોના કાર્યો કરવા જોઈએ અને તે મનની શુધ્ધિ વધારે છે. કારણ કે કાર્ય ચેતનાને શુધ્ધ કરે છે, તેથી ઘણા લોકો દલીલ કરે છે કે શાસ્ત્રો ફક્ત આ એકલો એક જ માર્ગ છે એમ શીખવે છે, જ્યારે કાર્ય એ ફક્ત ધ્યેયનું સાધન છે તે સત્યની તેઓ અવગણના કરે છે.

આના અનુસંધાનમાં આપણે એક બીજી વાત ઉપર ધ્યાન આપવું જોઈએ.કર્મ ના કારણે વ્યક્તિની ઇચ્છાઓ –માંગણીઓ,આકાંક્ષાઓ, નિર્ણયો અને વાંછના અનેક ગણી થાય છે અને કર્મ તેને ઉશ્કેરે છે. ઇચ્છા માટેનો શરૂઆતનો આવેગ એ વાસ્તવિકતાની અજ્ઞાનતાને કારણે છે.સ્વભાવિક રીતે એવી શંકા ઉત્પન્ન થાય છે કે ચેતના જે અજાગૃત છે તે પોતાને જાગૃત ચેતના માં કેવી રીતે પરિવર્તિત કરી શકે છે. અંધકાર અંધકારને કદી પણ દૂર ન કરી શકે, શું તે શક્ય છે ? તેવીજ રીતે અજ્ઞાન કદી પણ અજ્ઞાનને દૂર કરી ન શકે. ફક્ત જ્ઞાન જે સત્ય ની જાગૃતતા છે તેના વડે સિધ્ધ થઈ શકે છે. આ સૂત્ર શંકરે પ્રસિધ્ધ કર્યું છે. દુનિયાને સંવાદિતાની બહુ જરૂર છે તેટલી જ હદ સુધી જાગૃતતાની પણ જરૂર છે. બીજાઓ ને બ્રહ્મજ્ઞાન આપવું તે ગમે તેટલું મુશ્કેલી ભરેલું કામ હોય.

એમ કહેવાયુ છે કે બ્રહ્મજ્ઞાન ની અસર અને કર્મ ની અસર એ બંને વચ્ચે ઘણો તફાવત છે. પુણ્ય અને પાપ, સુખ અને દુ:ખ એ પ્રવૃતિના પરિણામો છે. કર્મ દ્વારા જે સુખ પ્રાપ્ત કરી શકાય છે તે મનુષ્ય લોકના ક્ષેત્ર ના સ્તરથી માંડી સૌથી ઊંચા બ્રહ્મ લોકના ક્ષેત્રના સ્તર સુધી મેળવી શકાય છે. તેવી જ રીતે મનુષ્ય લોકના સ્તર ની નીચે ક્ષેત્રો છે જ્યાં દુ:ખ

વધારે ને વધારે ઊંડું ને વધારેને વધારે તીવ્ર થાય છે. તુલનાત્મક રીતે તેઓ ભ્રામક છે અને પૂર્ણ વાસ્તવિક નથી.

**કામ પ્રત્યેની આસક્તિ નહીં, પણ જાગૃતતા એ ચાવી છે**

તેથી જાગૃતતા અને આનંદ એ બન્ને જન્મજાત પોતાના હક્કથી અસ્તિત્વ ધરાવે છે. તે શાશ્વત રીતે અસ્તિત્વમાં છે તે એક એવું અપરિવર્તનશીલ બીનઅસરકારક સત્ય છે. નિયમો તથા અભ્યાસોને અનુસરવાથી તેને મેળવી શકતું નથી. મોક્ષની અવસ્થા શરીર, મન અને અહંકારની જટીલતાથી પર છે,તેથી, જ્ઞાનાતીતત્વ એ વ્યક્તિના શારીરિક,માનસિક ને બૌધિક પ્રયત્નોથી પર છે. જ્યારે જાગૃતતા ઉદ્દભવે છે  ત્યારે અજ્ઞાનનો અંધકાર અદ્રશ્ય થઈ જાય છે. જ્યારે દીવો પ્રગટાવવામાં આવે છે ત્યારે અંધકાર રહેતો નથી.

કેટલાક લોકો એમ દલીલ કરે છે કે બ્રહ્મજ્ઞાન એ ફક્ત એક જ સત્ય છેઅને વ્યક્તિગત પ્રયત્નો દ્વારા તે પ્રાપ્ત થતું નથી એ પ્રમાણે કહેવું એ તદ્દન યોગ્ય નથી. શંકર ની મુખ્ય મીમાંસા,જેની નોંધ આગળ કરી છે તે આ દ્રષ્ટિ બિંદુ સાથે સમાધાન કરે છે.વ્યક્તિ એ ખરેખર બ્રહ્મન્ છે અને બીજું કશું નથી તે જ્ઞાન દરેક ની ચેતનમાં સુપ્ત રીતે પડેલું છે, પરંતુ વ્યક્તિ તે જાણી શકતી  નથી અને કર્મના સાધન દ્વારા અથવા બૌધિક વિચારો દ્વારા પણ મક્કમતાથી પોતાની જાતને તેમાં સ્થાપિત કરી શકતા નથી. પ્રવૃતિ એ વ્યક્તિને ફક્ત બધારે બંધનમાં બાંધી શકે છે. કારણકે તે વિવિધતા જાણે કે સાચી હોય તેની સાથે સંકળાયેલી છે; તે બંધનોને છોડાવીને મુક્તિ નહીં આપવી શકે. તે વધુમાં વધુ આવેગોને અને લાગણીઓને પવિત્ર કરી શકે. વિચારોની ચકાસણી વધુમાં વધુ બુધ્ધિને સ્પષ્ટ કરી શકે અને જ્ઞાનના ધોરણનું  સૂચન કરી શકે છે. ફક્ત બ્રહ્મજ્ઞાન જ માણસ ને બંધનમાંથી મુક્ત કરી શકે છે. તેથી વ્યક્તિને સાવધાન કરે છે કે પ્રવૃતિ પ્રત્યે વધારે પડતી આસક્તિ વિકસાવવી નહીં.

**કાર્યને ભક્તિમાં પરિવર્તિત કરો**

તેમ છતા,કોઈકવાર, આપણે શાસ્ત્રોને પ્રવૃત્તિના મૂલ્યો ઉપર ભાર મુક્તા જોયા છે. શાસ્ત્રો આપણને મા જેટલો જ પ્રેમ કરે છે. સમય અને સંજોગોની આવશ્યકતા પ્રમાણે અને બુધ્ધિના સ્તર ને ધ્યાનમા રાખીને જેમ મા બાળકોને પાઠો શીખવે છે તેમ શાસ્ત્રો આપણને શીખવે છે. બે બાળકોની માતા એક તંદુરસ્ત અને મજબૂત બાળકને તે ઇચ્છા કરે તે દરેક વાનગીઓ આપે છે. પણ તે માંદા બાળકને વધારે ન ખવડાવી, જેનાથી તે આરોગ્ય પ્રાપ્ત થાય ફક્ત તેવી જ વાનગીઓ કાળજી પૂર્વક આપે છે. તેથી શું,આપણે તેના ઉપર તોહમત મૂકી શકીએ કે પ્રેમ આપવામાં તે એક બાળક તરફ પક્ષપાત કરે છે અને બીજા બાળક વિરુધ્ધ પૂર્વગ્રહ રાખે છે? શાસ્ત્રો કામની કિમત કરતા તેના રહસ્યને જાણનારાઓ નું ધ્યાન ખેંચે છે. કામ જીવનને સુધારી શકે છે. અને તેના આદર્શોને વ્યવસ્થિત કરે છે. કામને કઈ રીતે

લાભદાયક પ્રવૃત્તિમાં ફેરવવું તેની સૂચના દરેકને મળવી જોઈએ. છતા પણ, કર્મ એ બધું જ નથી.

માનવ જીવન ક્ષણિક છે: તે પાણી ઉપર પરપોટો છે. જીવનના આ ક્ષણિક પરપોટા ઉપર લોકો ઇચ્છા અને આસક્તિઓની ઇમારત પોતાને માટે ચણે છે. જ્ઞાન એમ ચેતવણી આપે છે કે તે કોઈ પણ ક્ષણે તૂટી પડશે અને ચૂરેચૂરા થઈ જશે.

**આધ્યાત્મિક તપાસ અન્નમય કોષથી શરૂ થઇ**
**આનંદની અવસ્થામાં પૂરી થાય છે.**

પરમાત્મા જે અનાસક્ત છે અને દેહ થી મુક્ત છે તેમણે દેહ ધારણ કર્યો છે અને વ્યક્તિ બન્યા છે. સ્થૂળ દ્રષ્ટિ એ જોતાં શરીર એ ખાધેલા અન્નમાંથી બનાવેલું એક ભૌતિક પીંજરુ છે (અન્નમય કોષ). આ કોષની અંદર પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય ના સૂક્ષ્મ કોષો રહેલા છે. બધા કોષોમાં સૌથી ઊંડો કોષ આનંદમય કોષ રહેલો છે.

આ સૂત્ર,'બ્રહ્મન્. એ વેદાંત શાસ્ત્રોનો મુખ્ય આશય(ધ્યેય) છે(તત્ તું સમન્વયાત્)' આપણને જાણકારી આપે છે કે અધ્યાત્મિક તપાસ અન્નમય કોષ ને પાયો બનાવી આનંદમય કોષ સુધી પહોંચવાની સફરને સમાવી લે છે. જો કે સ્થૂળ ના બે પાસા છે: આધારિત ઇમારત અને સ્વતંત્ર પાયો.

**સર્વ ધર્મ નો સમન્વય**

માનવજાતિની આધુનિક આધ્યાત્મિક માન્યતા પ્રમાણે વ્યક્તિ,કોઈ પણ જગ્યાએ ફાંટાઓનો સમન્વય કરવાનું સ્પષ્ટ પણે સમજી નથી શકતા,જોડાણના અને સમાધાનના સિધ્ધાંતોને સમજીને પ્રસારવા અને વિવરણ કરવા જોઈએ. જો કે ધર્મના અલગ અલગ નામો છે અને સિધ્ધાંતો પણ એક બીજાથી જુદા છે.તત્વાંશની દ્રષ્ટિએ બધા એક જ છેઆ સૂત્ર સર્વધર્મમાં રહેલા સમાન હાર્દ ઉપર ભાર દેવાનો પ્રયત્ન કરે છે.

કમનસીબે,ધર્મ વચ્ચેના બાહ્ય ભેદોએ બધા માનવોની મિત્રાચારીને અને આંતરરાષ્ટ્રીય ભાઈચારાની ભાવનાને ઉથલાવી નાંખી છે, આજે મહાન દ્રષ્ટાઓ જેઓએ વિશ્વનું રહસ્ય પ્રગટ કર્યું છે તેઓના જ્ઞાન અને અનુભવ અને તેમની વૈશ્વિક પ્રેમ ની ભાવનાની કદર થતી નથી તેનો સ્વીકાર થયો નથી અને તેના પ્રત્યે માનથી જોવાતું નથી. થોડા સિધ્ધાંતોને બાદકરતાં બધા ધર્મોના સિધ્ધાંતો નો સહેલાઇથી સમન્વય કરી સમાધાન કરી શકાય છે. તે જ ઈશ્વર જુદા જુદા નામો દ્વારા અને જુદી જુદી વિધિઓ દ્વારા ઘણા ધર્મોમાં પ્રશંસા પામે છે અને પૂજાય છે દરેક યુગમાં દરેક જાતિ માટે અથવા લોકોના સમુદાય માટે, ઈશ્વર શાંતિ અને સદ્ભાવના સ્થાપવા પયગંબરને મોકલે છે. જયારથી ઘણા ભીન્ન ભીન્ન ધર્મો દુનિયામાં ફેલાયેલા છે પણ તેઓએ ભાઇચારાની ભાવના ખોઈ નાખી છે અને તેને કારણે તેઓએ મજબૂતીમાં મુશ્કેલી ભોગવી છે.

સમન્વયની તાત્કાલીક જરૂર છે,બધામહાનપુરુષો ઈશ્વરની પ્રતિકુતિ છે.તેઓ ઇશ્વરના રાજયમાં ફક્ત એક જાતિ બનાવે છે: તેઓ એક જ રાષ્ટ્રના છે, દૈવી ભાઇચારાના. દરેકે પોતાની જાતને બીજાની વિધિઓ અને માન્યતાઓને સમજવામાં રસ લેતી કરવી જોઈએ. ત્યાર પછી જ દરેક વ્યક્તિ શુધ્ધ મન અને પ્રેમાળ હૃદયથી,બીજાઓ ની સાથે દૈવી હાજરીને માણી શકે, સમન્વયનો સિધ્ધાંત બધા ધર્મો અને શ્રધ્ધાઓનું મૂળ હાર્દ છે.

******

## ચેતના એ વિશ્વનું પ્રાથમિક કારણ છે, નહિ કે જડ પદાર્થ

## (ઇક્ષતે ના શબ્દમ્)

વેદો ભાર પૂર્વક કહે છે કે બ્રહ્મન્ એ જગતનું પ્રાથમિક કારણ છે. કોઈપણ અચેતન પદાર્થને તેઓ કારણ તરીકે માનતા નથી. (વેદો) ઈશ્વરની વાણી,સૃષ્ટિની ઉત્પત્તિ પાછળ કોઈ અચેતન પદાર્થના સિધ્ધાંતને ટેકો નથી આપતા. જ્યારે બીજી બાજુએ સતે બનવાનો નિશ્ચય ખાત્રી પૂર્વક કર્યો છે અને સંકલ્પ પણ કરી લીધો છે. નિણર્ય,નિશ્ચય, રચના- આ બધા ચેતનાના કામ છે: અચેતન દ્રવ્ય આવા સંકલ્પને વ્યક્ત કરવા અસમર્થ છે. તેથી,બ્રહ્મન્ જે સંપૂર્ણ ચેતન છે તેને આપણે પ્રાથમિક કારણ તરીકે સ્વીકારવું જોઈએ.

### વેદો જાહેર કરે છે- સર્જન એ ઈશ્વવરની ઇચ્છાનું પરિણામ છે

અચેતનને આદિકાળના દ્રવ્યનું (પ્રધાન) સ્ત્રોત કહે છે. વેદો તેને વિષે કશું કહેતા નથી. આ સૂત્ર આને બહુ સ્પષ્ટ રીતે વ્યક્ત કરે છે. અમુક દર્શનો, આદિકાળ નું દ્રવ્ય, જેના દ્વારા 'નામ-રૂપનો જુવાળ' યોજાય છે જેને જગત કહેવામાં આવે છે તેનું સૂચન કરે છે. બીજા દર્શનો ‘અણુ રચિત' અથવા'પ્રકૃતિ' ને મૂળ તરીકે બતાવે છે, બીજાઓ પ્રશંસા કરતાં એમ કહે છે,'તમે' સર્વોપરી ઇચ્છા, તમે પૂર્ણ આત્મા અને તમે પરમાત્મા છો. તમારે કારણે આ બધી વિવિધતાનું રક્ષણ થાય છે.બીજા કેટલાક એવી દલીલ કરે છે કે ત્રણ ગુણો મુખ્ય તત્વો છે પ્રકૃતિમાં વિવિધતાનું કારણ એક અથવા બીજા ગુણોનું વર્ચસ્વ છે.

વેદોનો અધિકાર આ દ્રષ્ટિ બિન્દુને ટેકો આપતું નથી. વેદોએ માનવાનું ચાલુ રાખ્યું છે કે બ્રહ્મન્ ને ઇચ્છા કરી આને સૃષ્ટિ ઉદ્દભવી તે સંકલ્પ એ પ્રસ્તાવના પ્રાથમિક કાર્ય છે. સાંખ્ય દર્શન આદિકાળ ના દ્રવ્યના મૂળને એક જડ દ્રવ્ય તરીકે માને છે અને પ્રકૃતિ ના ત્રણ ગુણોને સર્જનના કારણ તરીકે ગણે છે, આ ત્રણ ગુણો સત્વ,રજસ,તમસ છે. આ ત્રણ ગુણોમા જયારે સંતુલનઅને સ્થિરતા હોય છે ત્યારે કોઈ પણ જાગૃત નિર્ણય ઉદ્દભવી ન શકે,એમ સાંખ્ય દર્શન કહે છે. તે અવસ્થામાં પરમપુરુષની અસર મળવી જોઈએ. તે (પરમપુરુષ) જે સાક્ષી ભાવ છે, જે ચેતના કે જાગૃતતા છે. બીજા શબ્દોમાં ઈશ્વરની ઇચ્છાની અસર છે. તેને કારણે આદિકાળ નું દ્રવ્ય જણાયું છે અને જાણવા લાયક છે.

### વિશ્વ ઈશ્વરે ધારણ કરેલું શરીર

આ બધી જ મીમાંસાઓને ધ્યાનમાં લઈને,સૌથી સાચો નિર્ણય એ છે કે બ્રહ્મન્ એ મુખ્ય કારણ છે. ચોક્કસ, સર્વોત્તમ સુગમ્ય સત્ય ગુણરહિત,લક્ષણરહિત, અતિ સૂક્ષ્મ, અને ગહન બ્રહ્મન્ નથી. તે બ્રહ્મન્ જેણે ગુણોનો પોતા ઉપર અધ્યાસ કર્યો છે તેના દ્વારા તે સગુણ

બ્રહ્મન્ ને ઓળખી શકાય છે. આ વિશ્વ જે ચેતન અને અચતેનથી બનેલું છે, તેને તેમના શરીર તરીકે તેમણે ધારણ કર્યું છે.

વ્યક્તિઓનેચૈતન્યની બક્ષિસ મળવી જોઈએ,જેથી કાર્ય જે તેમને કરવા યોગ્ય લાગે તે કરે અથવા ન કરે, આજે શું કરવું જોઈએ અથવા આવતી કાલ ઉપર શું મુલતવી રાખવું જોઈએ. આવતા વર્ષે ક્યો પાક ઉગાડવો જોઈએ આવા વિચારો,યોજનાઓ અને પ્રકલ્પો ફક્ત ચેતનાના  ક્ષેત્રમાં જ ઉદ્દભવી શકે અને નહીં  કે જડ પત્થર,લાકડું,પર્વત અને ખીણમાં,તૈયારી એ ચેતનાની નિશાની છે જેની પાસે તે નથી તે કદાપિ સંકલ્પ કરી નહીં  શકે.

જ્યારે ઇચ્છા ઉદ્દભવી ત્યારે બ્રહ્મન્ ઈશ્વર બન્યો. અને ફક્ત તે ઇચ્છા દ્વારા ઈશ્વરે વિશ્વનું સર્જન કર્યું સ્થૂળ દ્રષ્ટિએ જોતાં ઈશ્વર અને વિશ્વ ભિન્ન લાગે છે. સૂક્ષ્મ દ્રષ્ટિએ તપાસતા પદાર્થ અને પરમાર્થ પ્રાણી અને પ્રાણ વચ્ચે કોઈ મૂળભૂત ભેદ નથી પ્રાણ પોતા ઉપર શરીર ધારણ  કરે છે અને જીવંત ઘટક જેવા દેખાય છે અને જીવંત ઘટકમાથી પ્રાણ બહાર આવે છે.

**બધું બ્રહ્મન્ છે અને બીજું કશું નથી**

વૈદિક શસ્ત્રો બ્રહ્મન્ ના સિધ્ધાંત અને પ્રગટીકરણની વાત કરે છે. તેઓ જ્ઞાનના ખજાના અને અંત:સ્ફુર્ણાના અનુભવની મિલકત આપે છે. સમય જતાં વેદોની સ્તુતિઓ  શ્લોકો અને મંત્રો નો કર્મકાંડની રીતે અર્થઘટન કરવામાં આવ્યું આ દુનિયાના અને બીજી દુનિયાના બાહ્ય પદાર્થો મેળવવાને માટે તેઓ ઉપયોગી છે તે રીતે તેમના ખૂબ વખાણ થયા હતા. મંત્રોના ઉચ્ચારણ સાથે કરાયેલી વિધિને લાભકારી કર્મો ગણવામાં આવતા હતા,ખરેખર તો વિશ્વમાં બ્રહ્મથી કશું જુદું કે ભિન્ન નથી તે બધુ જ બ્રહ્મમાંથી ઉત્પન્ન થયું છે તે બધુ બ્રહ્મમાં જ લય પામે છે, તેમાં જ તે ગતિ કરે છે અને તેનું અસ્તિત્વ ફક્ત બ્રહ્મમાં જ છે.

આ સત્ય નીચેના સૂત્ર દ્વારા સ્પષ્ટ કરાયું છે.

તેમાંથી જન્મ લય અને વિકાસ (આવ્યા)

(તજજલત: - તત્-તેમાંથી, જ –જન્મ, લ- લય,અંત:- વિકાસ)

આ ચાર પગો ઉપર વિધાન ઉભેલું  છે અને સ્થાપિત છે. જન્મ વિકાસ અને મૃત્યુ એ દૈવી પુરુષ નો યજ્ઞ બને છે.

**આત્મા માટેનો પ્રેમ એ બીજા બધા પ્રેમોનું મૂળ છે**

જગત જે પાંચ મહાભૂતમાંથી બનેલું છે તે સર્વ વ્યાપી બ્રહ્મન્ માંથી ઉત્પન્ન થયું છે એવી એક પણ જગ્યા નથી જ્યાં તેનું અસ્તિત્વ ન હોય. વિશ્વ હંમેશા ગતિમાં છે. વિશ્વનો નાથ જગદીશ્વર તેને ચલાવે છે. દુન્યવી પ્રેમ એ સાચો પ્રેમ નથી: આત્માનો પ્રેમએ બધા આવા પ્રેમોનું મૂળ છે.

ઉપનિષદ જાહેર કરે છે કે યાજ્ઞવલ્કયે આ જ્ઞાન મૈત્રેયીને આપ્યું હતું (બૃહદારણ્યક ઉપનિષદમાં).

પોતાના આત્માના પ્રેમને કારણે બધાજ પ્રિય છે.

(આત્મનસ્તુ કામ્યા સર્વમ્ પ્રિયમ્ ભવતિ)

જાત માટેનો પ્રેમ એ પ્રાથમિક છે: બીજા પદાર્થ માટેનો પ્રેમ ગૌણ છે. બીજા માટેના પ્રેમને માટે પ્રેમ શબ્દ ન વાપરી શકાય, આત્મા આધ્યાત્મિક આનંદ ને ઝંખે છે અને ચાહે છે કારણકે આત્મામાંથી આધ્યાત્મિક આનંદ મેળવી શકાય છે. અનુરાગ અથવા પ્રેમ આત્મામાંથી આત્મા તરફ વહે છે. તેથી જ્યારે આત્માની વાસ્તવિકતા મૂળ તરીકે સમજાય છે. ત્યારે આપણને સમજાય કે બધું સર્વોપરી ચેતના દ્વારા બને છે. (બ્રહ્મ- ચૈતન્ય).

**દ્રવ્ય નહીં પણ દૈવી ઇચ્છા એ બધી વસ્તુનું મૂળ છે**

દેખીતું ચર અને અચર,પ્રવૃત અને જડ, આ બન્ને દૈવનો સંકલ્પ છે. તે સંકલ્પ એ ચેતનાનું કાર્ય છે; તે અચેતનનું રૂપ નથી. આ સત્ય આ સૂત્ર દ્વારા પ્રગટ કરાયું છે.

જાણવાને કારણે (અસ્તિત્વને શાસ્ત્રોએ તેને પ્રથમ કારણ તરીકે ઠરાવ્યું છે), (દ્રવ્ય) શાસ્ત્રોમાં તે મળી આવતું નથી,(વિશ્વનું આદિકાળ નું કારણ નથી).(ઇક્ષતેન શબ્દમ્)

કોઈપણ વ્યક્તિથી જે કોઈ દલીલો અને પ્રતિ દલીલો થઈ હોય છતાં પણ, સત્ય એ છે કે દૈવી ઇચ્છા એ બધી વસ્તુઓનું મૂળ છે, તે દ્રઢ રીતે નિશ્ચિત છે. આને અંગે જે લોકો દલીલો કરે છે તેઓ ક્યાં તો બાહ્ય દેખાવોથી ભ્રમિત થયા છે અથવા તેમના વ્હાલા તરંગોને ટેકો આપવા,ઊંડી તપાસ ને અવગણે છે.

**વ્યક્તિ નું હાર્દએ આત્મા અથવા બ્રહ્મન્ છે**

માનવ શરીર, સૌથી પહેલા આત્મા માટેનું આવરણ તથા આવલંબન છે. પાણી અને વાયુ જેવા તત્વો શરીર સાથે ગાઢ રીતે સંકળાયેલા છે, તેથી આત્મા તત્વ,બ્રહ્મ તત્વ,જે હાર્દ છે,તે જાણી શકાતુ નથી.લોકોએ આ તત્વ જે તેમનું સત્ય છે, તેના વિષેની જાગૃતતા ખોઈ નાંખી છે. આત્મા એ શરીરમાં છે પણ શરીરનો નથી. આત્મતત્વ જો કે શરીરમાં પ્રવૃત છે પણ તે શરીરની માલિકીનો નથી.

આંખોને જોવાની શક્તિ અને કાનને સાંભળવાની શક્તિ આત્મા જ આપે છે. તો પછી કઈ રીતે આંખો તે આત્માને જોઈ શકે અથવા કઈ રીતે કાનો તેને સાંભળી શકે?આંખો અને કાનો આધેય છે (બીજા ઉપર આધાર રાખે છે); જ્યારે સર્વ વ્યાપી ચૈતન્ય,બ્રહ્મ તત્વ, આત્મા એ પોષક છે. તે જ તમે અસલી (સાચા) ‘તમે’છો,સંકલ્પ છો.

**બધું નિરંતર ચેતન બ્રહ્મ છે**

તત્વો (આકાશ,વાયુ,તેજ,પાણી,પૃથ્વી) જે વિશ્વ ને બનાવે છે,તે ફક્ત પ્રજ્ઞાન દ્વારા પ્રેરિત થઈ,કાર્ય કરે છે,દેવો અથવા તેજવાળી વ્યક્તિઓ,ફક્ત તે પ્રજ્ઞાન દ્વારા તેજસ્વી બને

છે,જે તેમને શક્તિમાન બનાવે છે. જીવંત પ્રાણીઓની આખી દુનિયા તે જે સર્વોચ્ચ જ્ઞાન(પ્રજ્ઞાન) વડે પોષાય છે.

સ્થાવર અને જંગમ (સ્થિર અને ચાલતું)આ બન્ને દ્રઢ રીતે સર્વોચ્ચ જ્ઞાન (પ્રજ્ઞાન)પર આધારિત છે. સર્વોચ્ચ જ્ઞાન આત્મા છે;સર્વોચ્ચ જ્ઞાન બ્રહ્મન્ છે વળી દેખાતા બાહ્ય લોક (ભૌતિક દુનિયા) પણ તે જ છે. સર્વોચ્ચ જ્ઞાન વિશ્વની આરપાર છે: સર્વોચ્ચ જ્ઞાન એ ચૈતન્ય છે: જે વિશ્વના અણું એ અણુંમાં પ્રસરેલું છે.

વેદો નિશ્ચય પૂર્વક કહે છે કે બ્રહ્મન્ વિશ્વનું કારણ છે,તેનું સૂચન કરવા'સત્'(અસ્તિત્વમાં હોવું) શબ્દનો ઉપયોગ કર્યો છે. અસ્તિત્વનો અર્થ છે 'નિરંતર ચેતના ધરાવનાર' વેદો એવા કશાની વાત કરતાં નથી જે 'અચેતન' હોય, બધું ચેતન છે. બધું હસ્તી ધરાવે છે, બધું બ્રહ્મન્ છે.

✳✳✳✳✳✳

## સર્વોચ્ચ આત્મા એ આદિકાળથી અસ્તિત્વ ધરાવનાર છે, પાર્થિવ દ્રવ્ય એ આદિકાળનું નથી ( ગૌણશ્ચેત્ ના, આત્મ શબ્દાત્ )

ત્યારથી, આત્મા શબ્દનો ઉપયોગ કરેલો છે તેથી સંકલ્પ અથવા પ્રગટીકરણ જેનો ઉલ્લેખ આગલા સૂત્રમાં કરાયો છે તે કાર્ય આત્માનું જ હોવું જોઈએ. અગ્નિ અને પાણી સંકલ્પના પરિણામે ઉપજ્યા છે. ‘પ્રગટીકરણ’ અને આવિર્ભાવ‘શબ્દોનું ગૌણ રીતે અથવા અલંકારી રીતે અર્થઘટન ન કરી શકાય. વેદોમાં અને શ્રુતિઓમાં આદિકાળથી અસ્તિત્વ ધરાવતી વસ્તુ તરીકે માત્ર આત્માનું જ સૂચન થાય છે. અંત:સ્ફૂર્તિ અથવા નિર્ણય તે આત્મામાં પોતનામા જ બનેલા છે. તે,બીજી કોઈ અસ્તિત્વ ધરાવનાર વસ્તુમાં નહીં. આખું વિશ્વ,જેનું ઇન્દ્રિય દ્વારા જ્ઞાન પ્રાપ્ત કરી શકાય, તે ફક્ત સત્ છે અથવા હોય છે. સમયના વહેણની સાથે અને અવકાશના ઘેરાવામાં, જે કોઈ પણ આકાર તેણે ધારણ કર્યો તે બધા વાસ્તવિક છે, ફક્ત અસ્તિત્વમા છે, કહેવાનું તાત્પર્ય એટલું જ છે કે  તે આત્મા છે. આ વેદોના બાધ છે.

કશું જડ નથી, અપ્રવૃત નથી,આ રીતે આપણને ખબર પડે છે કે આત્મા શબ્દનો ઉપયોગ કોઈવાર પ્રધાન અથવા મૂળ પ્રકૃતિને સૂચવવા કરવામાં આવે છે. મૂળ પ્રકૃતિ એ સાધન છે, જે સર્વોપરી ચેતનાની(પુરુષ) ઇચ્છાને પૂરી કરે છે. તે પરમ આત્મા છે, અસ્તિત્વ ધરાવનાર(પ્રકૃતિ) ને સર્વોચ્ચ આત્મા જે કારણ છે તે પ્રેરે છે. પ્રકૃતિ પણ ચેતના છે એમ આરોપણ કરવામાં આવ્યું છે.

## આત્મા ની સભાનતા એ મુક્તિની ચાવી છે

વ્યક્તિગત જીવ જે એમ માને છે કે તે સંપૂર્ણ વૈશ્વિક ચેતનાથી જુદો પડ્યો છે,તે ઇચ્છા અને નિરાશા,પ્રેમ અને તિરસ્કાર,શોક અને આનંદને વશ થાય છે, વ્યક્તિ નામ અને રૂપની દુનિયાથી આકર્ષાય છે. આવી વ્યક્તિ’બધ્ધ’ (બંધનમાં) છે એમ વર્ણવી શકાય. તેથી મુક્તિ માટેની જરૂરિયાત તાકીદની છે.અને મુક્તિ મેળવવા વ્યક્તિએ સર્જન(પ્રકૃતિ)પરની આસક્તિ અને આધાર છોડી દેવા જોઈએ.

દ્રષ્ટિ વગરનો દ્રષ્ટિહીનને ન બચાવી શકે,નિરધારને નિરાધાર મદદ ન કરી શકે,વ્યક્તિ જે નિરાધાર છે,અસહાય છે,તે બીજાની ગરીબી,પીડા અને દુ:ખને કઈ રીતે દૂર કરી શકે? ગરીબે સમૃધ્ધ અને ધનવાન પાસે પહોંચવું જોઈએ.આંધળાએ દેખતાની મદદ લેવી જોઈએ. જે વ્યક્તિ બંધનમાં છે અને સર્જનના દ્વૈત ભાવથી દ્રષ્ટિહિન છે, તેવાએ કરુણાના અખૂટ ભંડાર,શક્તિશાળી અને જ્ઞાની એવા દૈવી આત્માનું શરણું લેવું જોઈએ. તો પછી તે વ્યક્તિ દુ:ખના દારિદ્રયમાંથી મુક્તિ મેળવી શકે,આધ્યાત્મિક આનંદની સંપત્તિ માણી શકે અને

મનુષ્યના અસ્તિત્વનું ધ્યેય પ્રાપ્ત કરી શકે છે. બ્રહ્મન્ ની કૃપા વડે આ પરિપૂર્ણતાએ પહોંચાય છે અને આત્મિક જાગૃતતા પ્રાપ્ત કરી શકાય છે.

આત્માને કઈ જગ્યાએ શોધવો જોઈએ? આત્મા ક્યાં રહે છે? વ્યક્તિ કઈ રીતે આત્માને જાણી શકે? દેખીતી રીતે અચેતન વસ્તુઓને સર્વોચ્ચ ચેતનાના અથવા આત્માના પ્રગટીકરણ તરીકે પૂજવાથી આ ક્રિયામાં મદદ રૂપ થાય છે. જેઓએ નિરાકાર,ગુણરહિત બ્રહ્મન્ નો કસીને અભ્યાસ કર્યો હોય, તેવા જીજ્ઞાસુઓ જ આત્મસિધ્ધાંતને સાચી રીતે સમજી શકે છે વળી સગુણ બ્રહ્મન્ ને પણ આત્મિક વાસ્તવિકતા પૂર્ણ માત્રમાં હોય છે. આ સત્ય ને સાબિત કરવા ઘણા ઉદાહરણો છે. બ્રહ્મવિધ્યા એ આત્માને બ્રહ્મન્ તરીકે અને વ્યક્તિને વૈશ્વિક તરીકે અનુભવવા અને સમજવા માટેનું બીજું નામ છે.

## બોધની ચાર અવસ્થાઓ

દરેકને બ્રહ્મ જ્ઞાન મેળવવાનો હક્ક છે અને દરેક વ્યક્તિ, તેના જીવનમાં દરરોજ આ જ્ઞાનની શોધ માટે ચાર અવસ્થાઓમાંથી પસાર થાય છે. વેદો પ્રમાણે તે જાગૃત અવસ્થા, સ્વપ્ન અવસ્થા, સુષુપ્તિ અવસ્થા અને તુરીયા અવસ્થા (મુક્તિની અવસ્થા) છે. આ અવસ્થાઓ અથવા સોપાનો તરીકે, તેમની સીમા નક્કી કરેલી છે. પહેલી અવસ્થામાં વ્યક્તિ બાહ્ય જગત માટે જાગૃત છે અને બહિર્મુખી બને છે. વિશ્વના પદાર્થો આંખ વડે જોઈ શકાય છે. ધ્વનિ કાન વડે સાંભળી શકાય છે,ઇન્દ્રિયો સુંઘવા,સ્વાદ લેવા અને સ્પર્શ કરવા સમર્થ છે. સમાજના સંપર્કમાં જીવન પૂર્ણ રીતે જીવાય છે. સંપર્કના ઓગણીસ સાધનો – પાંચ જ્ઞાનેન્દ્રિયો, પાંચ કર્મેન્દ્રિયો, પંચ પ્રાણ અને ચાર અંત:કરણ  છે.

૧ મન (મનસ)

૨ વિવેકની શક્તિ (બુધ્ધિ)

૩ ચેતનાની સ્મરણ શક્તિનોં ભંડાર (ચિત્ત) અને

૪ અહંકારની ભાવના(અહંકાર).

આ ઓગણીસ સંપર્કના સાધનો અને તેની અસર,વ્યક્તિને તેના સ્થૂળ આકારમાં (દેહમાં) જાગૃત અવસ્થા દરમ્યાન,શોક અને આનંદ,લાભ અને હાનિ,સફળતા અને નિષ્ફળતાના અનુભવો કરાવે છે.વ્યક્તિ સ્થૂળ દેહની જટિલતા સાથે એકતા સાધે છે. તેથી અનુભવો પણ સ્થૂળ હોય છે.

સ્વપ્ન અવસ્થાના પ્રદેશો જુદા છે. ત્યાં આત્મા અંતર્મુખ હોય છે. પ્રતિક્રિયા પ્રતિભાવો અને અનુભવો બધા સ્વમાં સમાયેલા હોય છે. પોતા સિવાય બાહ્ય વસ્તુઓ સાથે તેઓને લાગતું વળગતુ નથી. એક જ ઓરડામાં બીજા દસ જણ સૂતા હશે પણ દરેકને તેને પોતાનું સ્વપ્ન હશે. એકના સ્વપ્નના અનુભવોને બીજાના સ્વપ્નો ના અનુભવો સાથે સંબંધ નથી હોતો, દરેક વ્યક્તિ ફક્ત પોતાના જ સ્વપ્ન દ્વારા બેચેન બને છે અથવા આનંદિત બને છે. સ્વપ્ન

જોનાર બહારના સંજોગોથી અસરમુક્ત હોય છે. ખરેખર બાહ્ય દુનિયા એ વ્યક્તિની ચેતનાથી પર હોય છે.

સ્વપ્ન અવસ્થા દરમ્યાન વ્યક્તિ પોતાના મનમાંથી દુનિયા ઉત્પન્ન કરે છે અને તેને જે અનુભવો મળે તેમાં તે રાચે છે. જો કે પદાર્થો જે દેખાય છે તે કાલ્પનિક હોય છે, પરંતુ આનંદ અને શોક,પ્રેમ અને ડરની લાગણીઓ અને ભાવનાઓ જાગૃત અવસ્થા જેવી જ વાસ્તવિક હોય છે. સંપર્કના અને અસર કરનારા ઓગણીસ સાધનો સ્વપ્ન અવસ્થા દરમ્યાન હાજર હોય છે. શરીર દ્વારા અથવા દ્રવ્ય દ્વારા તેઓ કાર્યાન્વિત નથી હોતા: તેઓ ફક્ત મન દ્વારા જ કાર્યાન્વિત બને છે: કારણ કે મન પાસે તેજસ્વિતા હોય છે જે ચિત્રને ઊભું કરે છે તેથી તેને તેજથી ભરેલું (તૈજસ –આત્માના ચળકાટમાંથી, તેજસ) તેવું નામ આપવામાં આવ્યું છે. પ્રકાશ વ્યક્તિને કોઈ પણ આકાર,કોઈ પણ ધ્વનિ,સ્વાદ વગેરે જે તે નક્કી કરે તે બનાવવામાં અને રચના કરવામાં સહાય કરે છે.સ્વપ્ન અવસ્થા,એ પોતાની જાગૃતતાને આત્મા દ્વારા પ્રાપ્ત કરવાનું બીજુ પગથિયું અથવા બીજી અવસ્થા છે.

પછીની, સુષુપ્તિ અવસ્થા છે. આ અવસ્થા વળી સ્વપ્નથી મુક્ત છે વ્યક્તિ સ્વસ્થ નીંદ્રામાં ખોવાય જાય છે. વ્યક્તિ પોતાના અંગો,અવાજો,સુગંધો,આકારો,સ્વાદો અને સ્પર્શના સંવેદનથી જાગૃત હશે નહીં. બધી પ્રવૃતિઓ મનમાં સમવિષ્ટ થઈ,તેમાં સુપ્ત રહે છે. બધા અનુભવો ચેતનાના  ઉચ્ચ સ્તરમાં(પ્રજ્ઞાનમાં) ગરકાવ થઈ જાય છે. ત્યાં જુદાપણાની અથવા એકરૂપતાની ,વિશિષ્ટતાની કે વૈશ્વિક્તાની ખંડતાની કે અખંડતાની કોઈ ભાવના રહેતી નથી. ત્યાં અનુભવનાર કે અનુભવ નથી. ત્યાં ફક્ત આત્મા જ છે. જેમાં વ્યક્તિ થોડા સમય માટે વિલીન થઈ જાય છે.

પછી ચોથું પગથિયું (તુરીયા) અહિયાં વ્યક્તિ પહેલા જેવી રહેતી નથી તેણે જીવન અને સર્જન જે સર્વવ્યાપી છે,જે બધુ સમાવનાર આત્મા છે, શાંતિ છે,ફક્ત એકજ આત્મસામ્રાજ્યની શક્તિ છે, તેના મૂળભૂત સત્ય ને પ્રાપ્ત કરે છે. જેઓ આ પગથિયે પહોંચ્યા છે, તેઓને વ્યક્તિગત આત્મા સાથે હવે કોઈ સબંધ નથી. વ્યક્તિ આગ્રહ પૂર્વક નકહી શકે કે આ લોકો જ્ઞાન ધરાવે છે અથવા તે જ્ઞાન ધરાવતા નથી કારણકે તેઓ સદાને માટે ઉચ્ચતર આનંદમાં વિલીન થઈ ગયા હોય છે.

**બધું આત્મા છે – આત્મા બધું છે**

આત્મા, જેમાં તેઓ વિલીન થઈ ગયા હોય છે,તે આંખથી જોઈ શકતો નથી.(અદ્રશ્ય છે). તે હાથ દ્વારા મજબૂત પકડી કે ઝાલી શકાતો નથી. વ્યક્તિ ફક્ત જાણી શકે કે તે અસ્તિત્વમાં છે અને તે કલ્યાણકારી છે, અને તે સિવાય બીજુ કશું નથી. આત્મામાં શ્રધ્ધાના મૂળ રોપાય તે પહેલા, બધી ઇચ્છાઓ જે વ્યક્તિને ભૌતિક દુનિયા તરફ ખેંચી જાય છે તેણે જડમૂળ થી ઊખેડી નાખવી જોઈએ.

આત્મિક જાગૃતિના ચાર પગથીયાઓ ઓમના ઉચ્ચારણના ચાર પગથિયાંઓ સાથે ઘણા સમાન છે. ઓમ અને આખરી મંત્ર,જાગૃત,સ્વપ્ન,સુષુપ્તિ અને તુરિયા અવસ્થા જેની આગળ વાત કરી છે તે સમાન કક્ષાના છે. આત્મા મનમાં સ્પષ્ટ છે, અને ગાઢ નીંદ્રામાં તે હ્રદયમાં આરામ કરે છે, અને ચોથી અવસ્થામાં જાતમાં(આત્મામાં) જ બધું જ હોય છે, સારાંશમાં એમ સ્થાપિત કરી શકાય કે બધા સંજોગોમાં,બધી પરિસ્થિતીઓમા અને બધી પ્રવૃતિઓ અને અનુભવોમાં,દૈનિક જીવનની બધી અવસ્થામાં બધા જીવંત પ્રાણીઓમાં આત્મા નું અસ્તિત્વ હોય છે. બધું આત્મા છે-આત્મા બધું છે. વિશ્વ એક તરીકે એક દ્વારા પ્રગટ થયું છે, આ સૂત્ર આને પ્રગટ કરે છે. આ એકતાની જાગૃતતા સિવાય આનંદ કે શાંતિ મળી શકે નહીં આનંદ અને શાંતિ વગર સત્ય એક પોકળ ખ્યાલ છે.તેથી વ્યક્તિએ વિશ્વને પૂર્ણ જાણવું જોઈએ. તે શૂન્ય કે ખાલી નથી તે આત્મા પોતે જ છે.

✳✳✳✳✳✳

## બધા કારણોનું કારણ દૈવી સંકલ્પ છે

## (હેયત્વ –અવચનાત્ – ચ)

જ્યારે કારણ ખબર પડી જાય છે ત્યારે વ્યક્તિને બધા પરિણામોની ખબર પડી શકે છે. આખું વિશ્વ,એટલે કે ચર અને અચર દરેક વસ્તુ જે પંચમહાભૂતોમાંથી બનેલી છે તેથી પ્રપંચ કહે છે, તે બધી દૈવી સંકલ્પનું પ્રગટીકરણ છે. ઈશ્વરની ઇચ્છા જે કારણ છે તેનું તે (વિશ્વ) પરિણામ છે. કોઈ પણ પરિણામ આગલા કારણ સિવાય બની ન શકે. જો કે કારણ ને બે પાસા છે, ભૌતિક કારણ (ઉપાદાન કારણ) અને નિમિત્ત કારણ છે.

## ઈશ્વર,એ વિશ્વનું ઉપાદાન કારણ અને નિમિત્ત કારણ બન્ને છે

ભૌતિક કારણ એ પ્રાથમિક છે,જે ઉપજ પહેલાનુંછે.તે સંપૂર્ણ પાયો છે,પૂરેપૂરો પાયો છે, જેની ઉપર ઉપજ આધારિત છે.દાખલા તરીકે ચાંદીના કપ નો વિચાર કરો કપને ચાંદીથી અલગ અસ્તિત્વ નથી. જ્યારે ચાંદી,જેનો કપમાં ઘાટ ઘડવામાં આવે છે. તેનો અભાવ હોય છે. તો પછી તેમાથી બનતી વસ્તુ પણ હોતી નથી,ચાંદી એ ભૌતિક કારણ છે, બીજા શબ્દોમાં કહીએ તો આકાર અથવા (રૂપ) પહેલા (ચાંદી) 'છે',અને 'બનાવનાર'છે અને હોવો જોઈએ.

ચાંદી ઉપર કપનો આકાર નિમિત્ત કારણ દ્વારા અધ્યાસ થયો છે. તે કળાનું એને કૃત્રિમ પરિણામ છે. ચાંદી એ પહેલા અસ્તિત્વનું કારણ (ઉપાદાન) છે. ચાંદીના વાસણ બનાવનારો કપને બનાવે છે. એકવાર કપ તૈયાર થઈ જાય,પછી તે બનાવનારને તેની સાથે કોઈ પણ સબંધ રહેતો નથી,પરંતુ કપ અને ચાંદીને કાયમ માટેનું સગપણ બંધાય છે.

ઈશ્વર વિશ્વનું, જગતનું અને સર્જનનું ઉપાદાન કારણ છે. તે પદાર્થ,આધાર અને ઉપાદાન કારણ છે. ઈશ્વર નિમિત્ત કારણ પણ છે. તે અનુભવાતીત અને અસાધારણ બન્ને છે. 'હોવું'અને 'બનવું'બન્ને છે. જેવી રીતે કપમાં ચાંદી,તેવી રીતે વિશ્વ એ આખું ઈશ્વરમય છે. તે પોતે પોતાની જાતને આ બધાના રૂપે મૂર્ત કરે છે. તેમણે આ બધું બનવાની ઇચ્છા કરી છે. દરેક પદાર્થમાં તે,પરમાર્થ,સર્વોપરી સત્ય આંતર્ભૂત છે. આ પરમ સત્યના અભાવમાં કોઈ પણ પદાર્થનું અસ્તિત્વ વ્યાપ્ત ન હોય શકે. દરેકે દરેક વસ્તુ સર્વગ્રાહી સત્ય દ્વારા ટકી રહી છે.

## સાચી દ્રષ્ટિ વિવિધતામાં એકતા બતાવે છે

આ આશ્ચર્યજનક રહસ્ય મનુષ્યની સમજણ થી પર છે. બુધ્ધિ તેને ઉકેલી નહીં શકે. કુદર્શનવાળી બુધ્ધિવડે મનુષ્ય દેખાતા નામ અને રૂપને, જ જુએ છે. ભ્રમણાથી તે ગુંચવાડામાં પડ્યો છે. તે ગમા-અણગમા, સુખ-દુ:ખ,ચડતી –પડતીથી આમ તેમ ફેંકાય છે. તેની સામે જે ઘણાં ભિન્ન નામો અને સ્વરૂપો આમ તેમ ફરે છે. તે મિથ્યા છે, તેને માટે જ તે જાગૃત છે,

સત–દર્શન તેને અનેકમાં એકને જોવાનું શીખવે છે, તે ભિન્નતા માં એકતાને પ્રગટ કરે છે. અને સર્વોત્તમ આનંદ બક્ષે છે, કારણ અનેકમાં તે એક સમાયેલો છે તેનાથી તે સભાન થાય છે. જે સર્વોચ્ચ સત્ય પરાતત્વ છે. મુક્તિ એ આ જાગૃતતાનો અનુભવ કરવો,આ બ્રહ્મત્વ ની પ્રાપ્તિ કરવી તે છે. દરેકે દરેક જીવંત પ્રાણીએ આ અંતિમ ધ્યેય ને બ્રહ્મન્ ને પ્રાપ્ત કરવાનો છે. તે જ સાચો મુકામ છે. આજે અથવા કાલે દુ:ખ અને આનંદની બેડીમાથી 'હું'અને 'મારા' ના બંધનમાંથી છૂટવાની તીવ્ર ઈચ્છા જાગશે અને ઉદ્દભવશે.ત્યારે જે માર્ગ અપનાવાશે તે માર્ગ તેને બેશક મુક્તિ તરફ દોરી જશે. તે માર્ગને અપનાવવો તે ડાહ્યા માણસ ની નિશાની છે.

આ શોધ વિના,જ્યારે વ્યક્તિ ભૌતિક દુનિયાને અતિ મહત્વની સમજે છે,અને તેની મોહકતા ઉપર આકર્ષાય છે,ત્યારે તેની જિંદગી શુષ્ક બને છે. અને તેનું કોઈ પરિણામ નથી. પ્રકૃતિ પદાર્થ સ્વરૂપનું મૂર્ત રૂપ છે.પ્રકૃતિમાં દેહ ધારણ કરવાની ક્રિયાની જેણે રચના કરી છે તે પરમ પુરુષ તરફ વ્યક્તિએ આકર્ષાવું જોઈએ. એક અપંગ બીજા અપંગની મદદ લે તો તેને શું લાભ થાય? કઈ રીતે બંધનમાં પડેલો માણસ બીજા જે બંધનમાંપડેલા છે તેને બંધનમાથી મુક્ત કરી શકે? જયારે વ્યક્તિબંધનમાં છે તે બીજો જે બંધનમાં નથી તેના ઉપર આધાર રાખે છે તો તે તેના બંધનમાથી  મુક્ત થઈ જાય છે અને મુક્ત રીતે ફરી શકે છે.

### દૈવી કૃપા દ્વારા સનાતનને પ્રાપ્ત કરો

જે વ્યક્તિ દુ:ખમાં ડૂબેલી છે તેણે જે આનંદમાં તરતો હોય, ખુશીથી ભરેલો હોય તેનો આશરો લેવો જઈએ. બંધન વ્યક્તિને દુ:ખમાં ડૂબાડી રાખે છે જ્યારેઈશ્વર પૂર્ણ રીતે આનંદના મૂર્ત સ્વરૂપ છે તેથી, વ્યક્તિ દુ:ખની બીમારીમાંથી તદ્દન સાજો, માત્ર તે અખૂટ વહેતા આનંદના ઝરણા,ઈશ્વર ઉપર આધાર રાખે, તો થઈ શકે છે. અને  ખરેખર મોક્ષ શું છે? મોક્ષ એ દુ:ખમાંથી મુક્તિ,દુ:ખનો અભાવ અને આનંદની પ્રાપ્તિ છે. પરમાત્મા સર્વોપરી આત્મા, સર્વોપરી માલિક અવિભાજિત મધુરતાના મૂર્ત સ્વરૂપ આનંદ નિલય છે. તેથી જેઓ તેની કૃપા માંગે છે અને મેળવે છે તેઓ શાશ્વતતાને જ મેળવી લે છે.

આ રીતે જે શાશ્વતતા પ્રાપ્ત થાય છે તેમાંધ્વનિ,સ્પર્શ,રૂપ,ગંધઅને સ્વાદને સ્થાન નથી તેને આદિ કે અંત નથી. વ્યક્તિએ તે વિજય  પ્રાપ્ત કરવા માટે ધીમે ધીમે અવિરત પણે પ્રયત્ન કરવો જોઈએ, તેણે પ્રગતિકારકરીતે સ્થૂળમાથી સૂક્ષ્મમાં, સૂક્ષ્મમાંથી કારણમાં,અને કારણ અવસ્થામાંથી અંતે મુખ્ય કારણમાં વિલીન થવું જોઈએ, એટલે એમ કહેવાનું કે, આધ્યાત્મિક મુસાફરી સ્થૂળમાંથી, સૂક્ષ્મમાં સ્થૂળમાંથી કારણમાં અને કારણ સ્તર પરથી વ્યક્તિએ મહા-કારણમાં વિલીન થવું જોઇએ.આ  નિયમિત માર્ગ છે.

અંદર જુઓ માત્ર બહાર નહીં જુઓ

ગમે તેટલું સામાન્ય માનવી ભૌતિક સુખ અને બાહ્ય મોજ મઝાને મેળવવા ખૂબ મહેનત કરે છે,તેઓ આત્મા, જે તેમનું સાચું અસ્તિત્વ છે,તે જે આનંદ આપી શકે છે,તેને મેળવવાનો પ્રયત્ન કરતાં નથી તેઓ તેનો અનુભવ કરવાની મહાન તક ગુમાવીદે છે,તેમજ તે હેતુ માટેના કોઈ યોગ્ય પગલા પણ લેતા નથી. બધા સમય માટે, તેમનું ધ્યાન માત્ર બાહ્ય જગત તરફ જ દોરાઈ રહ્યું છે . તેમની દ્રષ્ટિ અંતર મુખ થતી નથી.

**પશુ ( જનાવર) એમ કહેવામાં આવે છે, કારણ તે બહાર જુએ છે (પશ્યતિ)-**

**(પશ્યતિ ઈતિ પશુ ).**

જનાવરનું લક્ષણ બહાર જોવાનું છે,મનુષ્યનું નહીં. માનવ શરીરમાં જ્ઞાનેન્દ્રિયોના મહત્વના અંગો જેવા કે,આંખ,નાક અને જીભ ..વિગેરે બધા બહાર તરફ નજર કરે છે,જેથી તેઓનો બાહ્ય પદાર્થનો સંપર્ક થઈ શકે, તેથી,વ્યક્તિએ એમ નિર્ણય કરવો જોઈએ કે શારીરિક ઈચ્છા,શરીરની દ્રષ્ટિ બધું જ બાહ્ય છે.

બાહ્ય દુનિયાનો સંપર્ક વ્યક્તિ જેટલી સહેલાઇથી કરી શકે છે,તેટલો આંતરિક દુનિયાનો સંપર્ક કરી શકતો નથી. કદાચ ઘણામાં એક અથવા લાખોમાં એક તે સંપર્ક કરે છે અને આંતરિક દ્રષ્ટિદ્વારા તે અંદરની વાસ્તવિકતા જીતે છે. તે જ્ઞાની માણસ છે. જે વ્યક્તિ માનવ જીવનના હેતુની સમજણ સાથે જન્મી છે તેણે ધ્યેયને પ્રાપ્ત કરવાનો છે. તે ધ્યેય આનંદનો ધ્યેય,મૂળભૂત શાશ્વત આનંદનો છે. તે જ સર્વોપરી પ્રાપ્તિ છે. જે જીંદગી ને સચોટ,અર્થવાહી અને સારી બનાવે છે.

**એકમની અથવા આત્મિક દ્રષ્ટિ તે આંતરિક અને બાહ્ય બન્ને છે**

ખરેખર, બાહ્ય દુનિયા અને આંતરિક દુનિયા અલગ અને દૂર નથી, તેઓ છૂટા પાડી ન શકાય તે રીતે એક બીજા સાથે વણાયેલા છે. (અવીના-ભાવ-સંબંધ). સામાન્ય માણસની એવી માન્યતા છે કે શરીર એ સાધન છે. જેની દ્વારા તે જોઈ શકે છે. સાંભળી શકે છે, અનુભવ કરી શકે છે અને ખુશ થાય છે. બીજી કોઈ શક્તિ ઇંદ્રિયોનું,મનનું,અને બુધ્ધિનું નિયંત્રણ કરી,તેમના ઉપર રાજ કરી શકતી નથી. તે શક્તિ આત્મા છે, આ સૂત્ર વ્યક્તિને આ શક્તિ વિષે જાગૃત રહેવા તરફ દોરે છે અને તે જાગૃતતાને સતત પોતાનામાં રાખી ઇન્દ્રિયો,મન અને બુધ્ધિ દ્વારા દુનિયાનો સંપર્ક કરવાનો છે .

પર્વતની હારમાળા ઉપર વરસાદ પડી તેની બાજુઓ પરથી ખીણમાં તે પાણી સરી પડે છે અને ડોહળાયેલા વહેણ તરીકે વહે છે, તે જ વરસાદ તાજા પાણીના તળાવ અથવા સ્વચ્છ નદીઓ ઉપર પડે છે ત્યારે શુધ્ધ અને સ્વચ્છ રહે છે. ઋષિઓ જેઓ આત્માના અસ્તિત્વને જાણે છે તેઓમાં પરિવર્તન થયું છે અને તેઓ શુધ્ધતા,સંતુલનતા અને

દાનભાવનાનું પ્રતિનિધિત્વ કરે છે.તેઓ હમેંશા આત્માની, તેમના અંદરના હાર્દની પૂર્ણ જાગૃતિમાં રહે છે. આ લોકોની શુધ્ધ ચેતનામાં,તેમને દૈવી ચેતના સાથેની એકતાનો અનુભવ થાય છે. જે માણસ આ અવસ્થાએ પહોંચ્યો હોય તેને ગમા-અણગમા, હું અને મારાની ભાવના,ચિંતા અને શાંતિ, વખાણથી ફૂલાવાનું અને ટીકા થતાં નાસીપાસથવાનું- આ બધા અસર કરતા નથી તેમજ તેને ઉશ્કેરતા નથી, આ વિરોધી ભાવો સમાન લાગે છે અને તેમને સમાનતાથી સ્વીકારાય છે,જાણે કે તેઓ આત્માની ચેતના ઉપરના મોજા છે. આ સાચી આત્મિક મનોવૃતિ છે. દ્રષ્ટિમાં બ્રહ્મન્, એકમની દ્રષ્ટિ છે.

******

## વ્યક્તિ વૈશ્વિક બ્રહ્મન્ માં વિલીન થાય છે

## (સ્વાપ્યયાત)

'સ્વ' નો અર્થ 'પોતાની જાતમાં' એટલે એમ કહેવાનું કે,'બ્રહ્મન્' માં થાય છે. 'આપ્યયાત' એટલે 'કારણકે તે વિલીન થાય છે' આ બે શબ્દો આપણને કહે છે,'કારણકે એમ કહેવાયું છે કે વ્યક્તિગત આત્મા (જીવ) બ્રહ્મ માં વિલીન થઈ જાય છે',સ્વપ્ન રહિત ગાઢ નિદ્રામાં જીવીને શું થાય છે,ત્યાં તેના અસલી સ્વભાવની ફરી શરૂઆત થાય છે. કારણ કે જીવાત્મા પોતાના આત્મા ને પ્રાપ્ત કરે છે, જે પોતે જ અસલી રૂપ છે, ત્યાર પછી તે આત્મા બને છે અને બીજું કશું નહીં,આત્મા જે નામ અને રૂપમાં જાણે કે બંધાયેલો દેખાય છે, તે નામ અને રૂપને ત્યજી દે છે અને વૈશ્વિક આત્મામાં વિલીન થાય છે.જાણે તે મોજું સમુદ્રમાં વિલીન થઈ જાય છે. તે (મોજું)બન્યું હતું, હવે તે ફક્ત અસ્તિત્વ ધરાવનાર (સત્) બને છે.

## બ્રહ્મન્ સનાતન અસ્તિત્વ ધરાવનાર અને પૂર્ણ જાગૃતતા બન્ને છે

**બધા વેદાંત શાસ્ત્રોનો મર્મ અને બોધ સત્ય છે:**

(૧)**બ્રહ્મન્,**વિશ્વ (જગત).જે વિલીન થાય છે અને ઉદ્દભવે છે(ગ અને જ), તેનું નિમિત્ત કારણ અને ભૌતિક કારણ બન્ને છે.

(૨)**બ્રહ્મન્ એ એક અને ફક્ત એક જ છે,તેથી વિશ્વમાં ચેતના સિવાયબ્રહ્મન્થી અલગ કઈ નથી.**

ત્યાં કઈ પણ જડ અથવા અપ્રવૃત નથી,શાસ્ત્રો અને વેદાંતોશાસ્ત્રોપ્રમાણે **બ્રહ્મન્ફ**ક્ત (સત્)અસ્તિત્વ ધરાવનાર જ નહીં, પણ ચેતના પણ છે (ચિત્)

## પાંચ અગત્યના પ્રાણો શરીરમાં પંચાગ્નિને બળતણ આપે છે

દરેક જીવંત પ્રાણીઓ માટે ઊંઘ બહુ જરૂરની છે. ઊંઘ વગર લોકો અને બીજા પ્રાણીઓ જીવી ન શકે. દુનિયા જે બધી જાતના આનંદો આપે છે તેમાં નિંદ્રા એ સૌથી મોટી બક્ષિસ છે, બાકીના બધા, નીરસ, સૂકા, તુચ્છ અને નકામાં છે. જ્યારે જીવંત પ્રાણીઓ ઊંઘે છે ત્યારે પાંચ અગત્યના પ્રાણો –પ્રાણ નીચે જતો વાયુ, ચોમેર ફેલાયેલો વાયુ, ઊર્ધ્વગામીવાયુ, પાચકવાયુ, (પ્રાણ,આપન,વ્યાન,ઉદાન,સમાન ) શરીરમાં રહેલા પંચ અગ્નિ સાથે મળી જઈને કામ કરે છે, તેને ગરમાટો આપે છે.

ઊંઘ દરમ્યાન, શ્વાસ ઉચ્છવાસની ક્રિયા સમાન રીતે, સ્થિરતાથી ચાલે છે. પ્રાણવાયુ વેદિક વિધિ પ્રમાણે ઘરમાં સતત બળતા પવિત્ર અગ્નિ (આહવનીય) જેવુ કાર્ય કરે છે. તે સમાન રીતે સ્થિરતાથી આપણને શક્તિ આપે છે.

વ્યાન વાયુ, વેદિક વિધિમાં યજ્ઞ વેદીની દક્ષિણ બાજુએ પ્રગટાવેલા અગ્નિ જેવો છે.ઉદાન વાયુ, વ્યક્તિના મનને જેણે કર્મ દ્વારા અધિકાર પ્રાપ્ત કર્યો છે તેને બ્રહ્મલોક પહોંચવાને સહાય કરે છે. બીજા શબ્દો માં કહીએ તો સર્વોપરી સાથે લય થવાના અનુભવ માટે સમર્થ બનાવે છે. કારણ કે દેહધારી જીવ ઊંઘમાં આરામ કરે છે, ઊંઘમાં સુખી હોય છે, ઊંઘ દ્વારા તાજગી પ્રાપ્ત કરે છે અને ઊંઘ દરમ્યાન આનંદ પ્રાપ્ત કરે છે.

## શરીર એ આત્માનું (ઈશ્વરનું ) મંદિર છે

દેહધારી આત્મા શરીરમાં સ્થાપિત કરેલા દેવ છે, તે તેનું મંદિર છે, દેહધારી આત્માએ, જે બધુ જોયેલું છે, જે બધું સાંભળેલું છે,એને બાહ્ય દુનિયામાં મન દ્વારા સંપર્ક કરાયો છે, તે ઉપરાંત જે બધું જોઈ નથી શકતો, સાંભળી નથી શકતો, મન દ્વારા સંપર્ક કરી શકતો નથી તે બધાની અસર અનુભવે છે, આ બધા ઉપરાંત વ્યક્તિગત આત્મા સ્વપ્નમાં કદાચ રચના કરે અને અનુભવ કરે અને પૂર્વ જન્મ દરમ્યાન બની ગયેલા અનુભવોના સાક્ષી બને છે,તેનો આધાર દરેક વ્યક્તિના મન ઉપર છપાયેલી પ્રવૃતિ ઉપર છે, અથવા કોઈકવાર એવું પણ બને કે વ્યક્તિ એક ઝાટકે ઇન્દ્રિયો અને શરીર સાથેનો સંપર્ક છોડી દે અને લય પામે અને તેના મુખ્ય તત્વો, સર્વવ્યાપીમાં (પરમાત્મામાં) વિલીન થઈ જાય,આનંદ, જે વ્યક્તિગત આત્માને ભરે છે તે સર્વોપરી આત્માનું (પરમાત્માનું) પ્રગટીકરણ છે.

સ્વપ્ન રહિત ઊંઘ દરમ્યાન વ્યક્તિગત આત્મા, પ્રાણ વાયુ,જે ઉદાન વાયુને ઉન્નત કરે છે. તેના તેજ દ્વારા દોરવાઈ આનંદ ના પ્રદેશમાં (આનંદલોકમાં)પ્રવેશે છે અને રાચે છે. આનંદનો પ્રદેશ એ બ્રહ્મનો પ્રદેશ (બ્રહ્મ લોક) પણ કહેવાય છે. ઊંઘ દરમ્યાન, વ્યક્તિ સર્વોચ્ચ આત્માની,નજદીકતા માણવાની ઉતમ તક સહેલાઈથી પ્રાપ્ત કરે છે. સર્વોચ્ચ આત્મા, જે પંચ મહાભૂત,પાંચ ઇન્દ્રિયો, અને જાગૃતતાના અંદરના સાધનનું (અંત:કરણનું) મૂળ સ્ત્રોત્ર અને મહત્વનો ભાગ છે, પણ આ અનુભવ ફક્ત ક્ષણિક છે, લાંબો ચાલતો નથી.

## અપરિવર્તિત આનંદ એટલે  સર્વોચ્ચ ચેતના

જે વ્યક્તિએ, મનના શુધ્ધિકરણથી અને બુધ્ધિની પારદર્શકતા દ્વારા જાગૃતતા પ્રાપ્ત કરી છે, તેને સર્વોપરી આત્મામાં વિલીનીકરણનો અપરિવર્તિત આનંદ પ્રાપ્ત થશે. ફક્ત તે

વ્યક્તિ જ સર્વજ્ઞ બની શકે, જે સદા અવિનાશી (અક્ષય) ક્ષેત્રમાં રહે અને અવિનાશી પરબ્રહ્મ જે ઉચ્ચ આત્મા છે તેમાં વિલીન થઈ જાય છે. જ્યારે વ્યક્તિ જાગૃત થાય છે કે બધુ તે જ છે, તેના સિવાય કે તેની બહાર બીજું કશું નથી, ત્યારે તે એક બધું બની જાય છે અથવા બ્રહ્મન્ બને છે.

સુષુપ્ત નીંદ્રામાં વ્યક્તિગત જીવ સુસ્ત અજ્ઞાનમાં (તમોગુણમાં) હોય છે. સાક્ષાત્કાર પામેલી વ્યક્તિને સ્વપ્નમાં પણ તેટલોજ આનંદ પ્રાપ્ત થશે, જેટલો જાગૃત અવસ્થામાં ચેતના આપે છે. સાક્ષાત્કાર પામેલી વ્યક્તિ, વળી જાગૃત અવસ્થા દરમ્યાન પણ શરીર-ઇન્દ્રિય-કારણની જટિલતાની અસરથી મુક્ત રહે છે અને પોતાની અસલી વાસ્તવિકતાના આનંદમાં તરબોળ રહે છે. વિશિષ્ટ આત્માઓ વૈશ્વિક ચેતનામાં હિસ્સો ધરાવે છે, અને ફક્ત સર્વોપરી આત્મા (પરમાત્મા), જે સર્વોચ્ચ ચેતના છે તેમાં વિલીન થઈ જાય છે. તેથી આ સૂત્ર, આપણાં માટે એ સત્ય ઉપર ભાર આપે છે. કે ‘અસ્તિત્વ (સત્ )’ જે બધી ઉત્પતિને બનાવે છે અને ‘નિયમ ને આધીન રહે છે’.  તે ફક્ત ઉચ્ચતમ બ્રહ્મન્ (પરબ્રહ્મ), સર્વોચ્ચ ચેતનાનો નિર્દેશ કરે છે, અને નહિ કે તેમાંથી નીકળેલી કોઈ (અસ્તિત્વ ધરાવનારી) વસ્તુ અને તેની ઉપર આધાર રાખનારી વસ્તુ ઉપર.

✳✳✳✳✳✳

## સર્વજ્ઞ બ્રહ્મન્ એ વિશ્વનું કારણ છે

## (શ્રુતત્વાત્ત ચ)

જ્યારથી વેદોએ, સર્વજ્ઞ બ્રહ્મને  વિશ્વનું કારણ જાહેર કર્યું છે, ત્યારથી ઉન્નત ઘટનાનું વર્ણન અને તેને સમજાવવાના પ્રયત્નો શરૂ થયા છે. 'બ્રહ્મન્' એ શબ્દ પ્રયોગ, પોતેજ અર્થ બતાવે છે કે તેની પાસે સંકલ્પ શક્તિ વિગેરે છે. વેદો, જે 'બ્રહ્મન્' વિષે વાત કરે છે, તેને તેઓ સંપૂર્ણ અને ગુણ રહિત કહે છે અને વળી જાહેર કરે છે કે તેનો મૂળ સ્વભાવ સંપૂર્ણ પરોપકાર છે. કારણ વિશ્વના દ્રષ્ટિબિંદુ પ્રમાણેબ્રહ્મન્ એગુણ રહિત છે.

## વિશ્વ એ સર્વોપરી ચેતનાનું પ્રગટીકરણ છે

ઉપનિષદગ્રંથો,જે દર્શન શાસ્ત્રો (શ્રુતિ) અથવા વેદિક શાસ્ત્રો નો એક ભાગ છે,તેઓ સંપૂર્ણ અને સર્વ શક્તિમાન (બ્રહ્મન્ અને ઈશ્વર ) વચ્ચે કોઈ પણ તફાવત નથી બતાવતા. આ બધા વેદિક શાસ્ત્રોમાંથી એમ સમજવાનું છે કે વિશ્વ એ સર્વોપરી ચેતનામાંથી ઉદ્દભવેલું છે તથા તેમાંથી તેનો આવિર્ભાવ થયો છે.

જો વિશ્વને જડ અને ચેતના રહિત ગણવામાં આવે,તો કેટલાક લોકો પૂછશે કે તે આવું અતિશય આકર્ષક કઈ રીતે હોય શકે- તે પ્રતિસાદ આપનારું અને જડ પણ ન હોઈ શકે કારણ કે તો પછી તે હંમેશ ને માટે એક સરખું જ હોવું જોઈએ. ના, આ દ્રષ્ટિબિન્દુ ખોટું છે, ઈશ્વર એ વિશ્વનું નિમિત્ત  કારણ  અને ઉપાદાન કારણ બન્ને છે. તે પોતે જ આ બધું બન્યો છે. તે આંતરિક અને બાહ્ય સત્ય છે અને તેથી તે રોશની છે, જે પ્રકાશ આપે છે અને પ્રગટ કરે છે,જે આકર્ષે છે અને ખુલ્લા પડે છે.

એમ કહેવામા આવે છે,'લોટ, વગેરેનું સાકર સાથે મિશ્રણ કરવામાં આવે છે (પિષ્ટાધિ ગુડ સંપર્કાંત)' પિષ્ટ નો અર્થ લોટ- પછી ગમે તે ચોખા, ઘઉંકે દાળ નો લોટ થાયછે. લોટનું સાકર સાથે મિશ્રણ કરવાથી તે મીઠો લાગે છે(ગુડ સંપર્કાત). જો લોટ એકલો જ હોય તો જીભને આવકાર દાયક નથી; સાકર એને સ્વાદિષ્ટ બનાવે છે. તે જ પ્રમાણે, જયાં પણ વિશ્વમાં મોહકતા,આકર્ષણ અથવા ભવ્યતા દેખાય છે તે બધું વિશ્વનો આત્મા (પરમાત્મા) છે. તે સ્પષ્ટ પુરાવો છે અને બીજું કશું નથી. વેદો અને ઘણી સ્પષ્ટ રીતે બતાવે છે. વેદ ગ્રંથો નિશ્ચય પૂર્વક એમ કહે છે, કે પરમાત્મા જગત ને સર્જે  છે, પ્ંપાળે છે,ઉછેરે છે અને પોષે છે અને અંતે

પોતાનામાં જ વિલીન થવાને લલચાવે છે. પરમાત્મા એકલોજ માણનાર અને એકલોજ રક્ષણ કરનાર અને એકલોજ માલિક છે. વેદો (શ્રુતિ)માં, આ ઘોષણા સમાયેલી છે.

**બ્રહ્મન્ એ મૂળભૂત રીતે અધ્યાત્મિક આનંદ છે.**

વેદો જાહેર કરે છે કે સર્વોત્તમ આનંદ એ બ્રહ્મન્ નો સ્વભાવ છે (આનંદ સ્વરૂપ). આત્મા ઉપર વિસ્તારથી અભ્યાસ કરીને, કોષોમાં આત્મા સચવાયેલો છે એમ તેઓએ ઉલ્લેખ કર્યો છે: અન્નમય કોષ,પ્રાણમય કોષ,મનોમય કોષ, અને વિજ્ઞાનમય કોષ તે પ્રમાણે અનુક્રમે છે. આ ચાર પછીના ક્રમે સૌથી ઊંડાણમાં રહેલો આધ્યાત્મિક આનંદ નો કોષ આવે છે (આનંદમય કોષ). આ બધા બ્રહ્મન્ માં છે તેથી તે નિર્ણય ઉપર આવવું યોગ્ય છે કે બ્રહ્મન્ એ સાધારણ રીતે આધ્યાત્મિક આનંદ છે. દરેક કોષ તેના પહેલાના કોષ કરતાં સૂક્ષ્મ છે. આનંદમય કોષ જે સૌથી સૂક્ષ્મ છે તે પાંચમો છે. તેથી આ બધા ‘બ્રહ્મન્ નું શરીર (ઉપાધી)’ છે તેમ લઈ શકાય.

અન્નમય કોષ અથવા આવરણ, એ બહારનું સ્થૂળ આવરણ છે, જે, પ્રાણમય કોષો જે ઓછો સ્થૂળ છે તેનું રક્ષણ કરે છે. પ્રાણમય કોષ તેનાથી ઓછો સ્થૂળ એવા મનોમય કોષો દ્વારા પોષાય છે, અને દોરવાય છે. પ્રાણમય કોષ જે શરીરના અને ઇંદ્રિયોના સંવેદનશીલ અંગોનું (ભાગોનું ) નિયંત્રણ કરે છે અને ચલાવે છે, તેની ઉપર મનોમય કોષ પ્રભુત્વ ધરાવે છે, તેથી મનોમય કોષ એ પ્રાણમય કોષ કરતાં ઘણો શક્તિશાળી છે. વિજ્ઞાનમય કોષ એ આ કોષ(મનોમય) કરતાં પણ સૂક્ષ્મ છે. તે ક્ષણિક અને સનાતન (અનિત્ય અને નિત્ય) વચ્ચે સદા વિવેક કરવામાં રોકાયેલો છે. આધ્યાત્મિક આનંદના અનુભવની તે ઘણી નજદીક છે. ખરેખર તે (વિજ્ઞાનમય કોષ), તે અનુભવ, જે બ્રહ્મન્ ની પોતાની જાગૃતતા છે. તે ભાવ જગાડવામાં સહાય કરે છે.

રોગોની સામે, શરીરનું રક્ષણ કરવા માટે આપણે જુદી જુદી જાતના કપડા પહેરીએ છીએ જેવા -કે અંદરનાકપડા, તેના ઉપર ખમીસ,પછી કોટ, પછી તેના ઉપર શાલ, જ્યારે હ્યદયને તપાસવાનું હોય ત્યારે શાલ,પછી કોટ,પછી શર્ટ,અને અંતે અંદરના કપડા દૂર કરવા જોઈએ, ત્યાર પછી જ ફક્ત હ્યદય તપાસી શકાય .તેવી જ રીતે સર્વોપરિ આત્મા અથવા બ્રહ્મન્ ની નિકટની જાગૃતિ જે અધ્યાત્મિક આનંદ છે, તેના માટે,વ્યક્તિએ અન્નમય, પ્રાણમય, મનોમય, અને વિજ્ઞાનમય કોષો દૂર કરવા જોઈએ ,જેને જીવન રૂપી સફર તરીકે જાણીએ છીએ તે દ્રવ્યના અથવા અન્નના સ્તરથી માંડીને આનંદથી ભરપૂર અધ્યાત્મિક સ્તર સુધીની

યાત્રા છે, આ અંત છે. આ સૂત્ર આપણને આ સત્ય આપે છે. પરમ આત્મા (પરમાત્મા) ખરેખર તો આનંદ સભર સ્વભાવ છે.

કેટલાક આ નિષ્કર્ષ સાથે સહમત થતા નથી. તેઓ વ્યક્તિગત આત્માને (જીવાત્માને), અધ્યાત્મિક આનંદ તરીકે નહી, પણ બુધ્ધિ (વિજ્ઞાન) ની વિવેક શક્તિ તરીકે માને છે. એટલે કહેવાનું એમ છે, બ્રહ્મન્ એ તેની મૂળભૂત હાલતમાં દેદીપ્યમાન (અતિશય પ્રકાશ) છે, તેને પ્રકાશના કોઈ બાહ્ય ઉદ્ગમસ્થાનની જરૂર નથી. તે પોતાના પ્રકાશમાં જ સ્થિર છે. બીજાઓ જાહેર કરે છે કે સર્વોત્તમ શક્તિ (પરા શક્તિ) જે અસ્તિત્વ ધરાવનાર છે તે જ અધ્યાત્મિક આનંદ છે. તેમ જ તે પરમ આત્મા (પરમાત્મા) એને પર આકાશ તરીકે પણ ઓળખાય છે. જુદા જુદા સ્તરમાં રહેલા લોકોની જુદી જુદી વિચાર સરણી દ્વારા આ સિધ્ધાંતો ઉદ્ભવ્યા છે.

**આત્મા પણ આધ્યાત્મિક આનંદ છે**

બ્રહ્મન્ બધું ચારે બાજુથી ઘેરી લે છે અને દરેક અસ્તિત્વ ધરાવતી વસ્તુની જાગૃતતા એ બ્રહ્મન્ ની પોતાની જાગૃતતા છે. તેમાં તફાવત કરી ન શકાય અથવા તેનું વિભાજન ન કરી શકાય.

આધ્યાત્મિક આનંદમાં બધું સમાઈ જાય છે. બ્રહ્મન્ જે આનંદમય કોષ છે તે વ્યક્તિગત આત્મા (જીવાત્મા) પણ છે. પણ વ્યક્તિ તરીકે દેખાય છે; જે વસ્તુ જે ગુણ ધારણ કરે છે તેને (વસ્તુને) ગુણથી જુદી વિચારી ન શકાય. આત્મા એ આધ્યાત્મિક આનંદ છે પછી ભલે તે પરમ આત્મા (પરમાત્મા) તરીકે વૈશ્વિક હોય અથવા વ્યક્તિગત આત્મા તરીકે જીવાત્મા હોય. આધ્યાત્મિક આનંદ ઓછા કે વધારે તરીકે માપી ન શકાય. આધ્યાત્મિક આનંદથી ભરેલા (આનંદ-મય) એટ્લે આધ્યાત્મિક આનંદ પોતેજ, નહી કે કોઈ વસ્તુ જેની પાસે આનંદ હોય, તેથી વ્યક્તિગત આત્મા આનંદમાં ઓછો નથી કે પરમ આત્મા આનંદમાં વધારે નથી. તેઓ બન્ને આધ્યાત્મિક આનંદમાં સરખા જ છે.

સાધારણ દુન્યવી અર્થમાં પણ,આધ્યાત્મિક આનંદ એ દરેક જીવંત પ્રાણીઓનું લક્ષણ છે. તેને પરિણામે દરેક મનુષ્ય તે આનંદ વ્યક્ત કરવા ઈચ્છે છે અને તેનો વિકાસ કરવા ઈચ્છે છે. આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરવા માટે,જીવંત પ્રાણીઓ ઘણી ઇચ્છાઓનો અને અમુક વર્તુણૂકનો ત્યાગ કરતાં જોવામાં આવ્યા છે. પણ બાહ્ય પદાર્થમાંથી આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરી શકાય છે એ માન્યતા એ ફક્ત અજ્ઞાનની નિશાની છે.

તમારી બહાર બધું, દુ:ખ;

તમારી અંદર રહેલું બધું, સુખ

સર્વમ્ પર વશમ્ દુખમ્;

સર્વ આત્મ વશમ્ સુખમ્.

આ સૂત્ર પ્રમાણે જ્યારે વ્યક્તિ અનુભવે છે કે તેનો આધ્યાત્મિક આનંદ બાહ્ય વસ્તુ ઉપર આધારિત છે, ત્યારે વ્યક્તિ પોતાની જાતથી દૂર જાય છે અને દુ:ખનો ભેટો કરે છે. પદાર્થો, જેની તે કલ્પના કરે છે કે તે તેને સુખી કરી શકશે, તે પદાર્થોની ગુલામી દ્વારા, તે બિનજરૂરી શોક માં ડૂબે છે. વ્યક્તિ ફિકર અને ચિંતા માટેનું નિશાન બને છે. જેવી રીતે તરસ થી પીડાતો માણસ મૃગજળ તરફ દોડે છે પરંતુ અંતે તેને ત્યાં કશું મળતું નથી, અને તેનો દુ:ખદાયક અંત આવે છે, તેવી રીતે વ્યક્તિએ ઘણું સહન કરવું પડે છે . તેથી બાહ્ય પ્રવૃતિઓ દ્વારા આધ્યાત્મિક આનંદ પ્રાપ્ત કરવાના પ્રયત્નો બિલકુલ વખાણવા લાયક નથી. જેઓ અસલી આધ્યાત્મિક આનંદ, જે આત્મા સાથે જોડાયેલો છે, પ્રાપ્ત કરવા ઇચ્છતા હોય, તેમણે તેમના પ્રયત્નો ને અંતરમાં વાળવા જોઈએ.

આ સમયે એક દ્રષ્ટિ બિંદુ છે: જ્યારે એમ કહેવામાં આવે છે કે રામે ભીમને ધનવાન માણસ બનાવ્યો અથવા તેને શિક્ષિત માણસ બનાવ્યો, તેથી શું એમ નથી સમજાતું કે રામ શરૂઆતમાં ભીમ કરતાં વધારે પૈસાદાર અથવા વધુ જ્ઞાન ધરાવતા હોવા જોઈએ? જો રામ ગરીબ હોય અથવા અજ્ઞાની હોય, તો તે કેવી રીતે ભીમને પૈસાવાળો અથવા જ્ઞાનવાળો બનાવી શકે? દેખીતી રીતે, તે શક્ય નથી.

**સર્વોત્તમ આત્મા સત્-ચિત્-આનંદ છે**

બ્રહ્મન્ આનંદ સ્વરૂપ છે- આનંદ પોતે છે. તેથી બધી જીવંત વસ્તુઓને બ્રહ્મન્ માંથી આનંદ મળે છે. તે પોતેજ બધું જ્ઞાન (સર્વજ્ઞ) છે. તેથી તે બધાને જ્ઞાન આપે છે. જગાડે છે અને બધામાં તેનો વિકાસ કરે છે. ઈશ્વર આધ્યાત્મિક આનંદ નો આપનાર અને પુરસ્કર્તા છે. સૂત્રમાં આની પુષ્ટિ કરાઇ છે ‘પરમસુખમય એક એ સર્વોત્તમાં આત્મા છે કારણ આ કથન ફરી ફરી ઘણીવાર કહેવામાં આવેલું છે. (આનંદમયોભ્યાસાત્)’.

વળી વધારામાં, તે અસલી (બ્રહ્મન્) જે

મંત્રમાં વર્ણવાયું છે, તે ગાવાયું છે.

**મંત્ર વર્ણિક્મ્ એવ ચ્**

‘બ્રહ્મન્ એ સત્,ચિત,આનંદ છે (સત્યમ્ જ્ઞાનમઅનન્તમ્ બ્રહ્મ )’આ પવિત્ર સૂત્રમય શબ્દોની નિશ્ચિત રચના (મંત્ર) પણ તે જ બ્રહ્મનો નિર્દેશ કરે છે. જે આધ્યાત્મિક આનંદ છે. બ્રહ્મન્ એ સત્ય છે; બ્રહ્મન્ એ જ્ઞાન છે; બ્રહ્મન્ એ અનંત છે. સત્ય એ આનંદનો સમાનાર્થી છે: તેનો બીજો કોઈ અર્થ થતો નથી.

સત્ય અવિભાજ્ય,અમાપ,આનંદનું સૂચન કરે છે. તે અવકાશની મર્યાદાઓ, સમયના વહેણ અથવા અનુભવોના વિવિધ રંગો વડે અસર પામી શકતું નથી. આધ્યાત્મિક આનંદ પોતે જ સમય, આકાશ  અને વ્યક્તિને પવિત્ર કરશે. આ ત્રણે આધ્યાત્મિક આનંદ દ્વારા શાંત બને છે; આધ્યાત્મિક આનંદનો સમય, આકાશ અથવા વ્યક્તિના સાધન તરીકે અથવા તેની સીમા તરીકે ઉપયોગ ન થઈ શકે. તેથી, ઈશ્વર જે મંત્ર દ્વારા ઓળખાયો છે અને વર્ણવાયો છે. તે આંશિક રીતે મંત્ર દ્વારા જાણી શકાય છે . તે મંત્રની મર્યાદા નથી બાંધતો,મંત્ર કદાચ તેની મર્યાદા બાંધે છે. આધ્યાત્મિક આનંદ એ જોડનાર છે જે બન્નેને જોડે છે.

✳✳✳✳✳✳

## દૈવી 'પ્રકાશ'અને દૈવી 'ચરણો'

## (જ્યોતિષચરણ –અભિધાનત્)

ઉપનિષદોમાં જ્યોતિ શબ્દ ભૌતિક દુનિયાના ભૌતિક પ્રકાશને સંબોધતો નથી. જયારે ચરણ જેને ભૌતિક મર્યાદાઓ અને ગુણો લાગે છે ત્યારે તેનાથી કઈ રીતે આંતર્ભૂત , સર્વવ્યાપી અસ્તિત્વ ધરાવનારનું સૂચન થઈ શકે ? આવી મર્યાદિત કરેલી (વસ્તુને),પ્રશંસા કરવા કે ધ્યાનનો વિષય બની ન શકે. જ્યોતિ શબ્દનો અર્થ એમ સમજાય કે તેને કેટલીક કુદરતી લાક્ષણિકતા છે, તે વૈશ્વિક પૂર્ણતા બ્રહ્મન્ નું સૂચન ન કરી શકે.

### દૈવી પ્રકાશ ચોમેર પ્રકાશે છે

પુરુષ સુક્ત, વિશ્વ વિરાટ પુરુષની પ્રસંશા કરતાં સ્તોત્રમાં જાહેર કરે છે:

સમસ્ત વિશ્વ તેના બધાજ સંયોજીત તત્વો સાથે તે તેના વૈભવનો ચોથો ભાગ છે. 'પાદોસ્ય વિશ્વ ભુતાની'

તેથી તે (વિશ્વ વિરાટ પુરુષ) મર્યાદાઓ, માપો અને પ્રમાણોથી પર છે. જ્યોતિ સ્વર્ગ અને તેની પારને પ્રકાશિત કરે છે અને તે બ્રહ્મન્ ને પ્રગટ કરે છે. તે પોતાના ભભકાથી જીવંત પ્રાણીઓ ની શરૂઆત થઈ તે પહેલાના યુગને અને સૌથી ઊંચા અને સૌથી આઘેના ક્ષેત્રોની પરના સ્થળોને તે જાણીતા કરે છે. જ્યોતિ શબ્દ 'તે' ને સૂચવે છે. સર્વોતમના પણ વરિષ્ઠ ક્ષેત્રમાં તે ઉત્કૃષ્ટ રીતે પ્રકાશે છે.

એની પણ નોંધ કરો કે તે જ જયોતિ દરેક સ્થળે, દરેક સમયે,અને દરેક જીવંતોમાં પ્રકાશે છે તે અસ્તી (સત્,અસ્તિત્વ ) ભાતિ (ચિત,પ્રકાશ ,જ્ઞાન ),અને પ્રિય (આનંદ,હર્ષ,અને શાંતિ )થી બનેલું છે. વિશ્વની દેખાતી બધી વસ્તુઓ ,તે અદ્રશ્યના પાયા ઉપર છે. દરેક વસ્તુ જે ચલિત દેખાય છે તેમનો તે સ્થિર પાયો છે . તેથી તે જ પ્રમાણે દરેક જીવંત પ્રાણી માટે જ નહીં, પણ આખા વિશ્વને પોતાને માટે અદ્રશ્ય બ્રહ્મન્, પરમ સત્ય એ પાયો છે, આ પર બ્રહ્મન્ જે સર્વવ્યાપી છે. તેના કારણે વિશ્વ પ્રકાશે છે. માત્ર આ પ્રકાશને માટે જ્યોતિ શબ્દ યોગ્ય છે, અને તે મર્યાદિત હલકા ભૌતિક પ્રકાશને માટે નહીં, જ્યોતિને આદિ કે અંત નથી,તે પરમ જ્યોતિ, અદ્વૈતજ્યોતિ,અખંડ જ્યોતિ છે.બીજા શબ્દોમાં તે પર બ્રહ્મન્ પોતે છે કારણ આ બધુ તેનામાંથી અને તેના દ્વારા પ્રગટ થાય છે .

### અમર્યાદિત દૈવી પ્રકાશ વિરુધ્ધ દુન્યવી પ્રકાશ

અહી જે જ્યોતિની વાત કરી છે તેનો બીજી કોઈ રીતે અર્થ કરી ન શકાય. ઉપનિષદો બ્રહ્મન્ માટે એમ કહે છે કે તેને 'પગ' છે પરંતુ તેનાથી તેની વિશાળતાને કોઈ પણ રીતે નિયંત્રિત કે ઓછી કરતાં નથી.

'દીવ્ય જ્યોતિ'તેથી 'બ્રહ્મન્' એવો તેનો અર્થ આપે છે. જ્યારે બ્રહ્મન્ ને 'ચાર પગો' અથવા ભાગો છે એમ ખ્યાલ કરીએ છીએ, ત્યારે જે બધુ બ્રહ્મન્ માંથી ઉદ્દભવેલું છે તે તેનો માત્ર એક ભાગ બને છે, ઉપનિષદ એમ ભારપૂર્વક કહે છે કે બીજા ત્રણ 'અમર,સંપૂર્ણ,અપરિવર્તિત''સ્વર્ગમાં (દીવી)' છે.

એક મુદ્દો યાદ રાખવા જેવો છે કે આવા અમર પ્રકાશને આપણે જેની સાથે વ્યવહાર કરીએ છીએ તેવા સામાન્ય પ્રકાશ સાથે સરખાવી ન શકાય. ઉપનિષદની જ્યોતિ પ્રકાશ પાડે છે એમ કહેવાય છે, કઈ રીતે આ પ્રક્રિયાને સામાન્ય દુન્યવી પ્રકાશની અસર સાથે મર્યાદિત કરી બાંધી શકાય ? દૈવી પ્રકાશ બ્રહ્મમાં સમાવિષ્ટ છે; તે બ્રહ્મન્ માં અને બ્રહ્મન્ દ્વારા અસર પાડે છે. બ્રહ્મન્ બધામાં અંતર્ભૂત છે, તેવી દૈવી પ્રકાશ પ્રગટ કરે છે અને બધામાં પ્રકાશે છે.

**દૈવી પ્રકાશ એ સંપૂર્ણ રોશની છે**

બ્રહ્મન્ જે સ્થિર છે, જે નિશ્ચિત છે,જે અચલાયમાન છે, જે સદા સ્થિર દૈવી પ્રકાશ છે, તે સતત આંદોલનનું આવરણ અને સતત ચાલતા વિશ્વનો પાયો અને મૂળ છે. જ્યારે બ્રહ્મન્ પણ આંદોલનની શરૂઆત કરે, બદલાય અને ચલિત થાય ત્યારે પૂર્ણ વિલિનતા અને પ્રલય શરૂ થાય છે. દાખલા તરીકે જ્યારે ટ્રેન ચાલે છે, જે પાટાઓ જેની ઉપર ટ્રેન ચાલે છે, તેઓ પણ તેની સાથે ચાલવા માંડે તો મુસાફરોના ભાવિનું શું થાય ? આપણે જ્યારે ચાલીએ છીએ ત્યારે રસ્તો સ્થિર છે, તેથી આપણે તેના ઉપર સહીસલામત આગળ ચાલી શકીએ છીએ.

પ્રકાશ જે વ્યક્તિગત રીતે પ્રકાશે છે તે દીવામાંની જ્યોત કહેવાય છે; અને રોશની જે બધાને પ્રકાશિત કરે છે અને બધુ ખુલ્લું કરે છે તેને દિવ્ય જ્યોત કહેવામા આવે છે. દેવી પ્રકાશ,અગ્નિ જે શરીરમાં ફેલાયેલો છે, જે શરીરને ગરમ કરે છે, જે જઠરમાં રહે છે, જે આંખમાં કિરણ તરીકે છે તેને પ્રજ્વલિત કરે છે. ચંદ્ર સૂર્ય દ્વારા પ્રકાશિત થાય છે અને તે દ્વારા ઉજળો બને છે. આ બધી પ્રવૃતિઓને બ્રહ્મન્ જે દૈવી પ્રકાશ પોતે છે તે પ્રેરિત અને ઉત્તેજિત કરે છે. દૈવી પ્રકાશ સિદ્ધાંત છે, અને તેના બધા પાસાઓમાં રોશનીની ઘટના છે .

******

## બ્રહ્મન્ એ વિશ્વનો પ્રાણ અથવા વિશ્વનું જીવન

**( પ્રાણસ-તથા- અનુગમાત)**

જીવન ઉપયોગી શ્વાસ અથવા પ્રાણ માત્ર બ્રહ્મન્  ના સંબંધમા છે, તે શબ્દના સામાન્ય અર્થના સંદર્ભમાં નથી. શ્વાસ અથવા પ્રાણ શબ્દ તેના અધિષ્ઠાન દેવતા રુદ્ર વાયુ માટે પણ ઘણીવાર વપરાય છે. પરંતુ તે અર્થ પણ લાગુ પડતો નથી.

**પ્રાણ નો સૂક્ષ્મ અર્થ માત્ર બ્રહ્મન્ જ થાય છે**

**એ**કવાર પ્રતારદન નામનો આધ્યાત્મિક શોધ કરનાર ઇન્દ્ર પાસે ગયો, જે દેવોના રહેઠાણના માલિક છે, અને તેમને પ્રાર્થના કરી કે તેને માટે જે સૌથી લાભકારી છે તેની બક્ષિસ કઈ રીતે મેળવી શકે તેનું સૂચન કરે. ઈન્દ્રએ તેને કહ્યું કે તેને પ્રાણ તરીકે સમજ અને 'પ્રાણ'ની ઉપર ધ્યાન કર.

ઇન્દ્રએ પ્રાણ ની વ્યાખ્યા આપી અને તેની કીર્તિને વિસ્તારથી કહી,'આ મુખ્ય પ્રાણ ચેતના સાથે એકરૂપ છે (સા  એષ પ્રાણ –પ્રજ્ઞાત્મા)'.તે 'આનંદ, અજર,અમૃત છે.' એટલે એમ કહેવાનું કે પ્રાણ એ ખરેખર આનંદ નું મૂર્ત સ્વરૂપ છે. તે ક્ષીણ થતું નથી અથવા ઓછું થતું નથી (અજર); તે અમર છે (અમૃત) તે તેનો ઉપદેશ છે. આ બધા લક્ષણો માત્ર બ્રહ્મન્ ને જ લાગુ પડે છે. સામાન્ય રીતે સમજાય છે તેમ પ્રાણ ને લાગુ પડતાં નથી. પ્રાણ બ્રહ્મન્ ને મનમાં લાવનારું માત્ર પ્રતીક છે, અને તે સિવાયની બીજી કોઈ વસ્તુ નથી.

પ્રતરદનનો પ્રશ્ન સૌથી વધુ લાભકારી અને સૌથી વધુ આવશ્યક વસ્તુ કઈ છે, જેને વ્યક્તિએ જાણીને મેળવવી જોઈએ, તે માટેનો છે. માત્ર બ્રહ્મન્ જ સ્ત્રોત છે,દ્રવ્ય છે અને પોષક છે, તેથી 'પ્રાણ' શબ્દ જે ઇન્દ્રએ વાપર્યો છે, તેનો અર્થ માત્ર બ્રહ્મન્ અને બીજું કશું નહી એવો થાય છે તેશબ્દના સ્થૂળ અર્થ ને રદ કરવો જોઈએ અને સૂક્ષ્મ અર્થને સ્વીકારવો જોઈએ,સામાન્ય રીતે  લોકો સંપતિ,સત્તા અને કીર્તિને અત્યંત આવશ્યક ગણીને તેમને પ્રાપ્ત કરવા શકય એટલા બધા પ્રયત્નો કરે છે. આ  ઝુંબેશમાં વ્યક્તિ અતિ મૂલ્યવાન માનવ ગુણો જેની તેને બક્ષિસ મળી છે તેને વેડફી નાંખે છે,તે ઉપરાંત તેને મળેલા આયુષ્યના વર્ષો પણ વેડફી નાંખે છે અને અજ્ઞાન ના અંધકારમાં ઊંડો ને ઊંડો ઊતરતો જાય છે તેઓ અવગણના કરી તેના સાચા સ્વરૂપની જાગૃતતા ગુમાવી દે છે.

બીજા એક પ્રસંગે ઇન્દ્ર કહે છે,'મને એકલાને જાણો ( મમ એવ વિજાનીહિ),' એટલે એમ કહેવાનું,'મને બરોબર સમજો; મારે માટે પૂર્ણ રીતે જાગૃત થા,' અહી જે ઇન્દ્રનો ઉલ્લેખ કરાયો છે તે કોઈ શરીર અને અંગોવાળો વિશિષ્ટ દેવ નથી. 'પ્રાણ' શબ્દ બોલનાર ઇન્દ્ર પોતા વિષે સૂચન કરે છે. એવા અનુમાન ઉપર આપણે આવી ન શકીએ . વ્યક્તિ એમ દલીલ કરી

શકે કે તત્વ જેના ઉપર ધ્યાન કરવાનું છે તે ક્યાં તો 'પ્રાણ' અથવા ઇન્દ્ર છે, કારણ પ્રાણ ઇન્દ્ર છે. અને ઇન્દ્ર પ્રાણ છે; તે બ્રહ્મન્ ન હોઈ શકે આ અનુમાન સાચું નથી. પ્રાણ નો અર્થ બ્રહ્મન્ અને બીજું કશું નહી. કેટલાક તે કથનનું અર્થ ઘટન 'મને એકલાને જાણો' જાણે કે સાંભળનારને માર્ગદર્શન કરતાં હોય કે 'બ્રહ્મન્ જે મારૂ સાચું સ્વરૂપ, સત્ય,મારો હાર્દ છે. તેને જાણો' –તેથી ઇન્દ્રએ પ્રતારધન ને ઉપદેશ આપતાં જે શબ્દ વાપર્યા છે તે માત્ર બ્રહ્મન્ નું જ સૂચન કરે છે.

**ફક્ત બ્રહ્મન્ ઉપર જ ધ્યાન કરો**

સામાન્ય વહેવારમાં, દુન્યવી પ્રચલિત ભાષામાં પ્રાણ અને ઇન્દ્રને એકબીજા સાથે જોડી દેવામાં આવે છે. આધ્યાત્મિક શોધની શબ્દની યાદીમાં, વિશાળ (ભૂમા), જે બ્રહ્મન્ નું વર્ણન છે, જે 'અમર્યાદિત, વિશ્વથી પણ પર' છે એનો એવો પણ અર્થ થાય છે. ભાષ્યકારોએ આ વ્યક્તવ્યોના ઉપરછલ્લા અને ઊંડા અર્થો શોધી કાઢ્યા છે અને તે એકજ સિધ્ધાંત છે તેમ સૂચવવા પ્રયત્નો દ્વારા સમાધાન ઉપર આવ્યા છે. પ્રાણ અને બ્રહ્મન્ એક સિક્કા ના બે પાસા છે. તેમ તેમણે નક્કી કર્યું છે; તેવો એકબીજા સાથે અભિન્ન ભાવે, છૂટા કરી ન શકાય તે રીતે સંકળાયેલા છે. (અભિન્નભાવ સબંધ). તેથી બ્રહ્મન્ ઉપર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ અને બીજા કશા ઉપર નહીં.

વામદેવના કિસ્સા પ્રમાણે સૂચનાઓ શાસ્ત્રના દ્રષ્ટિ બિન્દુ સાથે સુસંગત છે. (શાસ્ત્ર દ્રીષ્ટયા તું ઉપાધિ ;વામદેવ તું).

**ચાર મહા નિવેદનો**

ઋષિ વામદેવ શાસ્ત્રો ના ઉપદેશ ને વળગી રહ્યા છે,

હું બ્રહ્મન્ છું (અહમ્ બ્રહ્માસ્મિ ):
તું તે છે (તત તવ્મ અસિ);
બ્રહ્મન્ એ સતત એકરૂપ જાગૃતતા છે (પ્રજ્ઞાનમ્ બ્રહ્મ);
આ આત્મા બ્રહ્મન્ છે (અયમ્ આત્મા બ્રહ્મ ).

તેણે સાંભળ્યુ છે અને તેથી તેને બ્રહ્મન્ નો સીધો સાક્ષાત્કાર થયો છે. તેણે 'હું બ્રહ્મ છું'. (અહમ્ બ્રહ્માસ્મિ) તે સત્ય ઉપર ધ્યાન કર્યું. તેથી પણ જ્યારે ઇન્દ્ર સૂચના આપે છે,'મને એકલા ને જાણ' –અસલી મને જાણ – એનો ઉદ્દદેશ બ્રહ્મન્ છે, પ્રાણ નથી થતો. વામદેવમાં જાગૃતતાનો પ્રકાશ પડ્યો તે પહેલા, તે પ્રાણ એ ઇન્દ્ર દેવ નું સૂચન કરે છે એમ બહુ સારી રીતે સમજી શક્યા હોત ,સાક્ષાત્કાર થયા પછી તેમણે જાહેર કર્યું છે કે 'હું મનું હતો' (અહમ્ મનુર્ભાવમ્); હું બધું જ છું (સર્વાત્મા).' તેજ રીતે જયારથી ઇન્દ્ર દેવે સંપૂર્ણ જ્ઞાન પ્રાપ્ત કર્યું ત્યારથી તે જાહેર કરી શકે કે બ્રહ્મન્ એ બધામાં પ્રાણ સમાન છે. આમાં કોઈ વિસંગતિ નથી.

**બધી અસ્તિત્વ ધરાવનાર વસ્તુ ફક્ત બ્રહ્મન્ છે**

ખરેખર, તો બ્રહ્મન્ ને કોઈ પણ અસ્તિત્વ ધરાવનાર વસ્તુ તરીકેનું સૂચન થઇ શકે છે. બધું જ બ્રહ્મન્ છે (સર્વમ્ બ્રહ્મમ્). પરમ સત્ય,પૂર્ણ જ્ઞાન અને વિશાળ અનંતતા બ્રહ્મન્ છે.(સત્યમ્જ્ઞાનમ્અનંતમ બ્રહ્મમ ) અંત;સ્કુરણાના અનુભવોના આ વક્તવ્યો સાથે એકમત થઈએ તો દરેકે દરેક વસ્તુ બ્રહ્મનું પ્રતીક છે એને બ્રહ્મ નો નિર્દેશ કરે છે. બધી જ વસ્તુ બ્રહ્મન્ માંથી ઉત્પન્ન થઈ છે, બધી જ વસ્તુ બ્રહ્મન્ નું પ્રગટીકરણ કરે છે.સોનું દાગીના તરીકે ગમે તેટલા નામ અને સ્વરૂપો ધારણ કરે છતાં તે તેનો મૂળ સ્વભાવ ગુમાવતું નથી. ભૌતિક દુનિયામાં નામો અને સ્વરૂપો અનેકગણા થવાથી, તેમજ ભિન્ન દ્રષ્ટિઓ અને ધ્વનિથી કોઈએ પણ ખોટે માર્ગે દોરવું ન જોઈએ. જયારે વિવિધતા પાછળ રહેલા સત્યને ઓળખી શકાય છે, ત્યારે વ્યક્તિ બ્રહ્મન્ જે મૂળ કારણ, આધાર અથવા ધ્યેય છે તેમ જાગૃત થાય છે. ઇન્દ્ર જે દેવ છે. તેનામાં આમાંનુ કશું જ નથી.

(જન્માધ્યસ્ય યત:) (તે જેમાંથી વિશ્વનો જન્મ થયો છે) –આ સૂત્ર જેનાથી શોધ શરૂ થઈ છે- તે એમ સ્થાપિત કરે છે કે બ્રહ્મન્ એ આખા વિશ્વનું, અવકાશનું અને બધી જ અગત્યની શક્તિઓનું કારણ છે. તેથી પ્રાણ શબ્દ બ્રહ્મન્ ને પોતાનેજ લાગુ પડે છે.

******

બ્રહ્મન્ એ સર્વ સામાન્ય ઉપદેશ છે

**(સર્વત્ર પ્રસિધ્ધો પદેશાત્)**

વેદાંત શાસ્ત્રોમાં અથવા ઉપનિષદોમાં કરેલા બધા કથનોમાં 'બ્રહ્મન્' એ એક જ એવું કથન છે જે પરિચિત અને સહેલાઈથી ઓળખી શકાય તેવું છે અને જેનો ઉલ્લેખ (વેદાંતમાં) વિગતવાર કરેલો છે, માર્ગદર્શન પ્રમાણે 'વ્યક્તિ એ શાંત બનીને ધ્યાન કરવું જોઈએ'. અહિયાં ધ્યાનનો વિષય તેથી 'આ બધું ખરેખર બ્રહ્મન્ છે' દ્વારા સૂચવાતી અસ્તિત્વ ધરાવનાર વસ્તુ છે અને વ્યક્તિગત હું નથી, ટીકાકારો પણ આ ખુલાસાને સમર્થન આપે છે.

'આ બધું બેશક બ્રહ્મન્ છે (સર્વમ્ ખલ્વિદમ બ્રહ્મ)' એ સૂત્ર છે, જેની સાથે ઉપનિષદનો ઉપદેશ ધ્યાન કરવું તે શરૂ થાય છે. વેદોનું પ્રગટીકરણ એ છે કે વિશ્વ અથવા સર્જન એ બ્રહ્મ છે,કારણ કે તે (વિશ્વ) બ્રહ્મમાંથી ઉદ્દભવે છે, બ્રહ્મ દ્વારા પોષાય છે અને બ્રહ્મમાં વિલીન થઈ જાય છે. એ (વિશ્વ) બ્રહ્મથી જુદું કે અલગ પડી શકાય તેમ નથી.

**અદ્વૈત દ્રષ્ટિ બ્રહ્મન્ ની જાણકારી આપે છે**

ગમો અને અણગમો, પ્રેમ અને ધિકકારની,જોડિયા વિકૃતિને દૂર કરીને જો જોવામાં આવે તો બધા રૂપો,બધી અસરો,બધા કારણો,ફક્ત બ્રહ્મ તરીકે જ અનુભવાય છે. પણ જ્યારે દ્રષ્ટિ ઉપર પ્રેમ અથવા ધિક્કારની અસર થાય છે, ત્યારે દરેક આકાર,દરેક અસર અને દરેક કારણ બીજા બધા થી જુદા લાગે છે. તેથી શાંતતા મેળવ્યા પછી ધ્યાન કરવાની સલાહ આપી છે. જ્યારે ભાવનાઓ શાંત અને સંતુલિત હોય, ત્યારે વિવિધોને એક તરીકે અનુભવાય છે; ક્ષુબ્ધ મન એકતા કદાપિ ન જોઈ શકે. તે વિરુધ્ધ દિશામાં ચાલે છે. તેથી તે જગત,પ્રકૃતિ અને વિશ્વને બ્રહ્મન્ થી જુદા છે એવો અનુભવ કરે છે, આ જાતની દ્રષ્ટિ વિભાગ સર્જે છે  શાંત દ્રષ્ટિ એકતાને પ્રગટ કરે છે . જેવી દ્રષ્ટિ તેવી સૃષ્ટિ (છાપ),એ દુનિયાનું દ્રષ્ટિ બિન્દુ છે.

પરિવારનો મુખ્ય માણસ ફક્ત એક હોય, પણ પરિવારનો દરેક સભ્ય તેને જુદા દ્રષ્ટિ બિન્દુ થી જુએ છે, તેથી તે પુત્ર દ્વારા 'પિતા' તરીકે,પત્ની દ્વારા 'પતિ' તરીકે વહુ દ્વારા 'સસરા' તરીકે, પૌત્ર દ્વારા'દાદા' તરીકે અને તેના નાના ભાઈ દ્વારા 'મોટા ભાઈ' તરીકે, જુદું જુદી રીતે સંબોધાય છે. એક જ વ્યક્તિ ઘણાં રૂપોમાં વિચારાય છે, કારણ કે સબંધોની વિવિધતા તેણે ધારણ કરી છે.

તેથી સાધકો અને ચિંતકો, જેઓ જાગૃતતા અને પ્રાપ્તિના જુદા જુદા સ્તર પર હોય છે, તેઓ એકને અનેક રૂપમાં, અનેક રીતમાં વ્યક્ત કરે છે અને અનુભવે છે. પૂજ્યભાવ અને તેના તરફ જોવાની માનોવૃતિને કારણે તે એક બ્રહ્મન્ ના અનુભવમાં ભેદભાવ (વિવિધતા) પેદા કરે છે. કેટલાક લોકો વ્યક્તિગત આત્માને (જીવીને) સિધ્ધાંત તરીકે માની લે છે, કેટલાક

લોકો ક્રિયાશીલ, સર્વજ્ઞ, સર્વશક્તિમાન ઈશ્વરને પૂજે છે,કેટલાક સર્વવ્યાપી શક્તિને મૂર્ત સ્વરૂપ આપે છે, બીજા વૈશ્વિક પુરુષને તેમના ધ્યેય તરીકે માને છે. પરંતુ વ્યક્તિગત અથવા દેહધારી આત્મા, સર્વજ્ઞતા અને સર્વશક્તિમાનનો દાવો ન કરી શકે. જ્યાં સુધી તે પોતે પોતા દ્વારા લદાયેલા અજ્ઞાન અને અહંકારથી બંધાયેલા છે, ત્યાં સુધી તે સર્વવ્યાપી, સર્વગ્રાહી બ્રહ્મન્ ને ન જાણી શકે તેમ જ ન અનુભવી શકે છે.

ૐ શ્રી સાઈ રામ

******